શ્રી જૈન ધર્મો જયતી.

(જૈન ધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો)

# જૈન ધર્મની સત્યતા

સર્વે ભવ્ય જીવોના ઉપકારાર્થે
મુનિ મહારાજાઓના અનુગ્રહથી
છપાવી પ્રસિદ્ધ કરનાર
ધી જૈન ફ્રેન્ડલી સોસાઇટી.

મુંબઇ
શ્રીમનલાલ સાંકળચંદ મારફતીયાએ
શાન્તિ સુધાકર પ્રેસમાં છાપી.

સંવત ૧૯૫૮ વીરાત્ ૨૪૨૭

કીંમત એક આનો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

હિંદુસ્તાનમાં કેટલાંક વર્ષથી ખ્રીસ્તી ધર્મે દેખાવ દીધો છે. એ ધર્મપાલક રાજા અને રાજ્યકર્ત્તી પ્રજા હોવાથી તે આ દેશમાં ટુંક મુદતમાં પણ કેટલેક અંશે પ્રચાર પામ્યો છે. જોકે એ ધર્મના ઉપદેશકો આખા ભારતવર્ષમાં ઠામઠામ ફરી હીંદ પ્રજાને, તેનો બોધ આપવા મથન કરે છે, તથાપિ તે ફક્ત અભણ, આર્યાવર્તના સત્ય ધર્મને બીલકુલ નહી પીછાનનાર, હલકી વર્ણના થોડા લોકોનેજ હરેક યુક્તિ પ્રયુક્તિથી સમજાવી તે ધર્મ તરફ દોરવવા સમર્થ થયા છે. કવચીત કોઇ નામના ભણેલ સત્ય ધર્મનું ખરૂં સ્વરૂપ સમજ્યા વિનાના કોઇ મત ભેદથી કે કોઇ લાલચે કે કોઇરીતે મનાવા પૂજાવાની આકાંક્ષાયે, અગર હરકોઇ પણ પોતાના મનમાનતા પ્રયોજને એ ધર્મ અંગીકાર કરી બેઠા હશે તેની પણ ના કહેવાય નહીં. વળી કેટલાક ઉપદેશકો પોતાનો કક્કો ખરો કરી બતાવવા આડકતરી રીતે હીંદુ ધર્મને વગોવવામાં કસર નહી રાખતા કહેવાય છે. થોડા વર્ષ ઉપર એક ગામડાના રહીશ સખ્સે જૈન દીક્ષા અંગીકાર કરતાં જૈતમુની નામ ધારણ કરી કેટલાક જૈન પુસ્તકોનો ઉપલક ઉપલક અભ્યાસ કરી તેનું સત્ય સ્વરૂપ, રહસ્ય, અને ખરાં મૂળતત્વો, સ્યાદ્વાદ જૈનશૈલી સમજ્યા વિના સંયમનો ભંગ કરી હાલ થોડો સમય થયાં તે ખ્રીસ્તી ધર્મમાં પેઠા છે. તેમણે વળી "શેઠની પાઘડી ગુમાસ્તાએ પાડી" એ કહેવત મુજબ ખ્રીસ્તી ધર્મની (બના-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વઠી ) સત્યતા જણાવવાને "જૈનધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો" એ નામનું પુસ્તક રચી પ્રસિદ્ધ કર્યું છે, જેમાં કેવળ જૈન ધર્મની ખોટી રીતે નીંદા કરી છે. સત્ય યુક્તિઓને ખોટી કરવાને કુયુક્તિઓ કરવામાં કસર રાખી નથી. જૈનધર્મથી અને તેનાં તત્વોથી અજાણ એવાં કુયુક્તિ ભરેલાં નીંદારૂપ પુસ્તકથી સર્વજ્ઞ પ્રણિત સત્ય જૈનધર્મથી કોઇપણ પ્રાણી પરાઙ્મુખ થનાર તો નથીજ, તેમ તેની કદાપિ સત્યતા માનનાર નથીજ; તોપણ આ જગતમાં જન્મ લઇ ખરા સત્ય ધર્મની ખોટી પણ થતી નીંદા તરફ દુર્લક્ષ્ય દાખવવું એ મનુષ્ય માત્રને યોગ્ય નથી; તેથી તે પુસ્તકમાં બતાવેલી બાબતોનું ખોટાપણું બતાવવાને (ખંડન કરવાને) અને જૈનધર્મની સત્યતા દેખાડવાને **" જૈન ધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો તેમાં જૈન ધર્મની સત્યતા "** એ નામનું પુસ્તક યથામતિ રચી શ્રી સંઘને અર્પણ કરૂં છું.

આ પુસ્તકમાં ખ્રીસ્તી ધર્મની અસત્યતા, જગત કર્તા ઈશ્વર સાબીત થતો નથી, મુર્તી માનવી તે સત્ય છે, પીતા, પુત્ર અને પવિત્ર આત્મા એને ત્રીએક દેવ માનવામાં ઘણો વિરોધ આવે છે. ત્રીએક દેવ અનાદિથી સિદ્ધ થતો નથી, અને જૈન ધર્મમાં જે જે ભૂલો બતાવી છે તેનું યથામતિ યુક્તિએ કરી સમાધાન આપ્યું છે.

આ પુસ્તક અમોએ કોઇપણ પ્રકારે ખ્રીસ્તી મિત્રોનું દીલ દુઃખાવવા રચ્યું નથી, પરંતુ સત્ય ધર્મ સમજાવી અસત્ય ધર્મનો ત્યાગ કરાવવો એ મિત્રનું લક્ષણ છે. એ યથાન્યાયે કરી આ પુસ્તક રચવામાં આવ્યું છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી સંઘના સમસ્ત વિદ્વાન પુરૂષો પ્રત્યે સવિનય વિનંતી કરવાની કે, આ પુસ્તક કાંઇ વિદ્વત્તા બતાવવાને બનાવ્યું નથી પણ शुभे यथाशक्ति यतनीयम् એ વાકયને અનુસરી બનાવ્યું છે માટે આ પુસ્તકમાં કોઇપણ સ્થળે ફારફેર સમજાય તો પંડિતોને પુછીને નિર્ણય કરવો.

આ પુસ્તક સુદૃષ્ટીથી વાંચી મનન કરી સત્ય ધર્મનું ખરૂં સ્વરૂપ સમજી અસત્ય ધર્મનો ત્યાગ કરી પોતાના આત્માનું કલ્યાણ કરવાની સાથે પરને સદ્બોધ કરી સન્માર્ગે પ્રવર્ત્તાવવા પ્રતિબોધ આપવા અમારી સર્વે ભાઇઓને ભલામણ છે. દુધમાંથી પોરા કહાડવાની પેઠે ખોટાં દુષણો દાખવવાં એ પંડિત પુરૂષો ખલનાં લક્ષણ બતાવે છે, માટે તેમ કરવું એ સર્વથા અનુચિત છે,

જૈન ધર્મ અનાદિ અનંત છે તે આ પુસ્તક પરથી જણાશે એટલીજ પ્રસ્તાવના કરી પરમ ગુરૂ, પરમ પૂજ્ય, મુની મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી મોહનલાલજી મહારાજ તથા શ્રી સુખસાગરજી મહારાજનો અત્રે ઉપકાર માનું છું. इत्यलंविस्तरेण.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જૈનધર્મ અને ખ્રીસ્તીધર્મનો મુકાબલો

તેમાં

# જૈનધર્મની સત્યતા.

### જૈની અને ખ્રીસ્તીના પ્રશ્નોત્તર.

**જૈની**—ઓ મારા પ્રિય મિત્રો! આકાશમાં સૂર્ય તો દીઠો હશે!

**ખ્રીસ્તી**–હા ભાઇ, પણ તે શાથી રહ્યો હશે?

**જૈની**—તે પોતાના સ્વભાવથી રહ્યો છે. આ પ્રત્યક્ષ જે દેખાય છે તે તો સૂર્યનું વિમાન દેખાય છે. સૂર્ય તો વિમાનમાં છે. વિમાનના પ્રકાશથી જગતમાં પ્રકાશ થાય છે.

**ખ્રીસ્તી**–ઠીક, તમો કહો છો તે શાથી ખરૂં માનીએ કે પોતાના સ્વભાવથી સૂર્ય આકાશમાં રહ્યો છે?

**જૈની**—જેને સંપૂર્ણ જગતનું જ્ઞાન છે, જે ત્રણ લોકના ભાવ પ્રકાશક છે, સર્વ પ્રાણીમાત્રના મનના વિચાર જાણનાર છે, એવા તીર્થંકર ભગવાનના કહેવાથી સત્ય જાણીએ છીએ.

**ખ્રીસ્તી**-તીર્થંકર એટલે શું અને તે કોણ? તેનું કહેલું તમે કહો છો તેનું પ્રમાણ શું?

**જૈની**—જેને રાગ દ્વેષાદિ નથી અને જે સમભાવે વર્ત્તે છે તથા પોતે કર્મનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટાવે છે અને અષ્ટ મહાપ્રતિહાર્યના જે સ્વામી છે તે તીર્થંકર કહેવાય છે. તે ચતુર્વિધ (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ) સંઘની સ્થાપના કરે છે. તેમણે પ્રરૂપેલા સિદ્ધાંત–આગમ અને તેમના શિષ્યો ગણધર અને ગણધરથી ચાલતો આવતો આચાર્યનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંપ્રદાય તેના ઉપદેશી અમે સત્ય જાણીએ છીએ કે સર્વ પદાર્થ માત્રનું જ્ઞાન તીર્થંકરને છે.

**ખ્રીસ્તી**-તીર્થંકર કેટલા હોય છે?

**જૈની**—છ આરામાં ચોવીસ તીર્થંકર હોય છે.

**ખ્રીસ્તી**-આરા કેટલા હોય છે.

**જૈની**—બાર. ઉત્સર્પિણીના છ અને અવસર્પિણીના છ.

**ખ્રીસ્તી**-આ જગત પ્રભુ ઇસુએ બનાવ્યું તે અમો સત્ય જાણીએ છીએ.

**જૈની**—આ જગત પ્રભુએ બનાવ્યું નથી. પ્રભુએ જગત બનાવ્યું તે કયા પુસ્તકમાં છે તેનું પ્રમાણ બતાવો?

**ખ્રીસ્તી**-પ્રભુના પવિત્ર પુસ્તક બાઇબલમાં લખ્યું છે.

**જૈની**—શું લખ્યું છે? કેવી રીતે? તે કહો.

**ખ્રીસ્તી**-પરમેશ્વરે પોતાના શબ્દવડે કરીને આકાશ અને પૃથ્વી નિર્માણ કીધાં અને આખી પૃથ્વી ધીમે ધીમે ઉત્પન્ન થાય તેવી તેની મરજી હતી. તેણે તો પહેલાંથી બધી વસ્તુઓની સંખ્યા તથા આકાર નિર્માણ કર્યા હતા.

**જૈની**—શબ્દ કયાંથી ઉત્પન્ન થાય છે?

**ખ્રીસ્તી**-મુખમાંથી શબ્દ થાય છે, તે શું તમે સમજતા નથી?

**જૈની**—હા ભાઇ, સમજુ તો છું, પણ મારૂં પુછવાનું એ છે કે, પ્રભુને મુખ હતું ને મુખવાળાને તો આંખ, કાન, નાક વિગેરે બીજી ઈંદ્રીઓ હોય છે ત્યારે શરીર પણ તેને ખરૂં કે નહીં? તેવા વિચારમાં હું પડયો છું.

**ખ્રીસ્તી**-અરે વાહ! શરીર વિના મુખ તે હોય! માટે શરીર પણ તેને ખરૂં.

**જૈની**—જેને શરીર હોય તેને આકારવાન કહેવાય કે નહીં?

**ખ્રીસ્તી**-બેશક, આકારવાન કહેવાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈની—ત્યારે તમારા આ પ્રમાણુ મુજબ જગત કર્ત્તા પ્રભુ આકારવંત થયો.

ખ્રીસ્તી-હા. આકારવંત માનવો તેમાં શું વિરોધ છે?

જૈની—તમારા સવાલ જવાબની પહેલી પોથીમાં પાનું ૨૭ પ્રશ્ન ૫૭ માં તમો દેવનું વર્ણન કરો છો તેમાં તમોએ કહ્યું છે કે, "દેવ નિરાકાર આત્મા છે." તે તમારા પુસ્તક પ્રમાણે નિરાકાર અને તમો જે મોહોડે સાકાર કહો છો તે ખુલ્લો વિરોધ છે. આ વિચારવા જેવી વાત છે.

ખ્રીસ્તી-ઠ્યો ભાઇ રહ્યું ત્યારે, હવે દેવને નિરાકાર માનીશું. પછી તો કાંઇ વિરોધ નથી આવતો ને!

જૈની—તમારા પવિત્ર લેખની વાર્ત્તા ઉપરથી કરેલા સુવૃત્તાંતો ભાગ ૧ લો પત્ર ૭૭ અધ્યાય ૨૭ માં લખ્યું છે કે:-
"મુસો સીના પર્વત ઉપર ચડયો ત્યારે પ્રભુએ કહ્યું કે, ત્રીજા દહાડા લગી લોકને તૈયાર કર, કેમકે તે દહાડે પ્રભુ સીના પર્વત ઉપરથી સર્વ લોકના દેખતાં ઉતરશે. જે કોઇ પર્વતને અડકશે તેને પ્રભુ મારી નાંખશે. ત્રીજે દીવસે રણસીંગડાનો મોટો અવાજ થયો, મુસો પર્વત ઉપર પ્રભુ સાથે હતો ત્યારે પ્રભુએ કહ્યું કે, હે મુસા, હું તારો દેવ છું, મારા શિવાય બીજા દેવોને ન માનવા, મારે માટે ઘડેલી મુર્ત્તિ તું ના કર, તું હત્યા ના કર, વ્યભિચાર ના કર, મુસો ચાલીસ રાત દીવસ ત્યાં રહ્યો અને પ્રભુ સાથે વાતો કરતો હતો." આ વાત ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પ્રભુ સાકાર હતા, કેમકે જો તેમ ન હોય તો મુસાની સાથે વાતચીત શી રીતે કરે! માટે દેવ નિરાકાર નહીં પણ સાકાર હતા એમ આથી સિદ્ધ થતાં દેવ "નિરાકાર" માનવામાં વિરોધ આવે છે.

ખ્રી૦—એવા અનુમાન કરવા ઉપરથી તો એમ સ્પષ્ટ કેમ માનીએ! પરંતુ દેવ સાકાર છે એવું પ્રમાણુ અમારા બીજા કોઇ ગ્રંથમાંથી બતાવી શકો છો?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જૈની**—હા. જુઓ પુરાતન સ્થાપનાનું તમારૂં પુસ્તક ધર્મ-યાનો ભવિષ્યવાદ પાતું ૯૬૭. તેમાં કહ્યું છે કે "પ્રભુએ પોતાનો હાથ કહાડી મારા ઉપર મુકયો. વળી જુઓ હજકીઆલ ભવિ-ષ્યવાદીનું પુસ્તક પાતું ૧૦૭૫ માં એમ લખ્યું છે કે" વંટો-ળીયાનો વાયુ ઉપરથી આવ્યો, તેની વચમાં અગ્નિ તેમાં કાચમણીના જેવું તેજ છે. તેઓની વચમાંથી ચાર પ્રાણીઓની પ્રતિમા, તે દરેક પ્રતિમાના ચાર મુખ, અને ચાર પાંખ, પ્રભુના ગૌરવની પ્રતિમાનો આભાસ એજ ને મેં જોયો, અને હું ઊંધો પડયો. જે મેં બોલનારનો શબ્દ સાંભળ્યો. એ વિગેરે સાકાર-પણું દેખવામાં બીજાં દૃષ્ટાંતો છે, અને નિરાકાર માનો છો એ મોટા વિરોધની વાત છે.

**ખ્રીસ્તી**-તમોને અમોએ કહ્યું એમાં શો વિરોધ આવે છે?

**જૈની**—અમોને તો કાંઇપણ વિરોધ તથા હરકત આવતી નથી, પણ તમારા એક ગ્રંથમાં "નિરાકાર" અને બીજા ગ્રંથમાં "સાકાર" માનો છો. ત્યારે તમારાં બે પુસ્તકમાંથી પવિત્ર કયું પુસ્તક સાચું માનવું અને કયું ખોટું માનવું, એ વિચારવા જેવું છે.

**ખ્રી૦**-પ્રભુતો નિરાકાર છે, પણ તેની ઘણી ભક્તિ કરે છે તેને દેખાવ આપે છે.

**જૈની**—અરે! આ મારા મિત્રો, આ તમે શું બોલો છો! તમને બોલતાં જરાપણ વિચાર પડતો નથી, કે જેને આકાર ન હોય તે શીરીતે દેખાય? અને દેખાય તે નિરાકાર કેમ કહેવાય? માટે તમારા અભિપ્રાય ઉપર વિચાર કરતાંજ નિરાકાર તો કહેવાશે નહીં. વારૂ એતો સમજ્યા. હવે તમારા માનેલા પ્રભુએ કેટલા દીવસમાં જગત બનાવ્યું તે જણાવવા કૃપા કરશો?

**ખ્રી૦**-હા. આ વિષે તો અમો ખુલ્લો ખુલાસો જણા-વીએ છીએ કે, દીવસ પહેલો-પરમેશ્વરે કહ્યું કે, અજવાળું થા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે અજવાળું થયું પછી અજવાળાને અંધકારથી જુદું કર્યું એટલે રાત દીવસ થયો. બીજો દીવસ-પ્રભુએ આકાશ બનાવ્યું. ત્રીજોદીવસ-પાણીથી પૃથ્વી જુદી કરી તેમાં વનસ્પતિ તથા ઝાડોને ફળ આપનાર કીધાં. ચોથો દીવસ-દીવસ અને વર્ષને અર્થે જ્યોતિ કરી તારાઓને પણ બનાવ્યા. પાંચમો દીવસ-પક્ષીઓ અને જળચરોને બનાવ્યા. છઠો દીવસ-ચાલતા પ્રાણીઓ તથા ઢોરોને બનાવ્યા. પછી પરમેશ્વરે કહ્યું કે આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ કે જે સર્વ પશુ પક્ષીઓ ઉપર અધીકાર ચલાવે એમ ધારીને આદમ નામે પુરૂષ અને હવા નામની સ્ત્રી બનાવી. એ રીતે છ દીવસમાં ઉપર મુજબ જગત પ્રભુએ બનાવ્યું.

**જૈની**—દિવસ પહેલો (અને) પરમેશ્વરે કહ્યું એ પદ (શબ્દો) ઉપરથી ખુલ્લું સમજાય છે કે, પરમેશ્વરે કહ્યું ત્યારે તે સાંભળનાર બીજું કોઇ પણ હોવું જોઇએ, અને તે સાંભળનાર પણ કાનવાળો હોવો જોઇએ. કેમકે કાન વિના સાંભળવું સંભવતું નથી તેથી તે પુરૂષરૂપ હોવો જોઇએ. જો તમે દીવસને કહ્યું કે દીવસ થા, તો એમ પણ કહેવાશે નહીં, કેમકે તેમ કહેશો તો દીવસ પહેલાં સિદ્ધ ઠર્યો. ત્યારે તો દીવસ બનાવ્યો કહેવાય નહીં તેમજ દીવસને કાન પણ નથી, માટે પ્રભુએ કોને કહ્યું તે સમજાતું નથી. વળી જો તમે એમ કહેશો કે, પ્રભુએ પોતાના પ્રત્યે એવો શબ્દ કર્યો તો તે બીજા પ્રત્યે લાગુ પડશે નહીં એ વિરોધ આવે છે. વળી જુઓ! દીવસ તો સૂર્યના પ્રકાશથી થાય છે માટે દિવસ પહેલાં સૂર્ય હોવો જોઇએ તો તેમ પણ નથી, કેમકે ઉપર બતાવ્યા મુજબ ચોથે દીવસે જ્યોતી કરી એટલે સૂર્યાદિ બનાવ્યા અને દીવસ તો પહેલે દીવસે બનાવ્યો બતાવ્યો છે, માટે એ પણ સંભવતું નથી. બીજે દીવસે આકાશ બનાવ્યું કહ્યું. તે ઉપર વિચાર કરતાં પ્રશ્ન ઉઠે છે કે, આકાશ એટલે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાલી જગા. તો પહેલે દીવસે આકાશ નહીં હતું અર્થાત્ ખાલી જગા ન હતી તો દીવસ કયે ઠેકાણે રહ્યો. માટે આકાશ પહેલાં દીવસ સંભવતો નથી. કેમકે यत्र यत्र प्रकाशः तत्र तत्र आकाशः એટલે જ્યાં જ્યાં પ્રકાશ છે ત્યાં ત્યાં આકાશ છે. વળી ઇશ્વરે છઠે દીવસે પુરૂષ અને સ્ત્રી બનાવી તે પણ હરેક રીતે વિચાર કરતાં સંભવતું નથી માટે તે પણ ખોટું છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ વિગેરે પદાર્થો બનાવવાનું પ્રભુને કંઇપણ પ્રયોજન હોતું-સંભવતુ-જણાતું નથી, અને છે પણ નહીં. માટે ઇશ્વરે જગત બનાવ્યું એમ જે તમારૂં કહેવું છે તે ખોટું અને મનોકલ્પિત છે.

ખ્રી૦–મનોકલ્પિત કેમ કહેવાય, વિચાર તો કરો. જુઓને ! આવડું મોટું આ જે જગત દેખાય છે, પ્રત્યક્ષ છે, માટે તેનો બનાવનાર અવશ્ય મહાશકિતવાન કોઇપણ હોવો જોઇએ. તે ઉપરથી પણ સમજાય છે કે આ જગત પ્રભુએ બનાવ્યું છે.

જૈની—વાહ વાહ, જ્ઞાનશકિતવડે જરા ઊંડો વિચાર તો કરો, કે મંદ માણસ પણ પ્રયોજન વિના કંઇ કામ કરતો નથી તો ઇશ્વર જેને કહેવામાં આવે તેને શું પ્રયોજન હતું કે આ જગત બનાવે અને જાળ ગુંથે ? શું જગત બનાવ્યા પહેલાં ઇશ્વરને ગમતું નહોતું અથવા પોતાને એવી જાળ ગુંથવાની ઇચ્છા ઉત્પન્ન થઇ, કે શું ?

ખ્રી૦—હા, પોતાની ઈચ્છાથી શબ્દવડે ઇશ્વરે જગત ઉત્પન્ન કરયું.

જની—ઠીક ભાઇ, તેને શી ઈચ્છા હતી ? વળી તેણે શબ્દ વડે જગત બનાવ્યું. કહેવામાં આવે છે તો હાથવડે બનાવ્યું, એમ કેમ નહી કહેવાય ? શરીરના અવયવોનો ઉપયોગ કર્યા વિના કોઇપણ પદાર્થ બની શકવો સંભવતો નથી એ તમો કયાં સમજતા નથી કે અમારે તેનું વધારે વિવેચન કરી સમજાવવું પડે તેમ છે. લખવામાં હાથ, ચાલવામાં પગ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળવામાં કાન, સુંઘવામાં નાક અને જોવામાં આંખ, એમ શરીરના સર્વ અવયવોવડેજ સર્વ કાંઇ બની શકે છે, શિવાય બનતું નથી. યથાન્યાયે ઉપર મુજબ હાથવડે બનાવ્યાનું કેમ ન સંભવે? વળી તે ઇચ્છા પણ જેટલી મનુષ્યની હોય તેટલી બની શકે છે કે કેમ? પુરૂષ સ્ત્રીના સંગમ વિના સંતતીને બનાવી શકતો નથી. વળી કહેશો કે તેની શબ્દવડે બનાવવાની શક્તિ હતી તેથી બનાવ્યું, તો તે પણ ખોટું છે. તેવું પણ બનવું અશક્ય છે. વળી કારણે કાર્ય નિપજે એ સિદ્ધાંત છે છતાં તેમણે કારણ વિના જગત કેમ બનાવ્યું. રાગ દ્વેષાદિ દૂર થયા હોય તેને પ્રભુ કહેવાય એ કોઇથી ના પડાય તેમ નથી, તો વિચારો, કે જે પ્રભુને ઇચ્છા થઇ, જગત બનાવ્યું, તેપર સત્તા ચલાવી, તેથી તે રાગી થયો એમ સ્પષ્ટ થયું. જેથી કરીને તેને પ્રભુ કેવી રીતે મનાય, નજ મનાય. વળી જગત બનાવ્યા પહેલાં તેની ઈચ્છા હોય એમ સંભવતું નથી, જો ઈચ્છા હોત તો તે વખતે બનાવત. વળી તમો કહો છો કે દુનીઆ જે બની તેને છ હજાર વર્ષનો આશરો થયો, ને પ્રભુ તો અનાદિનો છે. આ ઉપરથી જણાય છે કે છ હજાર વર્ષ પહેલાં પ્રભુને ઈચ્છા સંભવતી નથી અને તે પહેલાં જગત પણ નહોતું; ત્યારે તે પ્રભુ કયા કયા કામ કરતો તે પણ જણાતાં નથી. તેમજ વળી જે શક્તિવંત હોય તે તો ક્ષણ વારમાંજ ઈચ્છાનુસાર કાર્ય કરે, તેમ પણ તમારા પ્રભુની ઈચ્છા થઈ તથાપિ તેને જગત બનાવતાં છ દીવસ થયા. વળી તે પ્રભુએ બધી વસ્તુના આકાર પહેલાંથી નક્કી કરયા કહેવામાં આવે છે, તો અમો પુછીએ છીએ જે, પ્રભુએ આકાર તૈયાર કરી કયે ઠેકાણે રાખ્યા. કદાચ તમો કહેશો કે પ્રભુએ તે પોતાની પાસે રાખ્યા, તો પછી પહેલાંથી વસ્તુઓ સિદ્ધ ઠરી તો ઇશ્વરે જગત બનાવ્યું એ ખોટું ઠરે છે.

**ખ્રીઃ**—પ્રભુએ પોતાના દીકરા ઇસુને જગતપર લોકોને પોતાનો મહિમા બતાવવા મોકલ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જૈની**—શું ઈસુજ પ્રભુનો દીકરો અને બીજા' માણસો નહી ?

**ખ્રીo**—ના તેમ તો નહી. બીજા' માણસો પણ પરમેશ્વરના દીકરા તો ખરા.

**જની**—ત્યારે સર્વે મનુષ્યોની માફક ઇસુ પરમેશ્વરના દીકરા ઠર્યા. એકલા ઇસુજ પરમેશ્વરના દીકરા છે એમ કહેવાશે નહી.

**ખ્રીo**—ના, તેમ નહી, ફેર ખરો.

**જૈની**—શો ફેર ? તમારા મત પ્રમાણેજ જગતમાં પેદા થયેલા સર્વ મનુષ્યો પરમેશ્વરના દીકરા કહેવાય તેમ ઇસુ પણ કહેવાય. અમોને તો કોઈ રીતે ફેર માલમ પડતો નથી. કારણ કે જે સ્ત્રીના ઉદરથી જે પુત્ર પેદા થાય તે સ્ત્રીનો સ્વામી અર્થાત્ તે પુત્રનો બાપ થાય તે અને ઉપર મુજબ સર્વ મનુષ્યનો બાપ જગત ઉત્પન્ન કર્તા તરીકે પરમેશ્વર એક છે માટે તમારા કહેવા મુજબ ફેર માની શકાય તેમ નથી. વળી પરમેશ્વરને સ્ત્રી નથી અને તેમ નથી તો ઇસુ દીકરો પણ શીરીતે કહેવાય ? ઇસુની મા મરીયમ હતી તેનો જે સ્વામી હોય તે તેનો બાપ કહેવાય. પરંતુ મરીયમ પરણી નહોતી ત્યારે તે તેનો બાપ કેમ કહેવાય ?

**ખ્રીo**—અરે ! એતો ઈસુ પ્રભુનો દીકરો હતો અને તેનો બાપ પ્રભુ હતા.

**જૈની**—મેહેરબાન, ત્યારે તો પ્રભુ ઇસુની મા મરીયમ તેના સ્વામી ઠરે છે.

**ખ્રીo**—મરીયમનો સ્વામી પ્રભુ કહેવાય નહી, કેમકે જગતમાં જેટલા પુરૂષો તેટલા દીકરા અને જેટલી સ્ત્રીઓ તેટલી દીકરીયો પ્રભુની છે, માટે મરીયમ પણ પ્રભુની દીકરી છે.

**જૈની**—એ વાતની તમારા મત પ્રમાણે અમે કયાં ના પાડીએ છીએ. પરંતુ પ્રભુની પોતાની દીકરી મરીયમ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેને પેટે પોતાના દીકરા ઇસુનો જન્મ પ્રભુએ આપ્યો, ત્યારે હવે તે કેવું સગપણ થયું તેની અમને સમજ પડતી નથી. તમો વિચાર કરી કહો.

**ખ્રીસ્તી**-કુંવારી કન્યાને પેટે પ્રભુના મહીમાથી ઇસુ જન્મ્યો તેમાં શી હરકત ?

**જૈની**—હજારો કુંવારી કન્યાને પેટે પ્રભુના મહિમાથી દીકરા થાઓ તેમાં અમારે કાંઈ લેવા દેવા નથી, પણ પ્રભુએ કુંવારીના પેટે કેમ જન્મ આપ્યો ? તેનું શું કારણ ? કદાચ તમે એમ કહેશો કે. મરીયમ પવીત્ર આત્મા હતી. તેવી બીજી કોઇ સ્ત્રી જગતમાં નહોતી, તેથી તેના પેટે જન્મ આપ્યો, પણ જેનો પવિત્ર આત્મા હોય તેને અપવિત્રના સંગમથી અપવિત્રપણું આવતું નથી, વળી પવીત્ર વસ્તુ અપવિત્રને પણ પવિત્ર કરે છે. એ ના પડાય તેમ નથી કેમકે જો એમ ન હોય તો તમારાજ મત પ્રમાણે ઈસુ જે પવિત્ર તેનાં સંગથી તેનાં લુગડાં પવિત્ર થયાં તેથી તે ખરૂં ઠરે છે, તો પવિત્ર ઈસુને પરણેલી સ્ત્રીના પેટે જન્માવ્યો હોત તો તેમ કરવાની પ્રભુની શક્તિ શું નહોતી ? અને તેમ કર્યું હોત તો લોકમાં પણ યુકતીયુક્ત કહેવાત.

**ખ્રીસ્તી**-કુંવારી કન્યાને પેટે પ્રભુએ ઈસુને જન્માવ્યો તેથી લોકોને આશ્ચર્ય થાય, અને ચમત્કાર પામે, પરમેશ્વરનો મહિમા વધે અને તેનો દીકરો કહેવાય, માટે કુંવરીના પેટે પ્રભુએ ઈસુને જન્મ આપ્યો.

**જૈની** – સારૂં સાહેબ ! પરમેશ્વરને ચમત્કાર બતાવવાનો આ તમારા મત પ્રમાણે રસ્તો સારો સુઝયો હશે. જગત કર્તા પોતે અને તેને વળી ચમત્કાર બતાવવાની અગત્ય ! આ પણ એક આશ્ચર્યજ. જો ચમત્કાર બતાવીને માનતા વધારવાની અને લોકોમાં મનાવા પૂજાવાની તમારા મત મુજબ પ્રભુને અગત્ય હોત તો તે પોતે પર્વત જેવડું રૂપ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધરી તારા જેવડા ડોળા કરીને દુનીઆમાં ફરી લોકોનાં દુઃખ દારીદ્ર દફે કરતા રહ્યા હોત તો તેથી સર્વ લોકો બેશક ચમત્કાર પામત અને તેથી કોઈ પણ માણસ તમારા માનેલા પ્રભુને માન્યા વગર રહેત શું? અર્થાત્ સર્વ લોક માનત. શું પ્રભુમાં તેવી શક્તિ નહોતી? વળી ક્ષમા ચાહી પુછવાની રજા લઉં છું કે, પ્રભુએ મરીયમને પેટે ઈસુને જન્મ આપ્યો ત્યારે તે ગર્ભમાં કેટલાક દીવસ રહ્યા હોવા જોઈએ અને ગર્ભમાં મળમૂત્ર વિના બીજા આહારનો સંભવ નથી તો તેવો આહાર પવિત્ર આત્મા ઇસુને કેમ ઘટે! કદાપી તમે કહેશો કે, ગર્ભમાં પરમેશ્વરના મહિમાથી તેવો આહાર કરતો નહોતો, તો તેઓ મોટા થયા પછી માણસનો મેલ, લીંટ ઇત્યાદિ ભક્ષણ કરનાર માછલીઓનું ભક્ષણ કેમ કર્યું?

**ખ્રીસ્તી**–સાંભળો, પ્રભુ તો ન્યાયી ને સર્વજ્ઞ છે તે પોતે દુનીયામાં પર્વત જેટલું રૂપ ધરીને આવે તો સ્વર્ગમાં ખાલી જગ્યા રહે, માટે તેવું રૂપ ધરીને આવ્યા નહીં, અને પોતાનો મહિમા દેખાડવાને વાસ્તે કુમારી મરીયમને પેટે ઇસુને જન્મ આપ્યો.

**જૈની**—ન્યાયી અને સર્વજ્ઞપણાનો તમે જે ફાંકો તમારા પ્રભુમાં ધરાવો છો તે વાસ્તવિક દીસતું નથી. કેમકે, જ્યારે ઇસુને બે હાથે તથા બે પગે ખીલા ઠોકયા ને વધસ્થંભ ઉપર ચડાવી તેની આગળ તેના પ્રતિપક્ષી જોશીઓએ કહ્યું કે, "જો તું પ્રભુનો દીકરો હોય તો વધસ્થંભ ઉપરથી ઉતરીને આવ અને હે મંદીરના પાડનાર! તું પોતાને બચાવ. તેં આંધળાં પાંગળાંને બચાવ્યાં તો હવે પોતાને કેમ બચાવી શકતો નથી?" આ ખરૂં છે તો અમે પુછીએ છીએ કે, ઈસુને ફાંસી દીધી તે ન્યાયથી કે અન્યાયથી? કદાચ તમે અન્યાયથી દીધી કહેશો તો પ્રભુ શું નહોતો જાણતો કે મારા દીકરા ઉપર અન્યાય ગુજારનારા ઉભા થયા છે અને

એવા દુશ્મનો ઈસુના જાણતો હતો તો તેવાને તેણે કેમ મારી નાખ્યા નહીં. વળી કદાચ તમે કહેશો કે ઈસુને ફાંસી દીધી તે ન્યાયથી દીધી માટે પરમેશ્વરે તેના શત્રુઓને મારી નાખ્યા નહીં, તો અમો પુછીએ છીએ કે ઇસુએ પરમેશ્વરની ભક્તિ કરી તેનું શું ફળ મળ્યું ? આ જોતાં કાંઇ નહીં. વીગેરે ઘણા દોષો આવે છે. માટે પરમેશ્વર કોઇને ન્યાય અને અન્યાય કરતો નથી અને સર્વજ્ઞપણું તમારા પ્રભુમાં કહેવાતું નથી. કેમકે સર્વજ્ઞ હોત તો ઇસુને દુઃખ આપનાર લોકોને પ્રભુએ જન્મ કેમ આપ્યો ? શું તેને માલમ નહોતું કે આ દુષ્ટો મારા દીકરા ઈસુને દુઃખ આપશે. જો હોત તો એમ થવા દેતજ કેમ ? આ ઉપરથી ઇશ્વરને ભવિષ્ય કાળનું જ્ઞાન તો નહીંજ હતું એમ સિદ્ધ થતાં તમારો મા-નેલો જગત કર્તા ઈશ્વર સર્વજ્ઞ પણ ઠરતો નથી.

**ખ્રીસ્તી**–ઇશ્વરે ઈસુને દુઃખ પડયું તે જાણ્યું અને તેને પાછો કબરમાંથી ઉઠાડયો.

**જૈની**—ઠીક, પહેલાં મરવા દીધો અને પછી ઉઠાડયો. મરી ગયેલો માણસ ઉઠતો નથી તે વાત સર્વે બાળગોપાળ પણ જાણે છે, કોઈથી અજાણ્યું નથી છતાં આ તમે શું બોલ્યા જે કબરમાંથી ઉઠાડયો એ તો વિચારવા જેવી વાત છે. વળી ઈસુને દુઃખ જાણીને પ્રભુનો આવવાનો વિચાર હોત તો વધસ્થંભ વખતે કેમ આવ્યો નહીં ? શું તે તે વખતે કામમાં હતો કે માલમ ન પડયું ? વળી ઇસુ વધ-સ્થંભ ઉપર ચડયો તે વખતે સર્વ લોકના દેખતાં પ્રભુ આવ્યો હોત તો શું પ્રભુને લોકો બાઝી પડત કે તે વખતે આવ્યો નહીં. ના તેમ નહીં, જો તે વખતે આવ્યો હોત તો લોકોને પ્રભુની સાચી શ્રદ્ધા બેસત, પણ તેમ હોયજ કેમ !

**ખ્રીસ્તી**–અરે જૈની ભાઇઓ ! હું તો ખુબ ઊંડા વિચારમાં પડી ગયો. મને તો કાંઈ સમજાતું નથી કે આ શું હશે !

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જૈની**—ભાઈ, ધીમે ધીમે ધ્યાન દેશો તો બધુંએ સમજાશે. જણાવશો કે ઈસુમાં પ્રભુના જેટલું પરાક્રમ અને જ્ઞાન હતું કે નહીં?

**ખ્રીસ્તી**-પ્રભુના દીકરા પ્રભુના જેવાજ હોય તેમાં તે શું પુછતા હશો? એમાં કાંઇ ઓછાપણું હોય નહીં. એ સર્વે લોકો સમજે છે, કેમકે બાપ જેવા બેટા અને વડ તેવા ટેટા એ કોણ જાણતું નથી.

**જૈની**—ઠીક, ત્યારે સાંભળો. ઈસુ જ્યારે એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતા હતા ત્યારે રસ્તામાં તેમને ભુખ લાગી. એવામાં અંજીરનું ઝાડ દેખ્યું, ત્યારે તે તેની પાસે ગયા. જોયું તો તે અંજીરના ઝાડ પર ફળ નહોતાં, કેમકે તે અવસરે રૂતુ નહોતી. ત્યારે ઈસુએ તેને શ્રાપ આપ્યો કે તું બળીને ભસ્મ થઈ જા, ત્યારે તે બળીને ભસ્મ થઈ ગયું.

**ખ્રીસ્તી**—અરે જૈની! આમાં તમે શું કહેવા માગો છો? ઉપર જે ખાલી વાત લખી તેમાં કાંઇ સાર તો આવ્યો નહીં માટે કહેવાનું હોય તે કહો.

**જૈ૦**—અરેરે! કહેવાનું તો ઘણુંએ છે. તમો કાન દઇને સાંભળો. ઈસુ સર્વજ્ઞ હોત તો તેને પ્રથમથીજ ખબર પડત કે તે અંજીરના ઝાડ ઉપર ફળ નથી. વળી સહજ પણ મતી અનુસાર વિચાર કીધો હોત તોપણ ખ્યાલમાં આવત કે રૂતુ નથી તેથી ઝાડ ઉપર અંજીર હશે નહીં. છતાં તેમાંનું કાંઇ જાણ્યું નહીં અને અંજીરના ઝાડ પાસે ગયા ત્યારેજ માલમ પડયું કે તેનાપર ફળ નથી. વળી તેણે અંજીરના ઝાડપર કોપ કરી તેને શ્રાપ દઇ બાળી ભસ્મ કર્યું, ત્યારે તેનામાં શાંતગુણ જતાં સમવિષમપણું હતું તે ખુલ્લું દેખાય છે. વળી તેનામાં ભસ્મ કરવાની શકિત હતી તો ફળવંતા કરવાની શકિત કેમ ન હોય? જો તેમ હત તો તેણે તે ઝાડને ફળવંત થવાનો શ્રાપ (આશિર્વાદ) દેવો જોઇતો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે જેથી તેની પોતાની ભૂખ ભાગત અને બીજા લોકો પણ અંજીર ખાત આવું લાભદાયક કામ નહીં કરતાં ઉલટું કામ શા વાસ્તે કીધું? આ ઉપરથી એમ ઠરે છે કે તેનામાં કાંઇ જ્ઞાનનો લવલેશ અર્થાત્ સર્વજ્ઞપણાનો લવલેશ માત્ર હતો નહીં અને તેથી તેનો પરમેશ્વર પણ અજ્ઞાની ઠર્યો, કેમકે તમોએજ કહ્યું છે કે પ્રભુના દીકરા પ્રભુના જેવાજ.

ખ્રી૦--પ્રભુ તો અદ્વેષી સર્વ મનુષ્ય ઉપર દયા રાખે છે માટે તે ઘણો મોટો છે.

જૈ૦—તમારો માનેલો પ્રભુ વિચાર તો કરો કે દ્વેષ રહિત અને દયાવંત હવે શીરીતે કહેવાય? એમ તો ઠરતું નથી.

ખ્રી૦--શાથી એમ કહો છો? તેમાં શું પ્રમાણ છે, તે બતાવો. તમારા મનથીજ કહોછો કે શું?

જૈ૦—અરે જુઓ તમારાજ પુસ્તક. અમારા મનથી અમે કાંઇ કહેતા નથી. તમારૂં પુરાતન સ્થાપનાનું પુસ્તક પત્ર ૯૨૫ અધ્યાય ૩૭ માં લખ્યું છે કે, "પ્રભુના દુતે આશુરની છાવણીમાં ૧૮૫૦૦૦ માણસોને મારી નાખ્યા. વળી બીજુ પ્રમાણ-ધરમયાના ભવિષ્યવાદ પાના ૯૬૮ માં લખ્યું છે કે, જે લોકો મને છોડીને અન્ય દેવોની આગળ ધુપ બાળશે તથા પોતાના હાથોના કામોનો ભંજન કરશે તેઓને દુષ્ટપણાને લીધે મારા ન્યાયશાસન કરીશ.

ખ્રી૦—તેમાં પ્રભુને શું કહેવાનું છે?

જૈ૦—જુઓ, પ્રભુના દુતે એક લાખને પંચ્યાસીહજાર માણસોને મારી નાખ્યા. મરનારાઓએ પ્રભુનો શો અન્યાય કીધો હતો? પોતાના રાજાની સેવા બજાવવા તેમને લડવું તે ન્યાય છે, તેમાં મરનારાઓનો શો વાંક હતો તે બતાવો. તે માણસોપર પ્રભુની દયા હોત તો પ્રભુના દુત કેમ મારે! વળી બીજા દેવો આગળ ધુપ કરનારાઓ ઉપર પ્રભુનો કોપ થયો તેથી તે ક્રોધી થયો, વળી તમે કહેશો કે પ્રભુએ બીજા

દેવોની આગળ ધુપ કરવાની મનાઇ કરી હતી અને તેમણે બીજા દેવો આગળ ધુપ કર્યો. પ્રભુનો કાયદો માન્યો નહી તેથી તેમના ઉપર ક્રોધ ચઢયો. એમ કહેવું પણ અયુક્ત ઠરે છે. જેમકે; પાંચ છોકરાઓનો કોઈ બાપ છે તેણે પોતાના છોકરાઓની આંખો ફોડી નાખીને કહ્યું કે, તમે ઘરની આગળ આંગણાંમાં રહેલા ઝાડને અડકશો તો તમને તરવારથી મારી નાખીશ. બીચારા છોકરા આંખો નહીં હોવાથી ફાંફાં મારતાં મારતાં તે ઝાડને અડકી ગયાં તેથી તેના પીતાએ તે છોકરાઓને મારી નાખ્યા. તેમ પ્રભુએ પણ બીચારાઓને અજ્ઞાની બનાવ્યા, અને કહ્યું કે તમે બીજા દેવોને માનશો નહી. અજ્ઞાનતાને લીધે તેમણે ધુપ કીધો અને મારયા ગયા. જો પ્રભુએ પ્રથમ તેમને જ્ઞાન આપ્યું હોત તો બીજા દેવો ખોટા છે અને પ્રભુજ સર્વ જગતના કર્તા હર્તા છે, તેમ જાણીને બીજાનું નામ પણ તે લોકો લેત નહી. પણ બીચારાઓએ અજ્ઞાનતાને લીધે અન્ય દેવોને ધુપ કર્યો, તેમાં ભુલ કરાવનાર અજ્ઞાન છે તો અજ્ઞાનને પ્રભુએ સજા કરવી તે ઠીક છતાં તેઓને કેમ કરી તે પણ વિચારવા જેવું છે. વળી બીજા દેવો કહ્યા તે જગત બનાવ્યું તેમાં આવ્યા એટલે બીજા દેવો પણ પ્રભુએજ બનાવ્યા તો તેમની પુજા ધુપ લોકો કરવા લાગ્યા. જો પ્રભુએ બીજા દેવો નહી બનાવ્યા હોત તો લોકો ધુપ કરતજ નહી અને પ્રભુને કરડી આંખ કરવાનો વખતજ આવત નહી. આ બાબતમાં સજ્જન લોકો પક્ષપાત રહિત મનમાં વિચાર કરો કે કોની ભુલ છે? પ્રભુની ભુલ કે માણસોની ભુલ? વિચાર કરતાં પ્રભુની ભુલ કે બનાવ્યા ને તેને સંબંધે મારવા પડયા. આથી તમારા પ્રભુમાં દ્વેષભાવ પણ ઠર્યો.

ખ્રી૦—અન્ય દેવોને ધુપ કરવા તેની પરમેશ્વરે ના કહી છે.

જૈ૦—અન્ય દેવોને ધુપ કરવાની પ્રભુએ શા કારણથી મનાઈ કરી છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખ્રી૦--બીજા દેવોને ધુપ કરવાથી પરમેશ્વરનું મોટાઇપણુ રહેતું નથી માટે ના કહી છે, કે બીજા દેવોને ધુપ કરવો નહી.

જૈ૦—સૂર્યના સામું ઊભો રહી ખોબો ભરી તેના સામી ધુળ નાખે તેથી શું સૂર્યની મોટાઇ જતી રહે છે? ના; નથી જતી રહેતી. વળી કોઇ છાબડીથી સૂર્યનું તેજ ઢાંકી શકશે? ના, નહી ઢાંકી શકે. ત્યારે શું બીજા દેવોની પુજા કરવાથી પ્રભુની મોટાઈ જતી રહે છે? ના, નથી જતી રહેતી. ત્યારે હવે કહો કે બીજા દેવોને ધુપ કરવાની કેમ ના કહી.

ખ્રી૦--બીજા દેવોની પુજા બંધ નહી કરે તો પ્રભુ મોટા છે તે શાથી જણાય, તે વાસ્તે બંધ કરી.

જૈ૦—અમે ઉપર કહ્યું તેમજ બીજા દેવોને બનાવનાર પણ પ્રભુ ઠર્યો, તો તે તમારો પ્રભુ તો બીજા દેવોનો દેવ તે મોટો એ સિદ્ધજ છે છતાં વળી અન્ય દેવોની પુજા બંધ કરવાનું શું કારણ?

ખ્રી૦--બીજા દેવો પ્રભુના કાયદામાં નથી તેથી તેની પુજાની મનાઇ કરી છે.

જૈ૦—ત્યારે અન્ય દેવોને પ્રભુના ઉપર ક્રોધ ચઢતો હશે કે નહી? કેમકે પોતાની પુજા બંધ કરી માટે;

ખ્રી૦—હા, ક્રોધ ચઢે પણ શું કરે? પ્રભુના સામે તેમનુ શું ચાલે! કેમકે પ્રભુ બળવાન છે.

જૈ૦—અન્ય દેવો ઉપર તમારા માનેલા પ્રભુને કોપ થાય છે કે નહી?

ખ્રી૦—અન્ય દેવો ઉપર પ્રભુને ક્રોધ ચઢે છે.

જૈ૦—ઠીક ત્યારે અન્ય દેવો તથા તેની પુજા કરનારા ઉપર તમારા માનેલા પ્રભુને ક્રોધ ચઢતો હશે પરંતુ તેમાં પ્રભુથી થોડી શક્તિવાળા પુરૂષોને તે ક્રોધ ફળ આપતો જણાય છે પણ બીજા દેવો તો પ્રભુ કરતાં અધિક શક્તિવાળા હશે તેથી બીજા દેવોને પ્રભુનો ક્રોધ શું કરી શકે? કાંઇ નહી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેમકે બીજા દેવોની ભક્તિ કરનારને માર્યા કહેવાય છે પણ દેવોને કાંઈ કરી શકયા જણાતું નથી. આમ હોવાથી વિચારવાનું એ રહે છે કે, બીજા દેવો તમારા માનેલા પ્રભુ કરતાં અધિક શકિતવાળા ઠરતાં પ્રભુની પુજા કરનારને દુઃખ દે એ કેમ ના પાડી શકાય ? અને જો એમ હોયતો માણસો કોની ભકિત પૂજા કરે ? જો પ્રભુની ભકિત કરે તો અન્યદેવો મારી નાખે અને અન્ય દેવોની કરે તો પ્રભુ મારી નાખે. આ તો એક તરફ વાઘ અને એક તરફ નદી એવા ન્યાયથી મનુષ્યો એ કોની ભકિત પૂજા કરવી અને કોની નહી કરવી એ બડી વિટંબનાની વાત જેવું દીસે છે. અરે મારા ખ્રીસ્તી ભાઇઓ વિચાર કરો કે હવે શું કરવું. જે ક્રોધવાન અને રાગ દ્વેષાદિથી ભરેલા હોય તેવા દેવો અગર પ્રભુ કહેવાતા હોય તો તેથી વળવાનું શું ? કેમકે પોતા પાસે જે વસ્તુ નથી તે બીજાને શી રીતે આપી શકનાર છે, માટે ખુબ વિચાર કરો અને સત્ય દેવ તીર્થંકર ભગવાનને ગ્રહણ કરો.

ખ્રીસ્તી–નહી, નહી. સાંભળો પ્રભુજ મોટો છે અને તેનું ધાર્યુંજ થાય છે. જુઓ; પ્રભુ મનુષ્યનું આયુષ્ય પચીસ, પચાસ કે સો વર્ષનું નિર્માણ કરે છે તે પ્રમાણે તે જીવે છે, પછી મરી જાય છે. અન્ય દેવોથી મનુષ્યનું આયુષ્ય ત્રુટતું નથી.

જૈની—તેમાં પ્રમાણ શું ?

ખ્રીસ્તી–પુરાતન પુસ્તકો જુઓ.

જૈની—કોઇ ઠેકાણે પ્રભુએ આયુષ્ય બાંધ્યું તે જોવામાં આવતું નથી. માટે આયુષ્ય બાંધનાર ઇશ્વર કહેવાય નહી.

ખ્રીસ્તી–સર્વે માણસો પાપની અવસ્થામાં જન્મે છે એ ખરૂં ને ?

જૈની—મનુષ્ય પહેલાંથી પાપની અવસ્થામાં જન્મે છે એ ખરૂં છે, અને તે ઉપરથી પાછલા ભવમાં તે મનુષ્યે પાપ કીધેલું તે સિદ્ધ થાય છે; નહીંતો પાપ સહિત કેમ જન્મે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે પુનર્જન્મ જીવને કર્મના વશથી કરવો પડે છે તે સત્ય છે; અને જીવને કર્મ પણ અનાદિ કાળથી લાગી રહયું છે તે પણ સત્ય છે.

**ખ્રીસ્તી**–જગતમાં એકજ દેવ છે, બીજા દેવો નથી.

**જૈની**—દેવ એક નથી પણ ઘણા છે એવું તમારા પુરાતન સ્થાપનાના પુસ્તકપરથી સાબીત થાય છે. જુઓ તમારા પ્રભુએ લોકોને કહયું કે, મારાવિના બીજા દેવોની પૂજા ધુપ કરશે તેને હું મારી નાખીશ અને દુઃખ આપીશ. આથી બીજા દેવો સિદ્ધ ઠરે છે. જુઓ જૈનીનાં ગ્રંથો–સંગ્રહણી, જંબુદ્વીપ પન્નતી, પન્નવણા વિગેરે.

**ખ્રીસ્તી**–જેવો માણસને આત્મા છે તેવો પશુને નથી. એમાં ફેર શો છે કે પશુનો આત્મા પ્રભુને ઓળખી શકતો નથી. માટે તેને જીવ કહેવાય છે.

**જૈની**—પશુને પણ જ્ઞાન હોય છે. જેમકે, ઘાસ ખાય છે, પણ પથર ખાતો નથી, તે પોતાના વાછરડાને ધવરાવે છે. અને બીજા પશુના વાછરડાને ધવરાવતાં નથી, વળી કોઇ તેને લાકડી લઇને મારવા જાય છે તો તે નાશી જાય છે, સારૂં ખોટું સમજવાની તેનામાં જ્ઞાન શક્તિ છે. માટે મનુષ્યમાં આત્મા છે તેમજ પશુમાં પણ આત્મા છે. મનુષ્યને પશુ કરતાં જ્ઞાન વિશેષ હોય છે, કારણકે પશુને કર્મ વિશેષ લાગેલાં હોય છે. જેમ જેમ કર્મનો નાશ–ઓછાપણું તેમ તેમ જ્ઞાન વિશેષ હોય છે. પરંતુ આત્મા તો સર્વના સરખા છે.

**ખ્રીસ્તી**–પ્રભુના પુત્ર ઈસુ જેવો આ દુનીયામાં બીજો કોઇ થયો હોય એવો દેખાતો નથી.

**જૈની**—પ્રભુના પુત્ર ઇસુએ જે કામ કરયાં તે વિચારવા લાયક છે. તેના જેવો દુનીયામાં બીજો કોણ કહેવાય વારૂ.

**ખ્રીસ્તી**-શાં કામ વિચારવા લાયક છે. આવો શબ્દ શા કારણે બોલ્યા ?

જૈની—યરૂસાલેમમાં પોતાના શિષ્યો સાથે ભોજન કર્યા પછી ઇસુએ ઊઠીને એક અંગુછો લઈને પોતાની કમરે વીંટાળ્યો, ને એક વાસણમાં પાણી લઈને પોતાના શિષ્યોના પગ ધોવા લાગ્યો, અને કમરે વીંટાળેલા રૂમાલથી પગ લુંછી નાખવા લાગ્યો. જ્યારે તે પિતર પાસે આવ્યો ત્યારે પિતર બોલ્યો કે, મારા પગ તમારે ધોવા નહી, કારણ કે પિતર સમજતો હતો કે પગ ધોવા એ ચાકરનું કામ છે. ઈસુ આપણા પગ ધોવે એ અઘટીત છે. પછી ઈસુએ પિતરને કહયું કે, જો હું તારા પગ ન ધોઊં તો તું મારો આજથી શિષ્ય નહી. એમ કહયા પછી ઈસુ પાસે તેના શિષ્ય પિતરે ખુશીથી પગ ધોવડાવ્યા. ઈસુનો શિષ્ય યહુદા દુષ્ટ હતો અને તે ઇસુનું ખરાબ ઈચ્છતો હતો, તોપણ ઈસુએ યહુદાના પગ ધોયા. સઘળા શિષ્યોના પગ ધોઇ રહીને ઈસુ સર્વ શિષ્યો ની જોડે વાતો કરવા લાગ્યો. હવે યહુદા દુષ્ટ છે, એ દુષ્ટ લોકોને લાવશે અને તે દુષ્ટ લોકો મને પકડીને મારી નાખશે. અને ઇસુ શિષ્યોની સાથે ભોજન કરતાં બોલ્યો કે, હે શિષ્યો! તમારામાંનો એક દુષ્ટ મને લોકોના હાથમાં સોંપશે અને તે લોકો મને મારી નાંખશે. આ સાંભળી બધા શિષ્યો દીલગીર થયા. પિતર બોલ્યો કે, શું તે હું છું? યોહાને પુછયું કે, તે હું છું? યોહાન પોતાનું માથુ ઇસુની છાતીપર લગાડીને બેઠો હતો. પિતરે તેને ઈસારો કીધો કે, કોણ દુષ્ટ લોકોને તમારૂં ઠેકાણું બતાવવાનો છે. ત્યારે ઇસુએ કહયું જે મારી સાથે રોટલી બોળે છે તે. રોટલી બોળનાર યહુદા ઇસકારીયત હતો. તેણે ઈસુ સાથે પોતાની રોટલી બોળી હતી. પછી ઈસુએ યહુદાને કહયું કે, તારે જે કરવું હોય તે કર. ત્યારે યહુદા ઊઠીને બાહાર ગયો અને દુષ્ટ માણસોના ચાકરો લઇને ઈસુને પકડવાને વાડીમાં આવ્યો. ઇસુ વાડીમાં પિતર, યાકુબ અને યોહાન એ ત્રણ શિષ્યો સાથે હતો. ઈસુએ પગે પડીને પ્રભુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ની પ્રાર્થના કીધી. યરૂસાલેમના અભિમાની લોકોના ચાકરો આવ્યા. પિતરે તરવાર લઇને એક દુષ્ટ માણસને કાન કાપી નાખ્યો. દુષ્ટ લોકોની પાસે ઈસુને મુકીને સઘળા નાસી ગયા. પછી દુષ્ટ લોકોએ દોરડાવતી ઇસુના હાથ પગ બાંધ્યા, અને યરૂસાલેમમાં લઇ ગયા. ઈસુ તેઓની સાથે ઘેટા જેવો નરમ થઇ ચાલ્યો. દુષ્ટ અભિમાની લોકો ઈસુને ધિઃક્કારતા હતા. તે ઇસુની રાહ જોતા હતા. ઇસુ આવે કે તુરતજ આપણે તેને ( ઈસુને ) મારી નંખાવીશું. થોડીવાર પછી દુષ્ટ ચાકરો ઇસુને લઇ હવેલીમાં આવ્યા. તેને જોઈ દુષ્ટ લોકો ખુશી થયા તેઓએ તેને ઓરડાની વચમાં ઊભો રાખ્યો, અને તેનું અપમાન કરયું. તેઓએ ઈસુને પુછયું કે, તું પરમેશ્વરનો પુત્ર છે? એટલામાં પિતર ઇસુનો જે શિષ્ય હતો તે ઇસુની શોધ કરતાં કરતાં ત્યાં આવી પરસાળમાં ગયો. ત્યાં દુષ્ટ ચાકરો બેસીને તાપ્યા કરતા હતા. ત્યાંથી બીજા ઓરડામાં જવાનું બારણું ઊઘાડું હતું, તેમાંથી પિતર ઇસુને જોતો હતો. તે વખતે એક દાસીએ તેને કહયું કે, તું પણ ગાલીલના ઇસુ જોડે હતો. ત્યારે પિતરે જવાબ દીધો કે, અરે બાઈ, હું તેને ઓળખતો પણ નથી. એક વખતે ઇસુ કાંઇક બોલ્યો તેથી ચાકરે ઇસુને તમાચો માર્યો, અને નોકરોએ ઇસુને મુક્કા તથા હડસેલા માર્યા, અને તેના મોં ઉપર થુંક્યા. દુષ્ટો પીલાતની પાસે ઇસુને લઇ ગયા. ઇસુને એક ઘરમાં લઇ જઈ કોરડા મરાવ્યા, કે જેથી ઇસુના વાંસામાંથી લોહી વહેવા માંડયું. પીલાતે દુષ્ટોને કહ્યું કે, જુઓ તમારા રાજા યહુદાએ દુષ્ટ લોકોને ત્રીસ રૂપીઆ આપ્યા હતા. અનુક્રમે દુષ્ટ લોકોએ વધસ્થંભ ઉપર ચડાવી ઇસુને મારી નાખ્યો. આ ઉપરથી સાર એ નિકળે છે કે, પોતાનો નાશ કરનાર યહુદા તેના તેમજ વળી બીજા શિષ્યોના પગ ધોયા તે ઇસુને ઘટતું નહોતું અને ન્યાય અન્યાય પણ રહ્યો નહીં તે ખેદકારક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી યહુદે મને મારી નાખશે એવે પેતાના શિષ્યેની આગળ યહુદાને મર્મ ઇસુએ ઉઘાડયે તેથી ઇસુ મર્મભાષી પણ ઠર્યા. પેતાને નાશ કરનાર તેને પણ શિષ્ય કર્યો. ત્યારે તે એમ સમજાય છે કે તેને પ્રથમ માલુમ ન હોવું જોઇએ કે તે મારે નાશ કરાવશે. જો તેને તેવું જ્ઞાન હોત તે યહુદાને શિષ્ય કેમ કરે, માટે શ્રેષ્ટ વધારે જ્ઞાન પણ હતું નહીં એમ ઠરે છે. વળી ઇસુના શિષ્ય પિતરે દાસીની આગળ કહ્યું કે, હું ઇસુને ઓળખતે પણ નથી. વાહ! ખુદ ઇસુના શિષ્ય પણ જ્યારે જુઠું બોલ્યા કે જે ઇસુને તમે પરમેશ્વરને પુત્ર કરી માને છે ત્યારે આજકાલના લોકો જુઠું બોલે તેમાં શી નવાઈ! ઇસુમાં જો શકિત હતી તે તેને દુષ્ટ લોકો કેમ મારી શકે? આ તેમનું ચરિત્ર જોઇ વિદ્વાન પુરૂષ તે પરમેશ્વરના પુત્ર હતા તે વિષે શો અભિપ્રાય બાંધશે વારૂ! અમને તે કોઇપણ વિદ્વાન એવો અભિપ્રાય બાંધે એમ લાગતું નથી.

ખ્રી૦—નદીમાં નાહાવાથી કંઇપણ પુણ્ય થતું નથી અને દુઃખો નાશ પામતાં નથી.

**જૈની**—તે બાબતમાં અમને હરકત નથી. પણ તમારા પુસ્તકમાં નદીમાં નાહાવાથી કોડ રોગ ગયો તેવું લખેલું છે. જેમકે, (તે નીચે પ્રમાણે) ઇ. સ. પૂર્વે ૮૯૪ આરામના રાજાને સેનાપતી નામન કરીને હતો. તે પોતાના સ્વામી આગળ મોભાદાર અને માનીતો હતો તે નામનની સ્ત્રી પાસે એક દાસી રહેતી હતી. તે નાની દાસી પોતાની શેઠાણી આગળ આવી અને બોલી કે, આપણા સાહેબ જો સમરૂનમાના પેગમ્બરની પાસે જાય તો કેવું સારૂં! તરત તેમને કોડ રોગ જાય. એ વાતની નામનને માલમ પડી નામન લાંબી મુસાફરી કરીને ઈસ્રાઈલ દેશમાં આવ્યો અને એલીસા પેગમ્બરના ઘર આગળ આવી ઉભો રહ્યો. એલીસાને એ

વાતની ખબર પડતાં એની પાસે એક માણુસને મોકલી કહે-વડાવ્યું કે, " તું જઇને યર્દનમાં સાત વાર સ્નાન કર કે જેથી તું શુદ્ધ થઇશ." તે સાંભળીને નામન ઘણો ગુસ્સે થયો અને ચાલ્યો જતાં કહેવા લાગ્યો કે, હું તો મનમાં એમ ધારતો હતો કે, જરૂર મારી પાસે એલીસા ઘરમાંથી નીકળીને આવશે અને ઊભો રહેશે અને પોતાના દેવ પ્રભુને નામે વીનંતી કરશે અને મને હાથ ફેરવી કોઢ રોગથી છોડાવશે. એમ કહીને ક્રોધકરી ( ક્રોધ સહિત ) નામન ચાલ્યો ગયો ત્યારે પાછળથી એલીસાના ચાકરો આવી બોલ્યા કે, જરૂર પેગમ્બરના કહેવા પ્રમાણે કરવાથી તને ફેર પડશે. તેણે તે પ્રમાણે યર્દનમાં સાતવાર બુડકી મારી તેથી તેનો કોઢરોગ ગયો. અને નાના છોકરાના જેવું શરીર થયું તેથી તે ખુશી થયો, અને કહયું કે, ખરેખર ઇસ્રાઈલમાંજ દેવ છે. તે વાર પછી એલીસાને દાન આપવા માંડયું પણ તે તેણે લીધું નહી. ઈત્યાદિક. દૃષ્ટાંત ઉપરથી તમારા શાસ્ત્ર મુજબ નદીમાં નાહાવાથી રોગ નાશ થાય છે એમ સ્પષ્ટ દેખાય છે છતાં મોહોડે તમો ના કહો છો, એ કેવી વિચારવા જેવી વાત છે.

ખ્રીસ્તી—તમો પ્રભુની મૂર્તી કેમ પૂજો છો?

જૈની—અમારા પ્રભુએ અમોને તે પ્રમાણે આજ્ઞા કરી છે, માટે અમો પૂજીએ છીએ. મૂર્તી એટલે પ્રભુના જેવી આકૃતિ પછી ન્હાયતો તે પાષાણની હોય, માટીની હોય અથવા કાગળ માં ચીત્રેલી હોય, તે સર્વે હમારે પૂજવા યોગ્ય છે. પ્રભુની આકૃતિ ( મૂર્તી ) જોવાથી પ્રભુના ગુણનું સ્મરણ થાય છે. જેમ કે, તે પ્રભુ આંખથી પરસ્ત્રી ઉપર ખરાબ દૃષ્ટીએ દેખતા નહોતા, હાથ પગ વડે કોઇ પણ જીવનો નાશ કરતા નહોતા, જીભવડે કોઇના અવગુણ બોલતા નહોતા, અને સન્માર્ગે વર્તવાનો લાખો લોકને ઉપદેશ દેતા હતા. એવા અનેક તેમના



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણોનું સ્મરણ થતાં પોતાનામાં તેમના જેવું શરીર છતાં પણ માનસીક વચન સંબંધ, કામ સંબંધ, તેમના જેવો કોઇ પણ ગુણ દેખાતો નથી, મારામાં અને પ્રભુમાં ઘણો અંતર દેખાય છે, માટે એવા ગુણ હું કયારે નિષ્પન્ન કરીશ. એમ વિચાર થવાથી મનુષ્ય ગુણ સન્મુખ થાય છે અને અવગુણ ટળતા જાય છે. વળી પ્રભુની આકૃતી ઉપર ધ્યાન દેવાથી ધ્યાનની નિશ્ચળતા થાય છે. મનુષ્યને આકારવાળી વસ્તુથી નિરાકાર વસ્તુનું સ્મરણ થાય છે. જેમ નાનાં છોકરાંઓને જ્યારે ૧-૨-૩-૪ વિગેરે આંક શિખવવામાં આવે છે ત્યારે પ્રથમ ફક્ત મોહેડેથી પાઠ કરાવવા કરતાં આકૃતિ સહિત દેખાડવામાં આવે છે તો તે જલદી શિખી શકે છે, અને તેની તેના મનપર છાપ બેસી જતાં તે કદી વીસરતો નથી. અને પછી આકૃતિ વિનાના એકડાનું ધ્યાન મનથકી નિરાકારરૂપે થાય છે. આપણે કોઈ મોટું ગામ પહેલા દેખીએ છીએ, ત્યારપછી તેનું સ્મરણ થાય છે કે તે આવા પ્રકારનું છે. જો પહેલાં આકૃતિ સહિત નગર દેખ્યું નહી હોય તો સ્મર્ણ શી રીતે થાત. માટે તેવીજ રીતે પ્રભુનું સ્મરણ થવામાં પ્રથમ આકૃતિ જોવાની આવશ્યકતા છે, તેથી પ્રભુની મૂર્ત્તિ બનાવવાની જરૂર છે. તમે પણ તમારા પુસ્તકોમાં ઇસુના વધસ્થંભનો આકાર છપાવો છો. તેવું ચિત્રામણ મોટા તેમજ બાળકો દેખીને વિચાર કરે છે કે, આવું દુઃખ ઈસુને પડયું ને તેથી તેઓ દીલગીર થાયછે અને વળી બાળકોના તે દેખાવથી કેટલો ફાયદો થાય છે તે વિચારો. માટે પ્રભુની મૂર્ત્તિ બનાવવામાં વિશેષ ગુણ છે. જેમ લૌકીક દૃષ્ટાંતમાં વિક્ટોરીયા રાણીની અથવા બીજા કોઇ રાજાની છબી (આકૃતિ) દેખવાથી જેમ તેના કેટલાક ગુણ યાદ આવે છે તેમ પ્રભુની આકૃતિથી પણ થાય છે. પ્રભુ પોતાની મૂર્ત્તિ પધરાવવાની શામાટે ના કહે છે? પ્રભુને પોતાની મૂર્ત્તિ બનાવવાથી ખોટું લાગે છે એમ તમે જે કહો છો તે સંભવતું

નથી આપણી છબી દેખીને આપણા રાગી લોકોને આપણા દર્શન જેટલો લાભ થાય છે, એ તો જગતમાં પ્રસિદ્ધ વાત છે, અને સૌને તે વાત પ્રિય લાગે છે. તેમ પ્રભુને પણ તે વાત પ્રિય લાગવીજ જોઇયે, શા માટે ખોટી લાગે ? એથી પ્રભુએ મુર્તિ નહીં બનાવવી એમ કહેલું તે અસત્ય ઠરે છે. તમે કહો છો કે, પ્રભુની આજ્ઞા જે લોકો પાળતા નથી તેથી પોતાની ચોથી પહેડીનો નાશ થાય છે તે વાત ખુલ્લી રીતે ખોટી ઠરે છે. કેમકે, આખા હિંદુસ્તાનમાં હજારો વર્ષથી પ્રભુની મુર્તી પૂજનારા લાખો મનુષ્ય વસે છે. . તે લોકોની ચાર તો શું પણ ચૌદ અને તેથી પણ ઘણી વધારે પહેડીઓ ચાલતી આવે છે. આ પ્રત્યક્ષ પ્રમાણથી તે તમારી વાત અસત્ય ઠરે છે. જો તમારા મત મુજબ ખરૂં હોત તો હીંદુસ્તાનમાં તેવા મુર્તી પૂજનારા કોઇની પણ પાંચમી પહેડી પહોંચી હોત નહીં. પણ તે લોકોના કુટુંબનો કાંઇ નાશ થતો નથી માટે આ બાબતનું પ્રભુએ તમને કહ્યું એ અમને માન્ય નથી. આ હિંદુસ્તાન દેશનાં ૭૦૦–૮૦૦ વર્ષની લગભગ યુરોપીઅન લોકોએ દેખાવ દીધો ત્યારબાદ તેમની ચાલ ચલગત તથા તેમનો પ્રભુ ઇસુખ્રીસ્ત કહેવાય છે એમ હીંદુઓને માલમ પડયું. ત્યાર પહેલાં ઇસુનું નામ પણ સાંભળેલું નહીં હતું અને તેથી ઇસુ શું હશે તે પણ અહીંના લોકો જાણતા નહીં હતા. પણ ભાવીભાવથી ઈંગ્લીશ લોકોનું હિંદુસ્તાનમાં રાજ્ય થયું તેથી લોકો તેમના વિષે માહિતગાર થયા. તે પહેલાં જંગલી અવસ્થામાં હતા. તેમનાં વસ્ત્ર છાલનાં હતાં, પણ તેમનામાં સંપ અને ઉદ્યમ હોવાથી તેવી અવસ્થા ધીમે ધીમે નાબુદ થઇ અને હાલ તેમના વંશજો મોટી સારી સ્થીતિએ પહોંચ્યા છે અને તેમને સર્વોપરી સત્તાધિકાર ભોગવવાનો વખત મળ્યો છે. તેમની સાથે તેમના ધર્મે પણ હિંદુસ્તાનમાં પગ ભર્યો, અને બીચારા અજ્ઞાન અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગરીબ ઢેડ, ઘાંચી, કોળી, મોચી વિગેરેએ ખ્રીસ્તી ધર્મ અંગીકાર કર્યો છે. ખ્રીસ્તી ધર્મમાં કોઇપણ માણસ તત્વનો જાણ હોય એમ સિદ્ધ થતું નથી, તો વિશેષ ધર્મ, અધર્મ, પુણ્ય, પાપની ક્યાંથી ખબર હોય! વળી આ તમારા ધર્મમાં દયા પણ સંભવતી નથી, કેમકે ખુબ બરાડા પાડતા ગાયો, ભેંસો વિગેરે પશુઓ તથા તરફડતી માછલીઓને મારીને પેટ ભરવામાં એ ધર્મના પાલકો જરા પણ આંચકો ખાતા નથી. જીવદયાનું ખરૂં સ્વરૂપ અને તત્વની પીછાન તમારા ધર્મમાં મળે એમ છે નહીં અને તેથીજ દયાદિ વિષયમાં સુલટાનું ઉલટું વર્તન થાય એમાં નવાઇ નથી. અમારા તીર્થંકરે જે જે તત્વ કહેલા છે તે સત્ય છે અને તેમના જ્ઞાનનો પાર નથી. તે સર્વજ્ઞ અને સર્વદર્શી છે. સ્યાદ્વાદ ધર્મ આ દુનીઆમાં અનાદિનો છે અને અનંતો કાળ જયવંતો વર્તશે, અને યોગ્ય પ્રાણી કે જેને મુક્તિ જવાનું પાસે હશે તેનેજ આ ધર્મ પ્રાપ્ત થશે. દુનીઆમાં જુદા જુદા દેશના મનુષ્યો જુદો જુદો ધર્મ પાળે છે અને એક દેશમાં પણ કેટલાક જુદા જુદા પંથ મતો ચાલે છે, પરંતુ જેણે તીર્થંકરોનાં વચન સાંભળ્યાં હશે અર્થાત્ જૈન ધર્મનાં આગમ અને જૈન ધર્મનાં પુસ્તકોનો અભ્યાસ ગુરૂગમથી કર્યો હશે તેને તો જૈન ધર્મ વિના બીજો કોઇપણ ધર્મ રૂચવાનો તેમજ સત્ય ભાસવાનો નથી.

**ખ્રીસ્તી**—ઇશ્વરે પોતાની શક્તિ (કુદરત) થી જગત બનાવ્યું છે અને ઇશ્વરની શક્તિ છે તેજ જગતનું ઉપાદાન (મૂળ) કારણ છે.

**જૈની**—ઇશ્વરની જે શક્તિ છે તે ઇશ્વરથી ભિન્ન છે કે અભિન્ન છે? જો કહેશો કે ભિન્ન છે, તો અમે પુછીએ છીએ કે, ઇશ્વરની જે ભિન્ન શક્તિ તે જડ છે કે ચૈતન્ય છે? જો કહેશો કે જડ છે તો તે શક્તિ નિત્ય છે કે અનિત્ય છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમાં કહેશો કે નિત્ય છે તો તમારૂં કહેવું એ હતુ કે આ જગતની રચનાના પહેલાં એક ઇશ્વર હતો, બીજું કોઇ પણ હતું નહીં. એ ઉન્મતના વચનની પેઠે પોતાના વચનને જુઠું કર્યું ઠરશે, કેમકે મોહોડે કહો છો કે શક્તિ નિત્ય છે અને બીજું વચન કહો છો કે આ જગતની રચનાના પહેલાં એકલો ઇશ્વર હતો, આ વગરવિચારનું બોલવું છે. કદાચ કહેશો કે અનિત્ય છે, તો તે શક્તિનું ઉપાદાન ( મુળ ) કારણ બીજી શકિત છે. તેની વળી બીજી શક્તિ એમ અનવસ્થા દુષણ આવે છે. વળી કહેશો કે, ઇશ્વરની શક્તિ ચૈતન્ય છે, તો વળી તે શકિત નિત્ય છે કે અનિત્ય છે. બન્ને પક્ષોમાં પણ અનવસ્થા દુષણ આવે છે. વળી કદાપિ કહેશો કે ઈશ્વરની શક્તિ ઇશ્વરથી અભિન્ન છે, તો સર્વ પદાર્થો ઈશ્વરમય થઇ ગયા અને તેથી સર્વ વસ્તુને ઇશ્વર કહેવું જોઇએ. જો સર્વ વસ્તુ ઇશ્વર થાય તો સારૂં, ખરાબ, સ્વર્ગ, નર્ક, પુણ્ય, પાપ, રંક, રાજા, ચોર, સાધુ, મુર્ખ, પંડિત, પશુ, પક્ષી, જળચર ઇત્યાદિક સર્વ વસ્તુઓ પોતે ઈશ્વર થઇ ગઇ. ત્યારે જગતને ઇશ્વરે શું રચ્યું. પોતેજ પોતાનું સત્યાનાશ કર્યું. આ પ્રથમ કલંક ઇશ્વરને લાગુ પડતું થાય. બીજું કલંક જ્યારે સર્વ વસ્તુ ઇશ્વર બની ત્યારે મનુષ્યોને બાઇબલમાંથી દસ કલમો કહેવાનું શું પ્રયોજન? ત્રીજું કલંક, પોતાના જ્ઞાનનો મહિમા દેખાડવાને પોતાના પુત્ર ઇસુને જગતપર મોકલ્યો, શુદ્ધથી અશુદ્ધ બન્યો એ ચોથું કલંક. હવે કોઇ વસ્તુ જગતમાં સારી ખોટી રહી નહીં, કેમકે સર્વે વસ્તુ ઇશ્વરમય બની ગઇ. **सर्व वस्तुमय ईश्वरत्वात्** એ પાંચમું કલંક. એમ ઇશ્વરપર ઉપર મુજબ પાંચ કલંક પડે. માટે તમારૂં કહેવું પ્રમાણભૂત કહેવાશે નહીં.

ખ્રીસ્તી–હમારો ઈશ્વર સર્વ શકિતમાન છે, એ હેતુથી ઇશ્વર ઉપાદાન ( મુળ ) કારણ વિના જગત બનાવી શકેછે.

**જૈની**—આ તમારૂં કહેવું પંડિત પુરૂષો કબુલ કરશે નહીં, કેમકે આ તમારા કહેવામાં કોઇ પ્રમાણ નથી. ઉપાદાન (મુળ) કારણ વિના કાર્યની ઉત્પત્તિ કદી થઇ શકતી નથી. જેમ ઉંટ–ગધેડાને સીંગડું આ પ્રમાણ તમારા કહેવાને બાધ કરે છે. પરંતુ સાધનવાળું કોઇ નથી.

**ખ્રીસ્તી**–ઇશ્વરં પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થાય છે, તો તેને સૃષ્ટિ કર્ત્તા (જગતની રચનાનો કરનાર) કેમ મનાય નહી?

**જૈની**—હાજી, તમે કહો છો તેમ જો પ્રત્યક્ષ પ્રમાણથી ઈશ્વર જગતકર્તા સિદ્ધ થાય તો સર્વ કોઇ માને, અને તે સંબંધી વાદવિવાદ પણ થાય નહી કારણ કે પ્રત્યક્ષ પ્રમાણ વસ્તુમાં વિવાદ થતો નથી. પણ સાંભળો, તમારા સવાલ જવાબની પહેલી પોથીમાં દેવ કેવો છે? એવો પ્રશ્ન ઉઠાવી તેના ઉત્તરમાં જણાવ્યું છે કે, દેવ નિરાકાર છે, તેથી તમો કહો છો તેમ ઇશ્વર પ્રત્યક્ષ પ્રમાણથી દેખાવાનો પણ અસંભવ છે, માટે એ તમારૂં કહેવું ખોટું ઠરે છે.

**ખ્રીસ્તી**–વાહ! કર્તા વિના જગત થતું હશે કે? ચાલો, પ્રત્યક્ષ પ્રમાણ રહ્યું. તો હવે અનુમાન પ્રમાણથી ઇશ્વર જગતકર્તા સિદ્ધ થાય છે તે તમારાથી ના પડાય તેમ છે કે!

**જૈની**—હા, અનુમાન પ્રમાણથી પણ જગતનો કર્તા ઈશ્વર સિદ્ધ થતો નથી. કેમકે, જ્યારે ઇશ્વરે જગત બનાવ્યું એમ તમે કહો છો ત્યારે બતાવશો કે. તે જગત નિત્ય બનાવ્યું કે અનિત્ય બનાવ્યું? તેમાં વળી કદાચ જો તમે કહેશો કે, જગત, પશુ, પંખી, પ્રાણી અને મનુષ્ય નિત્ય બનાવ્યાં તો નિત્યનું શું લક્ષણ છે તે વિચારો એટલે એ આપોઆપ ખોટું છે એમ તમને સમજાશે. કેમકે નિત્ય વસ્તુ તેનેજ કહેવાય છે કે જે ત્રણે કાળમાં એક રૂપ હોય; પરંતુ તે પ્રમાણે જગતમાં વસ્તુઓ ત્રણે કાળમાં એક રૂપમાં દેખાતી નથી, માટે જગત, પશુ, પંખી, વિગેરે નિત્ય બનાવ્યાં એમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માની શકાય એવું નથી. વળી જો તમે કહેશો કે જગત અનિત્ય બનાવ્યું, તો તે પણ ખોટું ઠરે છે. કારણ કે નિત્ય એવો જે પ્રભુ તેથકી નિત્ય વસ્તુ બનવી જોઇએ, અનિત્ય વસ્તુ તેથકી બનેજ કેમ, અને જો અનિત્ય બને તો ઈશ્વર માં અનિત્યપણું આવી જાય; અને તેથી ઇશ્વર પોતેજ અનિત્ય બને છે. જ્યારે પોતે ઇશ્વર અનિત્ય એટલે નાશ વાળો ઠરે છે તો આ જગત નિત્ય તે શી રીતે બનાવી શકે? કેમકે નાશ થવાવાળી વસ્તુથી અનાશવાન વસ્તુ બનતી નથી. વળી જગતમાં જીવોને પ્રભુએ પ્રથમ નિર્મળ બનાવ્યા, પણ પ્રભુના કહેવા પ્રમાણે નહી વર્તવાથી તે પાપી થયા; એ તમારૂં કહેવું ઘણું અયુકત દીસે છે. કેમકે વિચારશો તો સમજાશે કે જ્યારે જીવને નિર્મળ બનાવ્યો ત્યારે તેનામાં પાપ કરવાની શક્તિનો સંભવજ કેમ મનાય, અને જો તેમ મનાય નહી, તો જીવને પાપ કરવાની શકિત પ્રથમથી કહેવાશે નહી ત્યારે પછી તે કેવી રીતે પાપી બન્યો અને તેનામાં પાપ કરવાની શકિત કયાંથી આવી?

ખ્રીસ્તી—જ્યારે આદમ અને હવાને પ્રભુએ એદનવાડીમાં મૂકયા ત્યારે તેમણે તેઓને કહ્યું કે, આ વાડીનાં ફળ ખાશો નહી, પરંતુ સેતાનના લલચાવવાથીજ ખાધું ત્યારથી પ્રભુની આજ્ઞાના ભંગથી પાપી બન્યાં પણ પહેલાં તો નિર્મળ અને પવિત્ર આદમ અને હવાને પ્રભુએ બનાવ્યાં હતાં.

જૈની—પરમેશ્વરે આદમ અને હવા મારી આજ્ઞામાં રહેશે કે નહીં એવું જાણવાને તેમને ફળ ખાવાની મનાઇ કરી હતી તે પણ કહેવું ખોટું છે. કેમકે જે કોઇ વસ્તુનું સ્વરૂપ આપણે બરાબર જાણતા ન હોઇએ ત્યારે તેની પરીક્ષા કરીએ છીએ. અર્થાત્ અજ્ઞાનદશામાં પારખવાની મરજી થાય છે. પરંતુ પ્રભુ તો અપારજ્ઞાની છે, આદમ અને હવા તેણે બનાવ્યા; ત્યારે તેના મનની ભાવ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અગાઉથી પ્રભુએ જાણવી જોઇએ. છતાં આ ઠેકાણે તમારા કહેવા ઉપર વિચારતાં અગાઉથી પ્રભુએ વાત જાણી એમ સંભવતું નથી. આદમ અને હવાના મનની વાતની તેને ખબર નહોતી માટે તેણે તેમની પરિક્ષા કરી જણાય છે. તેથી કરીને તમારો પ્રભુ અપારજ્ઞાની સિદ્ધ થતો નથી. વળી જો તમે કહેશો કે આદમ અને હવાના મનના વિચાર પ્રભુ જાણતો હતો તેમ છતાં ફક્ત પરિક્ષા કરવાને ફળ ખાવાની મનાઇ કરી હતી. આ પણ યુકત નથી. કારણ કે જે વાતનું જેને સંપૂર્ણ જ્ઞાન છે તે વાતની તેને પરિક્ષા કરવાનું કંઇપણ પ્રયોજન હોયજ નહીં. તો પ્રભુ કે જે સંપૂર્ણ જ્ઞાનવંત છે અને તેમના મનના વિચાર તે જાણતો હતો ત્યારે તેને એવી પરિક્ષા કરવાનું પ્રયોજન શું? અને તેથી ફળ શું? વળી પહેલાંથી જાણવામાં તો હતું કે આજ્ઞા ભંગ કરવાનો છે છતાં વિના પ્રયોજને મનાઇ કરી તેથી એમ અનુમાન થાય છે, કે પ્રભુના મનમાં આજ્ઞા ભંગ થવા સંબંધી કાંઇક ઢચુ પચુ હતું, નિશ્ચયાત્મક નહોતું. ઇત્યાદિક ઘણાજ તમારા પ્રભુમાં દૂષણો આવે છે. વળી આદમ અને હવાએ પ્રભુની આજ્ઞા ભંગ કરી તેથી તેને પાપયુક્ત કર્યા તો હાલ હજારો જીવો જન્મથીજ લુલાં, આંધળાં, બહેરાં જન્મે છે; તેણે પ્રભુની શી આજ્ઞા ભંગ કરી હતી કે એવા જન્મ્યા? કાંઇ નહીં. માટે ઇશ્વર જીવને નિર્મળ, પાપી કે પુણ્યવાન બનાવી શકતો નથી. જીવ પોતાના કર્મના ઉદય પ્રમાણે પાપી અને પુણ્યવાન બને છે.

ખ્રીસ્તી—પ્રભુએ જગતની રચના જીવના ઉપકાર માટે બનાવી છે. જીવોની પાસે ધર્મ કરાવી અનંત સુખ દેવા માટે બનાવી છે.

જૈ૦—ધર્મ કરાવીને જીવોને અનંત સુખ આપવું તે પરોપકાર છે એતો ઠીક, પરંતુ જે જીવો પાપ કરીને નર્કમાં ગયા તેઓના, ઉપર પ્રભુએ શો ઉપકાર કર્યો. એ જીવોને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દુઃખી કરવાથી પ્રભુ શું પરોપકારી ઠરવાનો ? ના, નહીં ઠરવાનો.

**ખ્રીસ્તી**—એમને નર્કમાંથી કહાડીને સ્વર્ગમાં લઇ જશે.

**જૈની**—ઠીક, તો તેમને નર્કમાં શા કારણથી જવા દીધા ?

**ખ્રીસ્તી**-પ્રભુ જે કાંઈ જીવની પાસે પાપ પુણ્ય કરાવે છે તે કાંઇ જીવને આધીન નથી. પ્રભુ તો જે ઇચ્છે છે તે કરી શકે છે. જેમ બાજીગર લાકડાની પુતળીને જેમ ચાહે તેમ નચાવી શકે છે, પુતળીને કાંઇપણ આધીન નથી.

જૈ૦—જ્યારે જીવને કાંઈ આધીન નથી ત્યારે સારા ખોટાનું ફળ પણ જીવને થવું નહીં જોઇએ. જેમ કોઇ સરદાર (નાયક) કોઈ નોકરને કહે કે તું અમુક કામ કર. પછી નોકર તે કામ કરે ને તેનું પરિણામ સારૂં અથવા ખરાબ થાય તો તે નાયક શું નોકરને દંડ દઇ શકે છે ? ના, કાંઇપણ દંડ દઇ શકતો નથી. તેવીજ રીતે ઇસ્વરની આજ્ઞાથી જ્યારે જીવે પાપ પુણ્ય કર્યાં તો તેનું ફળ જીવને થવું જોઇએ નહીં અને તેથી જીવની ખરાબ ગતિ પણ થવી જોઇએ નહીં.

ખ્રી૦--જીવે કરેલાં પાપ પુણ્યના અનુસારે પ્રભુ જીવોને દંડ આપે છે, તે કારણથી ઇસ્વર અદોષીત ઠરે છે. જે જેવું કરે તેને તેવું ફળ મળે છે.

**જૈની**—આ તમારા કહેવાથી સંસાર અનાદિ ઠરે છે. વળી ઈસ્વર કર્તા નથી તે પણ સિદ્ધ થાય છે. વળી જે કોઇ જીવ છે તેને જે કાંઇ આ ભવમાં પ્રાપ્ત થાય છે તે પૂર્વે જન્મના કરેલા સુકૃત અથવા દુષ્કૃતથી થાય છે, અને પૂર્વે જન્મમાં જીવને જે સુખ દુઃખ મળ્યું તે તેના પર્વે જન્મમાં કરેલા પુણ્ય પાપાનુસાર મળ્યું જાણવું. એમ ઉત્તરોત્તર જન્મ થકી સુખદુઃખ ભોગવવું થાય છે, એમ કરતાં સંસાર અનાદિ સિદ્ધ ઠરે છે. હવે વિચાર કરો કે જગતકર્તા ઇશ્વર કેવી

રીતે સિદ્ધ ઠરે? વળી કર્મ છે તે ઇશ્વરથી સ્વતંત્ર છે કે પરતંત્ર છે? જો કર્મ સ્વતંત્ર (સ્વાધિન) હોય તો જગતકર્તા ઇશ્વર કેમ થાય? અને જો પરતંત્ર (પરાધિન કર્મ) હોય તો ઈશ્વરને આ જગતની ઉપાધી વળગે છે. માટે ઇશ્વર જગતકર્તા નથી અને જગત તો અનાદિ છે, એ વાત ખરી છે.

હવે અન્યદર્શનીઓએ જેવી રીતે જગતનો કર્તા ઇશ્વર માન્યો છે તે દર્શાવીએ છીએ. જગતનું ઉપાદાન (મુળ) કારણ ઇશ્વર છે. એક ઈશ્વર અને બીજી સામગ્રી એ બે પદાર્થ અનાદિ છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આ ચારના પરમાણુ આકાશ, કાળ, દીશા, આત્મા અને મન છે. આ નવ વસ્તુ નિત્ય છે, અને અનાદિ છે, કોઇની પણ બનાવેલી નથી, તે જગતકર્તા નીચે મુજબ સિદ્ધ ઠરે છે.

उपजाति छंद.

**कर्त्तास्ति कश्चिज्जगतः सचैकः। सस्वर्गः सस्ववशः सनित्यः ॥ इमाकुहेवाकविडंवनाः स्युः। तेषांनयेषा मनुशासकस्त्वम् ॥**

અર્થ:--આ જગત પ્રત્યક્ષાદિ પ્રમાણોથી દેખાય છે. આ જગત ચરાચરનો રચનાર કોઇપણ પુરૂષ વિશેષ છે. પૃથ્વી, પર્વત, સમુદ્ર વિગેરે સંપૂર્ણ જગત કાર્ય હોવાથી તેનું કારણ કોઇપણ હોવું જોઇયે. કારણ કે જે જે કાર્ય છે તે તે કારણ વિના ઉત્પન્ન થઈ શકતાં નથી. જેમ કે, ઘટ, પટ, દંડ, આગગાડી. તેમ આ જગત કાર્ય દેખાય છે, માટે તેનો કારણ ભૂત ઇશ્વર અવશ્ય માનવો જોઈયે; તો તે પ્રભુ છે. ૨ વળી ઇશ્વર છે તે એક છે. જો ઘણા પ્રભુ હોય તો એક કાર્ય કરવામાં સર્વની જુદી જુદી બુદ્ધિ થઇ જાય, ત્યારે કાર્ય ઉત્પન્ન થાય નહી. માટે એક ઈશ્વર માનવાની જરૂર છે. વળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઇ ઇશ્વર આપની ઇચ્છાથી ચાર પગવાળાં મનુષ્ય બનાવે, બીજો ઇશ્વર છ પગવાળાં મનુષ્ય બનાવે, ત્રીજો આઠ પગવાળાં મનુષ્ય બનાવે, વળી કોઈ આંખના ઠેકાણે કાન બનાવે અને કાનના ઠેકાણે આંખ બનાવે, માટે એકજ ઇશ્વર હોવો જોઇએ. ૩ ઈશ્વર જે છે તે સર્વવ્યાપી છે. જો સર્વવ્યાપી ન હોયતો ત્રણ ભુવનને એકી વખતે કેવી રીતે ઉત્પન્ન કરી શકે! એક કાળમાં સર્વને બનાવી શકે નહીં. જેમ કુંભાર જે ઠેકાણે હોય છે તે ઠેકાણે કુંભ બનાવી શકે છે, પરંતુ દેશાવરમાં બનાવી શકતો નથી, ૪ તથા ઇશ્વર જે છે તે સર્વજ્ઞ છે. સર્વજ્ઞ ન હોય તો સર્વ કાર્યોનું ઉપાદાન કારણ જાણી શકે નહી, અને ઉપાદાન કારણ જાણી ન શકે તો વિચીત્ર જગત કેવી રીતે બનાવી શકે. ૫ ઇશ્વર પોતાને વશ છે. પોતાની ઇચ્છાથી સર્વને સુખ દુઃખ આપે છે. ઈશ્વર વિના સર્વને સુખ દુઃખ આપવાને કોઈ સમર્થ નથી; અને જો ઇશ્વરને પરતંત્ર ( પરાધિન ) માનીયે તો મુખ્ય કર્તા ઈશ્વર ન રહે. ૬ ઈશ્વર નિત્ય છે. જો અનિત્ય હોયતો તેને બનાવવાવાળો બીજો કોઈ ઇશ્વર હોવો જોઈએ. વળી તેના માટે બીજો જોઈયે, આવી રીતે અનવસ્થા દૂષણ આવે, માટે ઈશ્વર નિત્ય કહીએ છીએ.

જૈની તરફથી ઉત્તર પક્ષ એટલે સામો જવાબ.

પ્રથમ અનુમાન તમોએ કર્યું તે ખોટું છે. આ અનુમાનથી વ્યાપ્તિ ગ્રહણ થતી નથી. વળી તમે કહેશો કે ઈશ્વર જગત કર્તા શરીરવાળો છે કે શરીર રહિત છે? તમો કહેશો કે અમારી પેઠે શરીરવાળો છે કે પિશાચાદિકની પેઠે અદૃશ્ય છે? પ્રથમ પક્ષ માનશો તો પ્રત્યક્ષ બાધ આવે છે, બીજો પક્ષ માનશો તો ઈશ્વર દેખાતો નથી, તે ઇશ્વરના મહાત્મ્યથી કે અમારા કમનસીબથી? હવે પ્રથમ પક્ષ માનશો કે ઈશ્વરના મહાત્મ્યથી ઇશ્વર દેખાતો નથી તો તેમાં કોઇ પ્રમાણ

નથી. બીજા પક્ષમાં સંદેહની નિવૃત્તિ નહીં થાય, કેમકે ઇશ્વર છે કે નહીં એવો સંશય રહ્યાં કરશે. વળી ઇશ્વરને શરીર રહિત માનશો તો ઈશ્વર કોઈપણ કર્મ કરવાને સમર્થ નહીં થાય. જેમ આકાશ અશરીરી હોવાને લીધે તેનાથી જેમ કોઈપણ કાર્ય થતું નથી તેમ ઇશ્વરથી પણ થવાનું નથી. આકાશ નિત્ય વ્યાપક અક્રિય છે તો તે અકર્તા છે. તેમ ઇશ્વર પણ અકર્તા છે. વળી તમો ઇશ્વરને એક માનો છો તે પણ ખોટું છે. એક મધપુડો બનાવવામાં સર્વ માખીઓ એકમતે થઇ મધપુડો બનાવે છે તો ઇશ્વર પરમાત્મા નિર્વિકાર, નિરૂપાધિક, જ્યોતિસ્વરૂપોનો એકમત કેમ નહીં થાય. શું તમો ઇશ્વરોને કીડાથી બુદ્ધિહીન, અજ્ઞાની બનાવ્યા કે જેથી એકમત થતો નથી.

પૂર્વપક્ષ–માખીઓ ઘણી ભેગી થઇ એક મધપુડો બનાવે છે તે પણ ઈશ્વરના વ્યાપારથી મધપુડો બને છે.

ઉત્તરપક્ષ–ત્યારે તો ઘડો બનાવવો, પરસ્ત્રી ગમન કરવું, ચોરી કરવી, મારવું ઇત્યાદિક સર્વે કામ ઈશ્વરના વ્યાપારથી બને છે એમ માનવું જોઇએ, ને સર્વ જીવ અકર્તા સિદ્ધ થશે. ત્યારે પુણ્ય પાપનું ફળ કોને થવાનું !

પૂર્વપક્ષ–જીવ, કુંભાર, ચોર ઈત્યાદિક સર્વે સ્વતંત્રતાથી (સ્વાધિનતાથી) પોતપોતાનું કાર્ય કરે છે.

ઉત્તરપક્ષ–ત્યારે માખીઓએ શું અપરાધ કીધો કે તેને સ્વાધિનપણું કહેતા નથી. વળી અનંત ઈશ્વર જો માનવામાં આવે તો એક જગત બનાવવામાં વિવાદ થઈ જાય તો તે વિવાદને કોણ દુર કરે? વળી એક ઈશ્વરને દેખીને બીજો ઈશ્વર અદેખાઇ કરે કે તું મારે તુલ્ય કેમ છે? આ માનવું પણ તમારૂં અજ્ઞાન છે. કેમકે ઇશ્વર ભગવાન સર્વજ્ઞ છે તો સર્વેનું જ્ઞાન એકસરખું થયું અને તેથી એકસરખું જ્ઞાન થવું જોઇએ. વળી ઈશ્વરો પવિત્ર છે તેથી તેમને ઝગડા સંભવતા

નથી, અને ઝગડો કદાપી કરશે તો ઈસ્વર કોણ કહેશે, અને જગતકર્તા ઈસ્વર કેમ ઠરશે. માટે ઇશ્વર અનંત માનવામાં કોઈપણ દુષણ નથી. ૩ વળી ઈસ્વર સર્વવ્યાપક છે તે પણ પ્રમાણિક નથી. ઈસ્વર સર્વવ્યાપક શરીરથી છે કે જ્ઞાનથી છે? જો શરીરથી સર્વવ્યાપક ઇશ્વર માનશો તો સર્વ જગાએ ઇશ્વરનું શરીર સમાઈ ગયું. બીજા પદાર્થોને રહેવા માટે જગા પણ નહીં મળવાની, માટે ઇશ્વર શરીરે કરી સર્વ વ્યાપક ઠરતો નથી. જ્ઞાને કરી સર્વવ્યાપક માનશો ત્યારે સિદ્ધ સાધ્ય નથી. વેદોમાં પણ શરીરવાળો માનેલો છે. ૪ ઈસ્વર સર્વજ્ઞ પણ ઠરતો નથી, કેમકે જો સર્વજ્ઞ હોત તો જગતકર્તાનું ખંડન કરવાવાળા અમને કેમ ઉત્પન્ન કર્યા. વળી કહેશો કે જન્માંતરમાં ઉપાર્જીત કરેલાં શુભાશુભ કર્મના અનુસારથી ફળ આપે છે તો ઈસ્વર સ્વતંત્ર ( સ્વાધિન ) ઠરતો નથી. કેમકે કર્મવિના ઈસ્વર ફળ આપવાને સમર્થ નથી, ત્યારે ઈસ્વરને આધીન કાંઈપણ રહ્યું નહી, જેવાં કર્મ કર્યાં હશે તેવાં ફળ મળશે. વળી ઈસ્વર જગતકર્તા નિત્ય માનશો એકાંત થકી તો જગત નવા નવા બનાવ્યા કરશે કારણકે જગતને રચવાનો સ્વભાવ ઈશ્વરમાં નિત્ય છે. વળી કહેશો કે જગતને બનાવવાનો ઈસ્વરમાં સ્વભાવ નથી ત્યારે તો કોઈપણ વખત જગતને ઈસ્વર રચી નહી શકે. વળી જીવોને રચવાનો સ્વભાવ ઈસ્વરનો એકાંત નિત્ય માનશો તો સર્વદા જીવો ઉત્પન્ન થયાં કરશે, કદી પણ જીવો નાશ થશે નહી. વળી તમો ઈસ્વરમાં જગત રચવાની તથા નાશ કરવાની એમ બે શકિત માનશો તો તે પણ ખોટું ઠરે છે. કારણકે ઉત્પત્તિ અને નાશ કરનારી પરસ્પર વિરૂદ્ધિ શકિત કોઈપણ વખતે એક ઠેકાણે રહી શકશે નહી. જે કાળમાં જગત રચવા માંડશે તેજ કાળમાં નાશ કરનારી શક્તિ નાશ કરી નાખશે. એમ જ્યારે પરસ્પર બે શક્તિઓનો વિરોધ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયો ત્યારે જગત બનશે પણ નહી અને તેનો નાશ પણ થશે નહી; ત્યારે અમારો મત સિદ્ધ થશે. અમારા મતમાં કોઈએ જગત બનાવ્યું નથી. આ જગતનો કદી પ્રલય (નાશ) પણું થવાનો નથી અને આ જગત અનાદિ અનંત છે તે સિદ્ધ ઠર્યું. આ પ્રમાણે વિચારી જોતાં જગતનો કર્તા ઇશ્વર સિદ્ધ ઠરતો નથી. ઇશ્વર એક છે તે પણ કહેવું ખોટું ઠર્યું. એમ છએ પક્ષો પણ ખોટા ઠરે છે. તેમ બીજા લોકો પણ જગતકર્તા સિદ્ધ કરવાને જેટલી યુક્તિઓ કરે છે તેટલી આકાશનાં ફુલની પેઠે ખોટી ઠરે છે. વિશેષ જગતકર્તાનું ખંડન જોવું હોય તો સમ્મતિતર્ક, દ્વાદશસાર નયચક્ર, સ્યાદ્વાદ રત્નાકર, અનેકાંત જયપતાકા, સ્યાદ્વાદ કલ્પલતા, સ્યાદ્વાદમંજરી, સ્યાદ્વાદરત્નાકર અવતારીકા, સૂયડાંગનંદીસૂત્ર, પ્રમાણપરીક્ષા, ન્યાયાવતાર, વિગેરે જૈન મતના ગ્રંથો દેખવા.

**ખ્રીસ્તી**–તમે જૈની લોકો જીનપ્રતિમાની પૂજા કરવી તથા તેને નમસ્કાર કરવો તથા મુક્તિને આપનાર પ્રતિમાને જાણવા એમ જે સમજો છો તે મૂર્ખતાનું લક્ષણ છે.

**જૈની**—જીનેશ્વરભગવાનની પ્રતિમા દેખવાથી પરમેશ્વરના ગુણોનું સ્મરણ થાય છે. જેમ કાગળપર લખેલા અક્ષરોથી પ્રભુના ગુણનું સ્મરણ થાય છે તેમ જીનની પ્રતિમાથી પણ ઘણાજ ગુણો થાય છે.

**ખ્રીસ્તી**–પ્રતિમાને દેખવાથી અરિહંત ભગવાનના સ્વરૂપનું સ્મરણ થાય છે એ વાત ખરી; પણ તેની (ભગવાનની) પૂજા ભક્તિ કરવાથી શું ફળ થાય છે?

**જૈ૦**—તમારા મત મુજબ બાઇબલ વિગેરે પુસ્તકો વાંચવા સાંભળવાથી પ્રભુના ગુણોનું તથા તેમના ઉપદેશનું ભાન થઇ જાય છે, તો તે વાંચવા સાંભળવાની અગત્ય છે તેથી તમે બાઇબલ વિગેરે પુસ્તકો રૂમાલમાં બાંધી જાપતા બંધ રાખી જેમ તેને માન આપો છો તેમ અમો પણ પ્રભુને માન આ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પીએ છીએ અને તેની ભક્તિ કરીયે છીએ. કારણકે ચોવીસ મા તીર્થંકર મહાવીરસ્વામી થઈ ગયા તેઓ સર્વજ્ઞ હતા. તેમણે ઘણા મનુષ્યોને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો હતો. હાલ પીસ્તાળીસ આગમો વિગેરે પુસ્તકો છે તે પ્રભુના મુખની વાણી છે અને તેના કહેનાર જીનેશ્વર વીરભગવાન છે, માટે અમો પ્રભુની મુર્તીને સાક્ષાત ભગવાન માનીએ છીએ અને તેમના મુખની વાણીરૂપ જે સિદ્ધાંત તેને પણ અત્યંત ભક્તિથી પૂજીએ છીએ.

ખ્રી૦—જેમ પથરની ગાય દુધ આપતી નથી તેમ પ્રભુની મુર્તી પણ કાંઈ ફળ આપી શકતી નથી, તો તેવી પ્રભુની મુર્તી શા કારણથી માનવી જોઇએ ?

**જૈની**—સાંભળો, જેમ કોઈ મનુષ્ય મુખથી ગાય ગાય એવો શબ્દ કરે છે તેથી તેને દુધ મળતું નથી. વળી લાડુ લાડુ એવો શબ્દ પોકારવાથી આપણું પેટ લાડુથી ભરાઇ જતું નથી તે તમો સારી પેઠે જાણો સમજો છો તો કહેશો કે ઈસુ ઈસુ, પ્રભુ પ્રભુ, તું મારૂં રક્ષણ કર એમ બોલવાથી પોકારવાથી શું ફળ મળે ? કાંઇ ન મળતાં નિષ્ફળ જડબુ દુખ્યાં કરે એમ તમારા મત મુજબ સિદ્ધ થાય, માટે તેવું પ્રભુ ઇસુનું નામ દેવાનું શું પ્રયોજન ? ન દેવું જોઇએ.

ખ્રી૦—અરે ! મારા જૈનીમિત્રો ઈસુ અને પ્રભુનું નામ લેવાથી અમારૂં અંતઃકરણ શુદ્ધ થાય છે, અને પવિત્ર થઇએ છીએ.

**જૈની**—એતો ઠીક; અમો તે કયાં ના કહીએ છીયે. પણ સાંભળો, તેવીજ રીતે અર્થાત જેમ ફક્ત મુખે પોકારવાથી તમે શુદ્ધ થવાનું માનો છો તેમ જીનેશ્વરભગવાનની મુર્તી દેખવાથી તેના ગુણનું સ્મરણ થતાં અમારો આત્મા નિર્મળ થાય છે અને પાપરૂપી કાદવ દુર થઇ જાય છે. અને પ્રભુના સ્વરૂપની પ્રાપ્તી થઇ જાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખ્રીસ્તી-પ્રભુના નામથી પવિત્ર થઈ શકાય છે તો વળી મુર્તી બનાવવાનું શું પ્રયોજન ?

જૈની—પ્રભુનાં નામના ઉચ્ચારણથી નિર્મળ થવાય છે એ ખરૂં છે, પરંતુ તેની મુર્તી દેખવાથી અને તેની પૂજા કરવાથી વહેલાં અને વધારે નિર્મળ થઈયે છીયે. જેમ કોઇ યૌવનવાળી સુંદર સ્ત્રીનું નામ લેવાથી જેટલો મનોવિકાર થાય છે તેના કરતાં અધિક એવી સ્ત્રીની મુર્તી (છબી) દેખવાથી વિષય રાગ ઉત્પન્ન થાય છે; વળી સ્ત્રીના ચિત્રામણને પણ દેખવાથી વિકાર ઉત્પન્ન થાય છે; રાગીની મુર્તી દેખવાથી રાગ ઉત્પન્ન થાય છે; તેમ વિતરાગની મુર્તી દેખવાથી શાંત રસ ઉત્પન્ન થાય છે; તેવી રીતે નામ લેવાથી રાગ તેમજ શાંતરસ ઉત્પન્ન થતા નથી એ તમે વિચારી જોશો તો તુરત સમજાશે. માટે મુર્તી અવસ્ય માનવી અને પૂજવા યોગ્ય છે.

ખ્રીસ્તી-પરમેશ્વરની મુર્તી (છબી) આજ કાલ કોઈ બુદ્ધિમાન માનતા નથી.

જૈની—ના, એ ખરૂં નથી. બુદ્ધિમાન તો સર્વે માને છે.

ખ્રીસ્તી-કોણ બુદ્ધિમાન માને છે ?

જૈની—પ્રથમતો સંસારીક વિદ્યાવાળા સર્વ બુદ્ધિમાન ભૂગોળ, ખગોળ, દ્વીપ, વિલાયતનું મિત્રમંડળ વિગેરે સર્વે કોઈ માને છે. જુઓ, ઇસુને વધ સ્થંભ ઉપર ચઢાવ્યો તેનું ચિત્રામણ તે પણ ઇસુની મૂર્તી શું કહી શકાતી નથી? મુર્તી એટલે પ્રભુ જેવા શરીરવાળા હતા તેવી લાકડાની, પથરની, માટીની, દાંતની, અથવા ચિત્રામણની (ચીત્રેલી) જે પ્રભુની, આકૃતિ તેનેજ મુર્તી કહેવામાં આવે છે. માટે તેની છબી પડાવો કે ચિત્ર કરાવો તે સર્વે મુર્તીરૂપજ છે. વધસ્થંભ ઉપર ચઢાવેલા ઇસુ તેનું જે ચિત્રામણ (ચીત્ર) તે પણ મુર્તી રૂપે છે. તો શા કારણથી તમે મુર્તી માનતા નથી ? શું રૂપું, સોનુંજ ફકત ધન કહેવાય છે કે ? હાલમાં ઇંગ્લીશ લોકોએ

કાઢેલી નોટો શું ધનની ગરજ સારતી નથી ? હાલ, અલબત તેનાથી ગરજ સરે છે. તેમ ઇસુનું ચિત્રામણ વધરથંભ રૂપે છે તેપણ મુર્તીની ગરજ સારે છે. નાટકોમાં ભજવાતા ખેલો માં કોઇ વનરાજ, સિદ્ધરાજ, લીલાવતી વિગેરેનાં રૂપો ધારણ કરે છે તેથી પૂર્વે થઇ ગયેલા પુરૂષોનાં ચરિત્રો યાદ આવે છે કે તે પુરૂષો મહા બળવાન હતા, પ્રજાને સારીરીતે પાળતા હતા, તેમ પ્રભુની મુર્તીથી પણ પૂર્વે થઈ ગયેલાં પ્રભુ યાદ આવે છે, અને તેમણે જે જે ઉપદેશો આપ્યા, જે જે ઠેકાણે પર્યા, મનુષ્યોના હિતને માટે જે જે આજ્ઞાઓ કરી તે તે સર્વે યાદ આવે છે અને મન ઉપર સારી અસર થાય છે. માટે ખોટો આગ્રહ તજીદઇને પ્રભુની મુર્તી (અવશ્ય) માનશે તે આત્મા સુખ પામશે. જુઓ, બ્રાહ્મણો પણ પોતાના દેવની મુર્તી બનાવે છે, તેમ બૌધ પણ મુર્તી માને છે. વળી મુસલમાન પણ કબર (મુર્તી તરીકે) માને છે. એમ સર્વેકોઇ મુર્તી માનતા આવ્યા છે. અમારો જૈન લોકોનો ધર્મ પ્રાચીન અનાદિનો છે તેને ઓળખાવનાર જીનેશ્વર ભગવાનની મુર્તીઓ છે કે જે હાલમાં કેટલેક ઠેકાણે ભોંયમાંથી નિકળે છે. તેને દેખી લોકો જાણે છે કે, ખરેખર આ પ્રાચીન ધર્મ છે અને પહેલાં જૈન ધર્મનો ઘણો વિસ્તાર હતો તેની ખાત્રી આપે છે. સંપ્રતિરાજાએ તો સવા ક્રોડ બિંબ ભરાવ્યા હતા. અહો મારા મિત્ર! આવીરીતે મૂર્તી પ્રાચીન કાળની સિદ્ધ ઠરે છે તો તેમાં પોતાની મતી કલ્પના દોડાવીને મૂર્તિ નહી મનાવી તે ઘણું અજ્ઞાનતા ભરેલું છે.

**ખ્રીસ્તી**-પરમેશ્વર નિરાકાર છે માટે તેની મૂર્તી ધાતુ, પથર અથવા માટીથી બની શકતી નથી.

**જૈની**—હે મિત્ર ઠીક, નિરાકાર નહી ને સાકાર તમારો પ્રભુ ઠરે તો પછી મૂર્તી બનાવવામાં વાંધો છે ?

**ખ્રીસ્તી**-સાકાર ઠરે તો બનાવવામાં હરકત નથી, પણ પ્રભુ સાકાર છે એવું તમે કયા પુસ્તકને આધારે અમને કહો છો ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જૈની**—જુઓ. અરૂણોદય પુસ્તકપાનું ૧૬૪, તે સૂર્યથી અધિક તેજોમાં થઇને મેઘોમાં આવશે અને સઘળા દુતો પણ તેની સાથે આવશે. તે ઘણા સઘળા ઊજળા સિંહાસન પર બેસશે અને તેના માથા ઉપર રાજ મુકશે; અને સઘળા લોકો સિંહાસનની સામા ઊભા થઇ જશે. ત્યારે તે કોઈ પુસ્તકને ખોલશે, જેમાં સઘળા લોકોના ભુંડાં કર્મ લખેલાં છે તે જેમ અજવાળામાં તેમ અંધારામાં પણ સરખું જોઇ શકે છે. અને તમારા મનની સઘળી ઈચ્છા પણ જાણે છે. સઘળા દુતો આસપાસ રહીને સાંભળશે. તેઓના દેખતાં ઇસુ પોતાના પુસ્તકોમાંનાં સઘળાં વૃત્તાંત વાંચી સંભળાવશે. તોપણ ઇસુએ વધસ્થંભ ઉપર જે મૃત્યુનું દુઃખ ભોગવ્યું તેને લીધે પરમેશ્વર કેટલાકના અપરાધ ક્ષમા કરશે. જુઓ માત્થીનું પુસ્તક પાનું ૨૫-૩૧ અને ૩૪, જે પોતાના આખા મનથી ઇસુ ઉપર પ્રિતી રાખે છે તેઓને અને તેઓના નામ તેણે બીજા પુસ્તક ઉપર લખી રાખ્યાં છે, જે કે જીવનનું પુસ્તક કહેવાય છે. અને તેઓના પાપની ક્ષમા કરશે, તેઓનાં આંસુ લુછી નાંખશે અને તેઓને સદા પોતાની પાસે બેસાડશે. (પ્રગટ ૭-૧૭)

**ખ્રીસ્તી**-એમાં સાકારપણું શી રીતે ઠરે છે?

**જૈની**—જુઓ. સૂર્યથી અધિક તેજોમયવાળા ઉજળા સિંહાસન ઉપર પ્રભુ બેસશે. તેને માથે મુગટ હશે. પુસ્તકોને ખોલશે, અને ઇસુ પુસ્તકોમાંનાં સઘળાં વૃત્તાંત વાંચી સંભળાવશે. આ ઉપરથી સાબીત થાય છે કે તમારો માનેલો પ્રભુ સાકાર છે. જરા તો વિચાર કરો, સાકાર ના હોતતો સિંહાસનપર બેસવું શી રીતે બને? અને માથું ન હોય તો મુગટ કયાં આગળ મુકાય? માટે તે પ્રભુને માથું, હાથ, પગ વિગેરે સાબીત થાય છે. તેથી પ્રભુ સાકાર છે એમ સિદ્ધ થાય છે. માટે સાકારની પ્રતિમા (છબી) બનાવવી તે યોગ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, કારણ કે તેથી તેના ગુણોનું સ્મર્ણ થાય છે. તેથી કરીને પ્રભુની મૂર્ત્તિ બનાવવી અને તે પૂજવી યોગ્ય છે.

**ખ્રીસ્તી**–બીજા કોઇ ગ્રંથમાંથી પ્રભુ સાકાર છે અને તેને હાથ પગ છે એવું બતાવી શકશો?

**જૈની**—હાજી. ડાકટર બાર્થ સાહેબ કૃત પવિત્ર લેખની વાર્તા ઉપરથી કરેલા સુવૃત્તાંતો ભાગ ૧ લો પાનું ર જું–છઠે દીવસે પરમેશ્વરે એક એકની જાત પ્રમાણે સર્વ વન, પશુ તથા ઢોર તથા પેટેચાલનાર પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં. પછી પરમેશ્વરે કહ્યું કે, આપણે પોતાના રૂપમાં પોતાની પ્રતિમા પ્રમાણે માણસ બનાવીએ કે તે માણસ સમુદ્રના માછલાં ઉપર તથા આકાશમાં ઉડનારા પક્ષીઓ ઉપર તથા ઢોર તથા આખી પૃથ્વી ઉપર અધિકાર ચલાવે. એ પ્રમાણે પરમેશ્વરે પોતાના રૂપમાં માણસ કર્યું; એટલે તેણે એક સ્ત્રી તથા એક પુરૂષને ઉત્પન્ન કર્યાં.

**ખ્રીસ્તી**–સાકાર પરમેશ્વર છે, એ વાત આ વાર્તા ઉપરથી કેવી રીતે સાબીત થઇ તે બતાવો?

**જૈની**—પ્રભુની જેવી આકૃતિ હાથ, પગ, નાક, કાન, આંખ વિગેરેની હતી તેવીજ આદમની બનાવી, એટલે પોતાની આકૃતિ જેવો માણસ બનાવ્યો. આ વાર્તાથી પણ પરમેશ્વરનો આકાર સાબીત થાય છે, માટે પ્રભુની મુર્તી બનાવવી અને તેની પૂજા કરવી એ વાત ઉત્તમ અને સત્ય છે.

**ખ્રીસ્તી**–પ્રભુએ પથરની અને માટીની મૂર્તી બનાવવાની ના કહેલી છે, તે શા કારણથી કહી છે તે સમજાવશો?

**જૈની**—સાંભળો સાહેબ, પ્રભુ કોઇને કાંઇપણ બાબતની હા ના કહેતો નથી. કારણ કે રાગ દ્વેષ જેનામાં રહ્યા હોય તેને હા ના કહેવાની ખટપટ રહેલી છે, માટે પ્રભુએ પોતા માટે કાંઈ કહ્યું છે એમ નથી. પરંતુ તમારા માનેલા પ્રભુએ જરૂરૂપ મૂર્તી બનાવવાની ના કહી તેનું કારણ એમ સમજાય

છે કે, તમારા પ્રભુએ વિચાર કીધો કે, હું ચેતન છું ને મારી મૂર્તી જડ બને એ ઠીક નહી અને એક બીજી બાબતની પણ ના કહેવી હશે પણ તે કહેવી રહી ગઇ કે ન કહી તે નીચેની સમજાય છે. " ઇસુ " આ શબ્દ આપણે બાઇબલમાં વાંચીએ છીએ તેથી આપણને કોનું જ્ઞાન થાય છે ? ઉત્તર- ઇસુનું. ત્યારે ઇસુ (તે ઠેકાણે અર્થાત પુસ્તકમાં લખેલો ઇસુ) એ શબ્દ જે છે તે જડ છે. રૂશનાઈથી બનેલો છે. તે શબ્દ ભુંસાઈ જાય તેવો છે. અને લોકોના પગ તળે પણ આવે છે ત્યારે તે જડરૂપી ઇસુ શબ્દ લખવાની પ્રભુએ કેમ મનાઇ નહી કરી, એ એક વિચારવા જેવી વાત છે.

ખ્રીસ્તી-" ઇસુ " એવો શબ્દ વાંચવાથી ઇસુનુ સ્મર્ણુ થાય છે.

**જૈની** - હાજી, હમે કયાં ના કહીએ છીએ પણ જરા વિચાર તો કરશો કે શબ્દ વાંચવાથી સ્મર્ણુ થાય છે ત્યારે મુર્તી દેખાવાથી સ્મર્ણુ કેમ ન થાય ?

ખ્રી૦-હા. મુર્તી દેખવાથી પણ પ્રભુનું સ્મર્ણુ થાય છે.

**જૈની**—જુઓ, ત્યારે પ્રભુનું સ્મરણ કરાવનારી બે વસ્તું સિદ્ધ થઈ. એક 'પ્રભુ' એવો શબ્દ અને બીજી 'પ્રભુની મુર્તી.' હવે પ્રભુની મુર્તી અને પ્રભુ એવો જે શબ્દ તે બેઉ આપણે જડરૂપી દેખીએ છીએ તોપણ આપણને પ્રભુનું સ્મરણુ થાય છે. ત્યારે શું તે જડ મુર્તી તથા જડ શબ્દ થકી પ્રભુ જડ બની જશે ? ના, કદી પણ બનવાનો નથી. કેમકે પૂર્વે પ્રભુ થઇ જનારને જણાવનારી એ બે આકૃતિઓ છે. પ્રભુ એવા જડ શબ્દ ઉપર પ્રભુને જો ખેદ આવે તો પ્રતિમા ઉપર પણ આવે, પણ તેમ તો તમે માનતા નથી તેથી પ્રતિમા માનવી યોગ્યજ છે, કેમકે એક વાત માનવી અને બીજી ન માનવી એ મહા ભૂલ ભરેલું છે. જેમ વર્તમાન કાળમાં કલકત્તા તથા મુંબાઇ એવા બે શબ્દ લખ્યા તે

આપણે વાંચ્યા તેથી આપણને ઘણા માણસોથી ભરેલા, ઘણી દુકાનો અને હવેલીઓવાળાં કલકત્તા તથા મુંબાઇ શહેર સ્મરણ વિષય થાય છે. તથા મુંબઇનું ચિત્રામણ તથા કલકત્તાનું ચિત્રામણ આપણે જ્યારે દેખીએ છીએ ત્યારે મુળ સ્વરૂપવાળાં બન્ને શહેરોનું આપણને જ્ઞાન થાય છે. મુંબઇ તથા કલકત્તા એવા જે બે શબ્દ આપણે જડરૂપ વાંચ્યા તેજ શબ્દો આપણને ઘણા જીવાદિથી ભરપૂર એવા બે શહેરોનું સ્મરણ કરાવી આપે છે. જેમ પ્રભુ એવા શબ્દથી પ્રભુનું જ્ઞાન થાય છે તેમ પ્રભુની મુર્તીથી પણ પ્રભુનું જ્ઞાન થાય છે. માટે બે જડ વસ્તુ પ્રભુને ઓળખાવનારી થઇ. તેમાં મુર્તીને માનવી નહી ને શબ્દન માનવો એ ન્યાય કહી શકાય નહી. બંને વસ્તુઓ પ્રભુના સ્મર્ણ પ્રત્યે ઉપકારકારક છે. જેમકે, કોઈએક પુરૂષને એક સારી સ્ત્રી હતી ને તે ખુબ રૂપવાન હતી. તેની તેણે છબી પડાવી લીધી. બાદ થોડા દીવસે તે સ્ત્રી મરીગઇ ત્યારે તે પુરૂષ પોતાની સ્ત્રીની છબી હાથમાં લઈ જોવા લાગ્યો એવામાં તેનો એક મિત્ર તેની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, તું આ કોનાસામુ જુવે છે ને તે કોણ છે. તેના ઉત્તરમાં પેલા પુરૂષે કહ્યું કે આ મારી સ્ત્રી છે, હું તેનાસામું જોઊંછું. હવે વિચાર કરો કે, સ્ત્રીતો મરી ગયેલી છે અને તેની આ છબી છે તેને મારી સ્ત્રી તરીકે બોલી શકાય છે ને તે છબીને જોઈ તે પુરૂષ કેટલો ઉદાસ થાય છે. વળી શું તે સ્ત્રીમાં જેજે ગુણો હતા તેનું સ્મર્ણ (જ્ઞાન) થયા વિના કદાપિ રહે? ના, કદી ના રહે અર્થાત થાય તેમજ પૂર્વે જેવા શરીરવાળા પ્રભુ હતા તે પ્રભુની મુર્તી પણ પ્રભુની છબી તરીકે છે. તેથી પૂર્વે થઈગયેલા પ્રભુનો આરોપ બનાવેલી મુર્તીમાં સાક્ષાત કરવામાં આવે છે, અને તેમની આગળ ઊભારહી તેમની ભક્તિ કરવામાં આવે છે. જુઓ, આપણે હાલ વિક્ટોરીયા મહારાણીની છબી જોઇયે છીયે ત્યારે તે

પ્રજાપાળક, દયાળુ અને નિતીવાન હતાં એમ તેના ગુણોનું સ્મર્ણ થાય છે. તેમજ પ્રભુની મુર્તીથી પણ પ્રભુના ગુણોનું સ્મર્ણ થાય છે. વિકટોરીયા એવો શબ્દ જડરૂપ વાંચવાથી પૂર્વે થયેલાં મહારાણી વિકટોરીયાનું સ્મર્ણ થાય છે તેમ તેની મુર્તી (બાવલા, ચિત્ર, છબી) થી પણ તેનું (મહારાણી વિકટોરીયાનું) સ્મર્ણ થાય છે. શું મહારાણીજીને પોતાની જડરૂપ મુર્ત્તી, ચિત્ર કે છબી બનાવવી અયુક્ત છે એવો કદી પણ ખ્યાલ આવ્યો હશે કે ? ના, નહીં; કદી નહીં. કારણકે પવિત્ર ન્યાયથી ચાલનારી મહારાણીનાં દર્શન સાક્ષાત કરવાને સર્વ પ્રજા ઈચ્છતી પણ તેઓ દૂર દેશમાં વસવાથી તેમના દર્શનનો લાભ ગરીબ પ્રજા લઇ શકતી નહોતી તે ફક્ત મુર્ત્તી, છબી કે ચિત્રથી મળે તેમજ હતું અને તે મુજબ પ્રજા તેમનાં દર્શનનો લાભ લઈ આનંદ માનતી અને માને છે. વીલાયતમાં બીરાજી ગયેલાં મહારાણી વિકટોરીયા અને તેમની છબી આદિમાં કાંઈ તફાવત માનવામાં આવતો નથી. છબીમાં જેવો આકાર છે તેવા આકારવાળાં વિકટોરીયા રાણી વીલાયતમાં થઈ ગયાં છે એમ સર્વ કોઇ સમજે છે. તેમ પ્રભુની પ્રતિમા, છબી, ચિત્રથી પણ સાક્ષાત થઇ ગયેલા પ્રભુનું સ્મરણ થઈ તેના ગુણો યાદ આવે છે; અને તેથી આપણે અવગુણનો ત્યાગ કરી ગુણવંત થવા ઉદ્યમી થઇએ છીએ. એવી રીતે પ્રતિમા માનવી એ યોગ્ય અને સાચું છે. કિંબહુના. અરૂણોદય પુસ્તક પાનું ૩૨ મરીયમ અને ખોળામાં સુવાડેલો નાનો બાળક ઇસુ; પાનું ૩૯ મરીયમ અને ખોળામાં બેસાડેલો ઇસુ બીજે ગામ જાય છે તેનું ચિત્ર; પાનું ૪૬ ઇસુનું ચિત્ર; પાનું ૧૧૭ ઇસુને વધસ્થંભ ઉપર ચઢાવ્યો વિગેરે ચિત્રોથી ખાસ ઈસુનું સારી રીતે જ્ઞાન થવા માટે પુસ્તકમાં છાપેલા છે. તમે કહેશો કે માટી, પથર, ધાતુ વિગેરેની મુર્તી (પ્રભુની આકૃતિ) જડ-

રૂપ બનાવવાની પ્રભુએ ના કહી છે તેથી અમો તે બનાવતા નથી. ત્યારે કહેશો કે જડરૂપ પ્રભુનું ચિત્ર (કાગળ ઉપર શાહીથી છાપેલી પ્રભુની આકૃતિ) કાઢવાની શું પ્રભુએ તમોને આજ્ઞા આપી છે? એવા કાગળ ઉપરના ચિત્રથી શું પ્રભુને જડરૂપનું દુષણ નથી આવતું? શું કાયદા અને શું પ્રમાણથી એવી રીતે એક વાતમાં દુષણ અને બીજી તેવીજ બાબતમાં દુષણ નહીં એ બતાવી શકાશે. નહીં, કોઇ નહીં; અને કાંઈ બતાવી શકાશે નહીં માટે ફોકટ કદાગ્રહ કરવો મુકી દઇ સત્ય વાતે મુર્તી યોગ્ય ઠરે છે તે માનો.

ખ્રી૦—જે ઉપર આપણે રહીએ છીએ તે પૃથ્વીને એક દીવસ પરમેશ્વર બાળી મુકશે. જોકે કદી કોઈનું ઘર ભડભડ બળતું હોય તો તે કેવું ભય કરવાવાળું લાગે છે તો પછી જ્યારે આ મોટી ધરતી અને પર્વત અને ઝાડ બીડ વિગેરે સર્વે બળી જશે ત્યારે કેવું ભયાનક જણાશે અને કેવો મોટો શબ્દ થશે અને કેટલો બધો તાપ થશે. દુષ્ટો નાસી નહી શકશે. તેઓ તે આગની ઝાળમાં નંખાશે. આ પૃથ્વી સદા બળતી નહીં રહેશે. તે બળી બળીને ખાક થઈ જશે. ત્યારે પરમેશ્વર બીજી નવી પૃથ્વી બનાવશે, જે આથી ઘણી સારી થશે. (૨ પીતર ૩; ૭-૧૩)

**જૈની**—અરે! આ કેવું અજ્ઞાન, પૃથ્વીને ઉત્પન્ન ઇશ્વર કરી શકતો નથી, તે તો અનાદિકાળની છે. એનો પ્રલય કદી થવાનો નથી. છતાં તમે તો કહો છો કે પૃથ્વી, પર્વત વિગેરેને ઈશ્વર એક દીવસ બાળી નાંખશે, આતો ટાઢાપોરની તોપ સરખું મને દીસે છે. વળી પરમેશ્વર નવી પૃથ્વી આ પૃથ્વી કરતાં પણ સારી બનાવશે, તે પણ ખોટું છે. કારણકે પરમેશ્વર પૃથ્વીનો કર્તા તથા હર્તા નથી તેવું અમે પહેલા સિદ્ધ બતાવી ચુકેલા છીએ. અરે સાહેબ જરાતો વિચાર કરો કે એક વાર પૃથ્વી વિગેરે બનાવવું અને તેનેજ બાળીને ભસ્મ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવું; વળી તેવી નહીં પણ તેનાથી સરસ નવી નવી બનાવવી. આ વાત તે શું પ્રભુને ઘટે અને હોય, ના, ના હું તો તે સઘળું કલ્પીત કથનજ માનુંછુ અને પંડિત પુરૂષો પણ તે કદી માન્ય કરશે નહી એમ ખાત્રી છે. જુઓ પ્રભુએ માટીથી દેહ બનાવી પછી તેમાં શ્વાસ નાખીને આત્મા બનાવ્યો. ઇશ્વરે તે માણસનું નામ આદમ પાડયું. ઇશ્વરે આદમને કહ્યું કે. તારી પાસે રહેવાને એક સ્ત્રી બનાવીશ. પ્રભુએ આદમને ભર ઊંઘમાં નાખીને તેની પાંસળીઓમાંથી એક લીધી અને એક બૈરી બનાવી. આદમ ઊઠયો અને જોયું તો તેને બૈરી માલુમ પડી. એનુંનામ હવા પાડયું. હવે વિચાર કરો કે માટીથી .આદમને બનાવ્યો તે બને ખરો ? વળી આદમની એક પાંસળીમાથી હવા નામની સ્ત્રી બનાવી તે પણ ખરી કોઈ માને ખરો ? વળી અનાદિકાળનો જે આત્મા તે પણ શું પ્રભુનાથી બનવાનો ખરો ? કંઇ બનવાનો નથી. આવી આવી વાતો સાંભળવાથી પંડિત પુરૂષોને હાંસી ઉત્પન્ન થાય છે કે હજી આત્માનું સ્વરૂપ આમના સમજવામાં આવ્યું નથી. જો સમજવામાં આવ્યું હોત તો આત્મા બનાવ્યો બને છે, વળી જગત પ્રભુ ઉત્પન્ન કરે છે, તેવું અજ્ઞાન રહેત નહી. આ જગત અનાદિકાળનું છે, તેમાં જીવો પણ અનાદિ કાળના છે, તેવું માનવું તે ખરૂં છે. વળી ઇસુના ઉપર જે પ્રિતી રાખે છે તેનાં નામ તે જીવનના પુસ્તકમાં લખે છે તે પણ મિથ્યા છે. અરે ! આ દુનીયા ઉપર ક્રોડો મનુષ્ય છે તેનાં દરરોજનાં પાપ લખવામાં તેને કેટલી બધી તસ્દી પડી આ દુનીયાના માણસો હરઘડીએ પાપ કર્યાં કરે છે તો તે અવસરે શું લખ્યા કરતા હશે ? ના, એ કાંઇ માનવા જેવી વાત છેજ નહી, મનોકલ્પિત માલુમ પડે છે. વળી તેમનાં સારાં કામ તથા ભુંડાં કામ લખવામાં દીવસની કેટલી રૂશનાઇનો વ્યય થતો હશે, અને ત્યાં રૂશનાઇ કોણ બનાવે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લખવા માટે કાગળો પણ કેટલાક મોટા હશે. વળી લોકોનાં સારાં નરસાં કામ કઇ ભાષામાં અને કઇ લીપીમાં લખે છે તેની પણ સાબીતી થતી નથી. વળી સ્વર્ગ લોક કેવડો મોટો છે, સ્વર્ગનું બારણું અહીંથી કેટલું દૂર છે અને તે લોઢાનું છે કે સોનાનું, વળી સ્વર્ગ લોક અહીંથી કેટલે દુર છે અને ત્યાં ખાવાનું શું છે, ત્યાં સૂર્યનો પ્રકાશ પડે છે કે કેમ? વિગેરે બાબતોનો કાંઇ ખુલાસો બતાવી શકશો; તમારાં પુસ્તકોમાં તો કાંઇ જણાતો નથી. માટે તમારો ધર્મ મનોકલ્પિત છે પણ ઇશ્વર પ્રણિત નથી એ નિઃસંદેહ માનજો. ૧ વળી તમને પુછીએ છીયે કે તમારો પ્રભુ નિત્ય છે કે અનિત્ય, ૨ રૂપી છે કે અરૂપી, ૩ સર્વજ્ઞ છે કે અસર્વજ્ઞ. ઇત્યાદિનું જ્ઞાન બાઇબલમાંથી મળી શકતું નથી. વળી તમો પ્રભુને રહેવાનું સ્થાન સ્વર્ગ માનો છો તે જગત કહેવાય કે નહી? જો જગત કહેવાય તો જગત બન્યા પહેલાં તમારો પ્રભુ સાકાર કયે ઠેકાણે ઊભો રહ્યો હતો અગર બેઠો હતો; વળી જો સ્વર્ગને જગતની બહાર ગણશો તો તેને બનાવનાર કોણ? જ્યારથી તમારો પ્રભુ હશે ત્યારથી તે સ્વર્ગ પણ હોવું જોઇયે. પ્રભુને તો અનાદિ માનો છો ત્યારે સ્વર્ગ પણ અનાદિ ઠર્યું, અને સ્વર્ગ અનાદિ ઠર્યું તો આ દુનીયા પણ અનાદિ ઠરી તેમાં કાંઇ બાધ આવતો નથી. વળી સ્વર્ગમાં પૃથ્વી, પાણી, અગ્ની, જળ, વાયુ, વનસ્પતિ છે કે નહી ? તમો કહેશો કે તે પ્રમાણે છે તો તે પણ જગત કેમ નહી કહેવાય. ઇત્યાદિક ઘણા દોષ આવે છે. વળી તમારા પ્રભુને આ દુનીયાનો નાશ કર્યા પછી વળી બીજી દુનીયા બનાવવી પડશે ત્યારે તો તે કામમાંથી નવરો થવાનો નથી; એને તો કામ લાગુજ પડેલું છે. જીવોને બીચારાઓને ઉત્પન્ન કરી તેમને નર્કમાં નાખવા, બાળી નાખવા, તે શું પ્રભુને સારૂં લાગે છે વળી નર્ક કયે ઠેકાણે આવી, તે શાશ્વતી છે કે અશાશ્વતી,



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વળી દુનીયા બનાવ્યા પહેલાં નર્ક બનાવી કે કેમ, તે પણ સ્પષ્ટ તમારાં પુસ્તકોમાં નથી. વળી નર્ક કેટલી દૂર, કેટલી મોટી છે તેનું જ્ઞાન પણ તમારાં પુસ્તકોમાં ઠીક ઠીક નથી. વળી તમે લોકો પુનર્જન્મ માનતા નથી, આ જીવ અહીંથી મરીને બીજો જન્મ લેવાનો નથી એમ માનવું એ અયોગ્ય છે. કારણ કે અમે એકલાજ તેમ માનીએ છીએ એમ નથી પરંતુ આ જગત પર ઘણા ધર્મના મત પંથ છે જેવા કે, બ્રાહ્મણ, મીમાંસક, બૌધ વિગેરે પણ સર્વે કોઇ પુનર્જન્મ માને છે અને એ વાત ખરી છે. નાનું બાળક જન્મે છે તે વખતે પોતાની માને ધાવવા લાગે છે. એ તદ્દન અજ્ઞાન છે તે તમો સારી રીતે સમજો છો છતાં તુરત તે ધાવવા લાગ્યુ તેનું કારણ શું, તેને કોણે સમજાવ્યું અને સીખવાડયું ? પણ તેમ સમજાવવાની અને સીખવાડવાની જરૂર નથી એતો પાછલા ભવના અભ્યાસે કરી તે ધાવવા લાગે છે. વિગેરે પુનર્જન્મ એ ખરી વાત છે તેની ઘણી શાબીતીઓ છે. પુન્ય અને પાપના ઉદયથી જીવ સુખ દુઃખ પામે છે. જો પુન્ય અને પાપ ન હોય તો સર્વે મનુષ્યો એક સરખી સ્થિતીનાં જન્મવાં જોઇએ તથા એક સરખી સ્થિતી ભોગવવી જોઇયે. પણ તેમ આ જગતમાં જોવામાં આવતું નથી. કોઈ દરિદ્રિ હોય છે, કોઇ જન્મથી લુલો, કોઈ બેહેરો, કોઇ આંધળો, વિગેરે જન્મે છે, તેનું કારણ પણ પુન્ય પાપ છે. જો પાછલા ભવમાં પાપ કર્યાં હોયતો લુલાં, લંગડાં, બેહેરાં, બોબડાં, અજ્ઞાનીપણું એવાં એવાં દુઃખ ભોગવવાં પડે છે, અને જો પાછલા ભવમાં પુન્ય કર્યાં હોય તો ધન, પુત્ર, સ્ત્રી, મોટી પદવી વિગેરે સારી સામગ્રી પામી શકે છે, માટે પુન્ય અને પાપ પણ અવસ્ય માનવાં જોઇયે.

**ખ્રીસ્તી**–જે જન્મથી લુલાં, બેહેરાં, બોબડાં અવતરે છે તેણે પ્રભુની આજ્ઞા તોડી છે તેથી એવો અવતાર પામે છે.

**જૈની**—અરે મારા મિત્ર, તમારા બોલવા ઉપરથીજ પુનર્જન્મ સાબીત થાય છે. જુઓ, જેઓ લુલાં, લંગડાં વિગેરે અવતરે છે તેણે પ્રભુની આજ્ઞા તોડી છે એમ તમે કહો છો ત્યારે તેણે કઇ વખતે પ્રભુની આજ્ઞા તોડી તે કહેશો? જન્મ વિના આજ્ઞા તોડી શી રીતે કહેવાય? તે જીવો મનુષ્ય વિગેરેનો જન્મ પામ્યા હશે તે વખતમાં પ્રભુએ કહેલી આજ્ઞા નહી માની હોય તેથી તેમને આવો (લંગડાં, લુલાં વિગેરેનો) અવતાર પ્રભુએ આપ્યો એમ તમારે કહેવું પડશે. એ સિવાય બીજું તમારાથી કહેવાય તેવું નથી. અને જો એમ સિદ્ધ થયું તો પુનર્જન્મ તમારા મુખથી સિદ્ધ થયો. કર્મના અનુસારે પુનર્જન્મ થયાં કરે છે.

**ખ્રીસ્તી**–જીવને પ્રભુએ લુલાં, બેહેરાં, આંધળાદિની સ્થિતિમાં જન્મ આપ્યો તેમાં જેવી પ્રભુની ઇચ્છા. અર્થાત્ પ્રભુની ઇચ્છામાં આવ્યું તેવો અવતાર આપ્યો.

**જૈની**—બીચારા જીવને કારણ વિના બેહેરા આંધળાનો જન્મ આપ્યો અને કોઇ જીવને પંચેંદ્રિય સંપૂર્ણતાપણું આપ્યું ત્યારે તો તેમાં ન્યાય કાંઇ રહ્યો નહીં. એતો મરજીને આધારે વાત રહી. ત્યારે કોણ જાણે ધર્મીને નર્કમાં નાંખી દેશે અને પાપીને સ્વર્ગમાં લઇ જશે તેમાં શો વિશ્વાસ રખાય. જેવી તેની ઇચ્છા હશે તે પ્રમાણે કર્યા કરશે. આ તે શું માનવા યોગ્ય છે? નહીં નહીં, તેમ છેજ નહીં. એવા ખોટા વિકલ્પ તજીને વીતરાગ અરીહંત ભગવાનને શરણે આવો કે જેનાથી શુદ્ધ જ્ઞાન પામો અને તમારૂં કલ્યાણ થાઓ. વળી જુઓ તમારો પ્રભુ જ્યારે આ દુનીયાને બાળીને ભસ્મ કરશે ત્યારે તેમાં કઇ દુનીયાએ (દુનીયાના કયા ભાગે) અન્યાય કર્યો હશે કે જેથી તેને જગત બધું બાળવું પડશે?

**ખ્રીસ્તી**-પ્રભુએ મનુષ્યોને બનાવ્યાં અને સેતાનના પ્રસાઆથી પ્રભુની આજ્ઞા તોડી તેનું પ્રભુએ ફળ આપવું તે ન્યાય છે માટે જગતને બાળી નાખશે.

**જૈની**—અરે! આ તો પ્રભુ અને તેનો ન્યાય સર્વ મનુષ્યોને વિચારવા લાયક છે. વિચારો, મનુષ્યોએ કદાપિ આજ્ઞાના ભંગરૂપી અન્યાય કર્યો પણ પશુઓએ, માંછલાંઓએ, પંખીઓએ શો અન્યાય કર્યો કે જેથી તેમને પણ બાળીને ભસ્મ કરશે. પૃથ્વી, પર્વત એ જડરૂપ પડે છે, એને કાંઇ પ્રભુની આજ્ઞા તોડવાનું જ્ઞાન નથી તો ફેર પ્રભુનો કેવો ન્યાય ઠર્યો. કાંઇ નહીં. આ બધું વિચારતાં સર્વ અઘટીત માલમ પડે છે. માટે શુદ્ધ અને સાચા દેવ અરિહંતના સ્યાદ્વાદ ધર્મનો અંગીકાર કરી જન્મ સફળ કરો. હું પણ જૈનશાસનના દેવતાઓ પ્રત્યે વિનંતી કરૂં છું કે, હરેક રીતે અજ્ઞાનતારૂપી અંધકુપમાં બુડતા પ્રાણીને સદ્બુદ્ધિ બક્ષી અર્થાત્ સત્ય માર્ગ સુજાડી સત્ય તત્વરૂપ જૈન ધર્મની પ્રાપ્તિ થાય તેમ પસંદ કરો.

**ખ્રીસ્તી**—જૈનમત પ્રમાણે જીવ નિશ્ચયમાં અનાદિકાળથી સિદ્ધરૂપ છે. પણ તે મનાય તેમ નથી, કેમકે સિદ્ધરૂપ એ રીતે મનાય છે કે, સર્વ ગુણના સત્તા ગુણ એ અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વિર્ય છે. અચ્છેદન, અભેદન તથા અરૂપી છે. જુઓ અધ્યાત્મસારોદ્ધાર તથા બોધ દીનકર નામે ગ્રંથ પૃષ્ટ ૪; એમાં જ્ઞાન એવું નામ આત્માનું છે વિગેરે કેટલાક પ્રમાણ છે.

**જૈની**—જૈનમત પ્રમાણે જીવ નિશ્ચયમાં અનાદિકાળથી સિદ્ધરૂપ છે એવું તમોએ વાક્ય લખ્યું તે અશુદ્ધ છે. નિશ્ચય નયથી અનાદિકાળ સિદ્ધરૂપ છે, પણ નિશ્ચયમાં કહી શકાય નહીં. નયની અપેક્ષા વિના નિશ્ચય અને વ્યવહાર શબ્દનો પ્રયોગ અશુદ્ધ છે. નિશ્ચય નય અને વ્યયહાર નય એ બે નય અમે માનીએ છીએ. વ્યવહાર નયથી અને નિશ્ચય નયથી આત્માનું સ્વરૂપ જાણ્યું તે ગુરૂગમ્ય છે. માટે ગુરૂગમ્ય જાણ્યા વિના નિશ્ચય નયને ઠેકાણે નિશ્ચયમાં લખ્યું તેનો અર્થ આપના સમજવામાં જુદોજ આવ્યો છે એમ સમજ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાશ્રયનો ઉત્તરખા
જ્ઞાનભંડા
સુરત

વામાં આવે છે. વેદાંતી, અદ્વૈત તથા જૈની ઈશ્વર કર્ત્તા માનતા નથી અને તમો જગતકર્ત્તા માનો છો તેની ચર્ચા પ્રસંગોપાત જણાવીશ.

જૈઅલ પોતાની ચોપડીના પાના ૩૭માં જણાવે છે કે, જીવને પાપરૂપ મેલે કરી મલીન માનવો અને વળી નિર્મળ માનવો તે ઘટી શકતું નથી. તેને માટે અંધારા અને અજવાળાનું દૃષ્ટાંત આપે છે તે પણ ઘટી શકતું નથી. આ ઠેકાણે તે દાખલો લેવો તે અયુક્ત છે કારણ કે તેનો તો, પ્રતિપક્ષી સ્વભાવ છે તેથી કોઇ કાળે અંધારૂં અજવાળું થઇ શકે નહીં. પણ આ આત્માને તો કર્મ સંગાતે ખીર નીરને સંબંધ સારો લાગુ પડી શકે છે. જેમકે, ખીર (દુધ) અને પાણી એમાં હોય ત્યારે ખીર અને નીર મિશ્ર છે એમ લોકમાં થતો વ્યવહાર પ્રસિદ્ધ છે, અને હંસ પક્ષી જ્યારે પોતાની ચાંચવડે ખીર અને નીર જુદું પાડે છે ત્યારે લોકમાં ખીર અને નીર જુદું છે એમ વ્યવહાર થઇ શકે છે. એક કાલાવચ્છેદેન ખીર નીર મિશ્ર તથા જુદો એવો વ્યવહાર થઇ શકતો નથી. પણ કાળની અપેક્ષાએ થઇ શકે છે. તેમ આ આત્મા હાલ કર્મની સંગતીએ મિશ્ર થઇ ગએલો છે અને જ્યારે કર્મથી જુદો પડશે ત્યારે તે કર્મ રહિત નિર્મળ આત્મા એવો વ્યવહાર થઇ શકશે. કર્મ સહિત આત્મા કર્મથી જુદો પડશે. સ્વતઃ પ્રકાશી છે તે કારણથી નિશ્ચયથી (કેવળ કર્મની અપેક્ષા વિના) સિદ્ધ સમાન છે તે વાત નિઃસંશય છે. જેમ કેટલુંક સોનું શુદ્ધ મેલ વિનાનું છે તેને નિર્મળ સોનું કહીએ છીએ અને ખાણમાં જ્યારે માટી સહિત મિશ્ર થએલું હોય છે ત્યારે રજસંયુક્ત સોનું એવો વ્યવહાર લોક પ્રસિદ્ધ છે. રજ મિશ્રિત સોનામાં શું શુદ્ધ સોનાના જેવી સત્તા પ્રકાશ કરવાની તથા રંગ રમણીયતાની નથી રહી? હા, અલબત રહી છે. પણ રજના સંયોગથી ઢંકાઇ ગયેલી છે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેથી શુદ્ધ કંચનના જેટલી તેની કીંમત થઇ શકશે નહીં. અને તેવી પ્રકાશતા પણ તેની પડશે નહીં. પણ જ્યારે રજ રહિત થશે ત્યારે તો શુદ્ધ કંચન થશે અને તેમાં કશો ભેગ રહેશે નહીં. તેમ આ આત્મા કર્મ સહિત છે ત્યાંસુધી કર્મ સહિત આત્મા એવો વ્યવહાર થઇ શકે છે, અને જ્યારે કર્મ રહિત થાયછે ત્યારે કર્મ રહિત એવો આત્મા કહી શકાય છે. પણ જ્યારે કર્મ સહિત હોય ત્યારે શું આપણે નથી કહી શકતા કે આ આત્મા કર્મ રહિતના જેવો પ્રકાશી અને આનંદમય છે ? હા, અલબત કહી શકીએ છીએ. કારણ કે આગળ તે આત્મ સ્વરૂપ ઓળખી કર્મને દુર કરી આત્મ સ્વરૂપ શુદ્ધ ચિન્મય પ્રાયઃકરશે; માટે એવાં જે અપેક્ષા વચન વ્યવહાર નય અને નિશ્ચય નયનાં તે યુકિતયુકત છે. એમાં કાંઇ સંશય નથી. તો જૈમલ પદમીંગજી પાપ પુણ્ય સહિત પણ આત્મા અને પાપ પુણ્ય રહિત આત્મા એવો જે વ્યવહાર તેને ખોટો ઠરાવે છે તે તેનું બોલવું ઊંટના શિંગડાં સમાન છે. જેમકે, દૃષ્ટાંત તરીકે જૈમલ પોતે જ્યારે જૈની સાધુ હતા ત્યારે લોકો તેમને 'સાધુ' એમ કહી શકતા હતા, અને ખ્રીસ્તી થયા ત્યારે ' ખ્રીસ્તી ' એ વ્યવહારથી બોલાવે છે. વળી કેથોલીક બૌધો વિગેરે ધર્મને સત્ય માની ખ્રીસ્તી ધર્મને છોડી દેશે તો લોકો ' કેથોલીક બૌધાદિક ' એમ કહી બોલાવશે. તેમ આ આત્મા કર્મ રહિત થયો તેને ' સિદ્ધ ' કહે છે અને કર્મ સહિત છે તેને ' સંસારી ' કહી બોલાવે છે. એ વાત નિઃસંશય છે. જેમ કોઇ રાજાનો દીકરો નાનો છે તેને લોકો કુમાર કહે છે અને આગળ આ કુમાર રાજા પણ થવાના છે એમ ધારી ભવિષ્ય રાજા એમ અપેક્ષા યુક્ત વચન બોલવું તે સત્યજ છે. પણ જૈમલ પદમીંગજી ને અપેક્ષા યુક્ત હૃદયમાં ઠર્યું નથી તેથી તેમના હૃદયમાં અજ્ઞાનરૂપી અંધકારે વાસ કર્યો છે. પણ નિત્યાનિત્ય

વસ્તુના ધર્મ પ્રકાશનારા તીર્થંકર ભગવાનના સાધુને શરણે આવે તો તેમનું અંધકાર દુર થઈ શકશે એમ ઈચ્છું છું. આ આત્મા ખાણમાં રજકનકનો અનાદિ કાળથી સંબંધ છે. તેવા સંયોગ સંબંધે કરી આત્મા કર્મનો અનાદિ કાળનો સંબંધ છે પણ સંયોગ સંબંધ અનિત્ય છે, માટે કોઈ કાળે તે બે વસ્તુઓ એક એકથી જુદી થઇ શકે છે; તેમ આ આત્મા અને કર્મનો સંયોગ સંબંધ અનાદિ કાળનો છે; કારણ મળે આત્મા અને કર્મ જુદાં થઇ શકે છે અને જ્યારે આત્મા જુદો થાય છે ત્યારે તેની શુદ્ધતા પ્રગટ થાય છે, અને પછી તેને જન્મ મરણ રોગ સોગ વિગેરે દુઃખો ભોગવવાં પડતાં નથી. પણ જ્યાંસુધી કર્મ છે ત્યાંસુધી તેને જન્મ મરણ કરવાં પડે છે; અને તે કર્મ જો શુભ કરે છે તો રાજ્ય, પૈસો, નિરોગીપણું વિગેરે સુખ પામે છે અને જ્યારે બીજા જીવોને દુઃખ દેવું, હિંસા કરવી, જુઠું બોલવું, ચોરી કરવી, પારકી સ્ત્રી સેવન કરવી, કુડ કપટ કરવાં, એમ પાપ કરે છે ત્યારે રોગી, સોગી, દરીદ્રિ વિગેરે દુઃખો પામે છે. જો કર્મ નહી માનીએ તો કોઇ સુખી દેખાય છે, કોઈ દુઃખી દેખાય છે, કોઇને શૂળીએ ચઢાવે છે, કોઇને રાજગાદી ઉપર બેસવાનું મળે છે, કોઇને આખા દીવસમાં પણ પેટ ભરાતું નથી, તેનું શું કારણ? તે કર્મ વિના બીજુ કહેવાનું નથી. જો કર્મ નહી માનો તો સર્વ એકસરખા હોવા જોઇએ. સુખી હોયતો સર્વ સુખીજ હોવા જોઇયે, દુઃખી હોયતો સર્વ દુઃખીજ હોવા જોઇયે. વળી તમે કહેશો કે આ દુનીયાને ઇશ્વરે પેદા કરી તે દશ પક્ષથી પણ ખરી ઠરતી નથી તે નીચે પ્રમાણે:-

૧ આ દુનીયા ઉત્પન્ન કરવાનું કારણ શું છે. ?

૨ દુનીયા ઉત્પન્ન કરનાર રૂપી છે કે અરૂપી છે ?

૩ દુનીયા ઉત્પન્ન કરનાર ઇશ્વર નિત્ય છે કે અનિત્ય છે ?

૪ દુનીયા ઉત્પન્ન કરનાર ઇશ્વર સર્વજ્ઞ છે કે અસર્વજ્ઞ છે ?
૫ દુનીયા ઉત્પન્ન કરનાર ઇશ્વર પ્રત્યક્ષ દેખાતો નથી તેનું શું કારણ ?
૬ દુનીયા ઉત્પન્ન કરનાર ઇશ્વર કયે ઠેકાણે રહે છે ?
૭ આ દુનીયાને ઈશ્વરે દીવસે ઉત્પન્ન કરી કે રાત્રે ?
૮ આ દુનીયા ઉત્પન્ન થયા પહેલાં જીવો કયે ઠેકાણે હતા ?
૯ આ દુનીયામાં જીવો કોઇ પશુ રૂપે, પંખી રૂપે, કોઈ મનુષ્ય રૂપે, સ્ત્રી રૂપે, એમ જુદા જુદા આકારવાળા દેખાય છે પણ એક સરખા દેખાતા નથી તેનું શું કારણ ?
૧૦ આ દુનીયાને ઈશ્વરે એક કાલાવચ્છેદેન ઉત્પન્ન કરી કે કેમ ?

પક્ષ પહેલો–દુનીયા ઉત્પન્ન કરવાનું કારણ શું છે ? તેના જવાબમાં તમો કહેશો કે, ઇશ્વરે સર્વ જીવોને સુખી કરવાને દુનીયા ઉત્પન્ન કરી, તે પણ તમારાથી કહેવાશે નહી. કારણ કે પહેલાં ત્યારે શું જીવો દુઃખી હતા. જ્યારે દુઃખી હતા ત્યારે તે દુઃખ તેમને કયાંથી વળગ્યું અને તે દુઃખ વળગવાનું કારણ પણ જોઈયે, તો તે કર્મવિના (સારાં ખોટાં કામ વિના) બીજું કહેવાશે નહીં. અને જ્યારે કર્મ માનશો ત્યારે કર્મ પણ જીવની સાથે દુનીયા ઉત્પન્ન કર્યા પહેલાનું ઠર્યું, તો તે કર્મ જીવની સંગત છે એમ નહી ઠર્યું. અને જ્યારે જીવની સાથે કર્મ છે ત્યારે તેમાં પણ પહેલું કર્મ કે જીવ તેવો પ્રશ્ન ઉત્પન્ન થશે. ત્યારે પહેલો જીવ યા કર્મ એમાંનું કાંઈપણ કહી શકાશે નહી. અલબત બન્ને સાથેજ છે એમજ કહેવાશે. જેમ સૂર્ય અને સૂર્યનો પ્રકાશ, જેમ કુકડી અને કુકડીનુ બચ્ચું, જેમ રાત્રી અને દીવસ, જેમ બીજ અને વૃક્ષ, તેમાં પહેલાં કોણ છે તે જેમ કહી શકાતું નથી તેમ પહેલું કર્મ કે જીવ તે પણ કહી શકાતું નથી. દુનીયા ઉત્પન્ન કર્યા પહેલાં જીવ અને કર્મ કેટલા કાળથી સંયોગી છે તે કાળની પણ

આદિ મળી શકવાની નથી. માટે અનાદિ કાળથી જીવ અને કર્મનો સંયોગ છે તેમ સિદ્ધ થયું, ત્યારે કર્મના સંયોગથી જીવ દુઃખી થાય છે માટે કર્મ પણ એક પદાર્થ છે તે સિદ્ધ ઠર્યું; તો તે કર્મ જુદા જુદા પ્રકારનું છે તેથી જુદા જુદા પ્રકારનાં સુખ દુઃખો જીવ ભોગવે છે. તે કર્મની મૂળ પ્રકૃતિ આઠ અને ઉત્તર પ્રકૃતિ સર્વજ્ઞ તીર્થંકર મહારાજાએ જ્ઞાનથી પ્રકાશી તે સત્યજ છે. વળી ઇશ્વરને દયા આવી તેથી દુનીયા ઉત્પન્ન કરી લોકોને સુખી કરવા એવી ઇચ્છા થઇ તે પણ ઇચ્છા ખોટીજ છે. કેમકે ઇશ્વરમાં જો શક્તિ હોત તો દુનીયા ઉત્પન્ન કર્યા વિના દુઃખનો નાશ કરી શકત. જેને આખી દુનીયા ઉત્પન્ન કરવાની શક્ત હતી તેને દુનીયા ઉત્પન્ન કર્યા વિના દુઃખ કાપવાની શક્તિ નહોતી કે શું? જો કદાપિ શક્તિ નહોતી એમ કહેશો તો દુનીયા ઉત્પન્ન કર્યા બાદ પણ તેનાથી શક્તિ નહી હોવાને લીધે દુઃખ દૂર થવાનાં નથી; તો તેને આ પ્રયાસ લેવો અજ્ઞાનયુક્ત ઠર્યો. વળી સાંભળીએ છીએ કે સર્વ જીવોનું દુઃખ ઇસુ ખ્રીસ્તને શરણે જાય તેનું ઇસુ પોતે લે છે. આ પણ એક તાજુબી ભરેલુ સમજાય છે. દુઃખ તે રૂપી છે કે અરૂપી છે, નિત્ય છે કે અનિત્ય છે, સ્વતંત્ર છે કે પરતંત્ર છે દુઃખ રૂપી છે તેને ઇશ્વરે લઇ લીધું તો ઇશ્વર પણ અત્યંત દુઃખી થઇ જશે. જેમકે, કોઇ માણસ બીજો માણસ ઝેર પીતો હોય તેનું ઝેર પોતે લઇ પીએ તો પોતે મહાદુઃખી થાય; તેમ ઇશ્વર બીજાનાં દુઃખને લઈ શકે તો તેને અત્યંત પીડા થઈ. આ ઠીક તમારી જ્ઞાનશક્તિ. પારકી પીડા પોતાના ઘરમાં ઘાલી અને જેમલ પદમીંગજી વળી તેના વિના કોની પ્રાર્થના કરે. વળી ઈશ્વર તે દુઃખો સર્વે લઇ લે છે તેમાં કંઇ પ્રમાણ છે. પ્રત્યક્ષ પ્રમાણ તો દેખાતું નથી. કારણ કે દુઃખો લઈ લેતો હોત તો તેના કોઇપણ ભકતો મરણ સમયે અસાધ્ય ત્રિદો-

ષાદિ દુઃખ, અકાળ મૃત્યુ, તોપને મોઢે ઉડવું, ટાંટીઆ ઘસવા, હાય હાય આદિ મનપર બળાપો, અનેક તર્ક વિતર્કો કરવો વિગેરે દુઃખો ભોગવી મોત પામવા જોઈએજ નહીં. તેવું તો કંઈ દેખાતું નથી. તેવું દુઃખ તો મરણ સુધી પણ લઇ શકયો નહીં તો શું કબરમાં માટીમાં માટી મળી ગયા પછી લેશે? ના, કાંઈ લેવાનો નથી. ત્યારે ફોકટ ઈશ્વર દુઃખ લઇ લે છે તેમ શા કારણથી કહો છો. વળી તે ઈશ્વર દુઃખ સર્વેનું લઇને પોતાની પાસે રાખે છે કે બીજે ઠેકાણે તે કહો. વળી આ દુનીઆનો મોટો ભાગ કે જે ઈસુને માનતા નથી, તેનો ભકિત કરતા નથી, તેનુ દુઃખ તે હરણ નહી કરે તેથી તે દ્વેષી ઠરે છે, અને પક્ષપાતી પણ ઠર્યો. પક્ષપાતી તો ઇશ્વર કહી શકાય નહી અને જો તમો તેને ઇશ્વર કહેશો તો દષ્ટાંત તરીકે હું તેનું ખંડન કરનાર પણ ઇશ્વર છું, એમ કહુંછું. જેમ તે દુઃખને હરણ કરે છે તે દેખાતાં નથી; તેમ હું પણ દુઃખ દુર કરૂં છું તે પણ દેખાતાં નથી, જેમ તે પાપીઓની પાસે પાપ ભોગવાવે છે તેમ હું પણ પાપીઓની પાસે પાપ ભોગવાવું છું, જેમ તે ન્યાયી માણસોને સુખી કરે છે મતે હું પણ ન્યાયી માણસોને સુખી કરૂં છું. જેમ તેના પુત્રે દુનીયાને ઉપદેશ દીધો હતો તેમ હું પણ દઉં છું, તો તે ઇશ્વર ખરો કે હું, તેની ખાત્રી કેવી રીતે તમો કરશો. માટે ઇશ્વર પોતે કોઈનાં દુઃખ હરણ કરી પોતે લેતો નથી, અલબત કર્મ કરે છે તે થાય છે. ઈશ્વર સિદ્ધ તો કર્મ રહિત થયા, તેવા તમો થવાને ઉદ્યમ કરો. એવા તેમને કહેલું છે તેમનું આલંબન તો નિમિત માત્ર છે. તેમણે જેવી રીતે કર્મને દુર કર્યા તેવી રીતે તમો કર્મને દુર કરો. એજ તેમનો અરિહંત અવસ્થાનો ઉપદેશ હતો. એવા રાગ દ્વેષ રહિત અરિહંત ભગવાન હતા તેની બરાબર સદ્દહણા કરી આત્મા

કર્મ સહિત છે અને ઈશ્વર દુઃખને લેતો નથી એ સત્ય વાત સમજો; અને જૈન સાધુને શરણે આવો કે જેથી તમારી અજ્ઞાનતા દુર થઈ સંખમાં રૂપાનો ભ્રમ મટી જશે. અને અજ્ઞાનતા રૂપી કમળાનો રોગ દુર થશે અને તેથીજ વસ્તુને વસ્તુપણે જાણવામાં આવશે.

પક્ષ બીજો–દુનીયા ઉત્પન્ન કરનાર ઈશ્વર રૂપી છે કે અરૂપી? દુનીયા ઉત્પન્ન કરનાર ઈશ્વર રૂપી હોયતો તે પ્રત્યક્ષ દેખાવો જોઈયે અને જો અરૂપી હોયતો તેનાથી આ આખું જગત ઉત્પન્ન થઈ શકેજ કેમ? જેમ કે, આકાશ અરૂપી છે તો કોઇ વસ્તુને બનાવી શકતું નથી, તેમ અરૂપી ઈશ્વર પણ કોઈ વસ્તુને બનાવી શકવાનો નથી, તેથી અરૂપી પણ ઇશ્વર કહી શકાતો નથી. રૂપી હોયતો એક કાલાવચ્છેદેન બનાવી શકવાને સમર્થ નથી. વળી કદાપી રૂપી ઇશ્વરને માનશો અને તેણે જે દુનીયા બનાવી તો તે દુનીયામાં રહેનારા, પર્વતો, સમુદ્રો, પથરો વિગેરે દુનીયા ઉત્પન્ન થયાં પહેલાં કયે ઠેકાણે રહ્યા હતા? શું ઈશ્વર હાથમાં ઝાલી રહ્યો હતો કે શું? અને તે પહેલાંના સમુદ્રો, પર્વતો હતા એમ કદાચ તમો કહેશો તો પ્રાણીઓ પણ તે પહેલાંના હતા એમ કહેવામાં શું બાધ આવશે? વળી પ્રાણી, સમુદ્રો પર્વતો પથરો, દુનીયા પહેલાં સિદ્ધ ઠર્યા તો તેજ દુનીયાજ થઈ. જેમ પ્રાણી, સમુદ્ર, પૃથ્વી, પર્વતો હોય તેને દુનીયા કરેલી તો તે ઈશ્વરે બનાવેલી દુનીયાની પહેલાં દુનીયા હતી તેવું સિદ્ધ થયું; તો નવી દુનીયા બનાવવાનું શું કારણ તે પણ કહેવાને સમર્થ થવાશે નહીં. વળી રૂપી ઈશ્વર પણ કહી શકાતો નથી, કેમકે રૂપી જીવ હોય તે રૂધીર માંસ લોહીથી બનેલો છે, તો તે ઇશ્વરને પણ રૂધીર માંસ લોહી હોવું જોઇએ, તો તે ખાતો પણ હોવો જોઇએ, અને તેમ છે તો તે શું ખાય છે તે બતાવો. વળી જે ખાય છે તે વિષ્ટા પણ કરે છે તો તે

કરે છે કે કેમ તે બતાવો. વળી અમો ઇસુને માનતા નથી તો તે અમને સમજાવવા કેમ આવતો નથી. જો તે અમને સમજાવશે તો અમે પણ તેના ભક્ત બની જઈશું. વળી પ્રત્યક્ષ દેખાશે અને અમને ઉપદેશ આપશે તો ઘણીજ અમારા મન ઉપર લાગણી થશે. પણ તે કાંઈ થતું નથી, પ્રત્યક્ષ હોય તો આવે, નહીં હોય તો કેવી રીતે આવી શકે. જેમ આકાશનું ફુલ એવો વ્યવહાર મોટો થાય છે, તે ફુલ આકાશનું દેખાશે નહીં અને સુગંધી આપશે નહીં; તેમ તમારો ઈશ્વર પણ દેખાવાનો નથી, અને તમોને તારવાનો પણ નથી. માટે જૈની સાધુઓને શરણે આવી પ્રાર્થના કરો કે તમોને રૂપી અરૂપી ઈશ્વર કેમ કહેવાય તેની સમજણ પાડી ભ્રમ દૂર કરે.

**પક્ષ ત્રીજો**—દુનીયા ઉત્પન્ન કરનાર ઇશ્વર નિત્ય છે કે અનિત્ય? ઉપરના બે પ્રશ્નના વિવેચનથી ઈશ્વર દુનીયાને ઉત્પન્ન કરનાર સિદ્ધ થતો નથી; તેમ નિત્ય પણ દુનીયાને ઉત્પન્ન કરનાર ઇશ્વર કહેવાશે નહીં. ઈશ્વરને નિત્ય કહેશો તો તેની જેટલી બનાવેલી વસ્તુઓ હોય તેટલી નિત્ય અખંડિતજ રહેવી જોઇએ. જેમકે પૃથ્વી, પાણી, પર્વત, સમુદ્ર, પશુ, પંખી, મનુષ્ય વિગેરે. પણ તેમ અખંડિત તે વસ્તુઓ જોવામાં આવતી નથી, તેમાં ફેરફાર થઇ જાય છે અને જુદા જુદા રૂપને મનુષ્યાદિ ધારણ કરે છે. મનુષ્યો મરી જાય છે, પશુ પક્ષીઆદિ પણ મરી જાય છે; તો તે નિત્ય રહી શકતાં નથી અને અનિત્ય થઇ જાય છે તેથી ઇશ્વરમાં અનિત્ય વ્યાપત્તિ દોષ આવશે. વળી જો ઈશ્વરને અનિત્ય માનશો તો ઈશ્વર એક રહેવાનો નથી અને તેની બનાવેલી દુનીઆનો પણ નાશ થવાનો તો તેની ભક્તિ કરેલી તેનો બદલો તે નાશ થવાથી બીજો કોણ આપશે કે ઈશ્વરની ભક્તિ કરવી. વળી તેના કાયદાને અનુસરવું તે પણ અનિત્ય ઠર્યું. એમ

નિત્ય અને અનિત્ય બે વિકલ્પોએ કરી ઇશ્વર સિદ્ધ જગત કર્ત્તા ઠરતો નથી.

પક્ષ ચોથો—દુનીયા ઉત્પન્ન કર્ત્તા ઇસુ સર્વજ્ઞ છે કે અ સર્વજ્ઞ? દુનીયા ઉત્પન્ન કરનાર ઈસુ જો સર્વજ્ઞ હોય તો તેના પેદા કરેલા પ્રાણીઓ, તેના ભકતો પણ સર્વજ્ઞ હોવા જોઇએ. જેમ કાગડાથી ઉત્પન્ન થએલા કાગડાઓ કાગડાના જેવી ચેષ્ટા કરનારા વર્ણવાળા હોય છે, મનુષ્યનાં બચ્ચાંઓ મનુષ્ય ના જેવી ચેષ્ટાઓ કરનારા હોય છે, તેમ તેમના ઉત્પન્ન કરેલા મનુષ્યાદિને પણ તેમના જેવું સર્વજ્ઞપણું મળવું જોઇએ અને હોવું જોઇએ, પણ તેમ કાંઇ છે નહીં. અર્થાત્ સર્વજ્ઞપણું પોતાનામાં હોય ત્યારે બીજાઓને પણ સર્વજ્ઞપણું આપી શકે એમ અનુમાન થતાં સર્વજ્ઞપણું તેમનામાં નથી એમ સિદ્ધ થાય છે. વળી કદાપી તમે કહેશો કે તે સર્વજ્ઞ હતો પણ પોતાના જેવા બીજાઓને જ્ઞાન આપી કરવા નહી તો તેમ કરતાં તે કપટ ઠરશે અને પોતેજ પુજ્ય બનવું તેવી અભિલાષા રાખી બીજાઓની પાસે ભકિત કરાવવી તો તેમના સરખા તે કદી કરી શકવાનો નથી અને તેમના જેટલું જ્ઞાન પણ મળી શકવાનું નથી. નહી, નહી, સર્વજ્ઞ હોય તે બીજાઓને સર્વજ્ઞ કરી શકે છે. જેમ ઇએલ ભમરાનો સંગ કરી સંપૂર્ણ ભમરાપણું પામે છે તેમ સર્વે જીવો સર્વજ્ઞ થઇ શકે, પણ સર્વજ્ઞ હોય તો કરી શકે. અસર્વજ્ઞ હોય તે શી રીતે સર્વજ્ઞ કરી શકે. અસર્વજ્ઞ ઈશ્વર કહેશો તો વદતાં વિઘાત દોષ આવશે માટે તે પણ કહી શકવાના નથી.

પક્ષ પાંચમો—

**જૈની**—દુનીયા ઉત્પન્ન કરનાર ઇશ્વર પ્રત્યક્ષ દેખાતો નથી તેનું કારણ શું?

**ખ્રીસ્તી**—દુનીયા ન્યાય યુક્ત ચાલતી નથી માટે દેખાતો નથી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જૈની**—ન્યાય યુકત ચાલતી હોય તો દેખાય તેમાં ઈશ્વરે શું નવાઈ કરી ! જ્યારે અન્યાયના રસ્તે ચાલતી હોય ત્યારે તેમને સમજાવે, પ્રત્યક્ષ થઇ કહે, તો આટલો દુનીયામાં અન્યાય થાય છે તે કેમ રહે? જેમ કોઈ ચોર ચોરી કરે છે ત્યારે તેને રાજા બોલાવી સજા કરી શિખામણ આપે તો બીજી વાર ચોરી થતી અટકે; તેમ જો ઇશ્વર દેખાય તો ઇશ્વરને જે લોકો માનતા નથી તે માને અને ઈશ્વરના ભકતો દુનીયામાં સર્વે થઈ જાય.

**ખ્રીસ્તી**—અરે ! ઈશ્વર ન્યાયી છે તે ન્યાયી માણસોનેજ દેખાવાનો, અન્યાયીઓને દેખાય તો પછી ન્યાય અને અન્યાય કરનારાઓને સરખો ફાયદો થાય, માટે ન્યાયી માણસોનેજ દેખાય છે,

**જૈની**—જ્યારે તે ન્યાયીઓનેજ દેખાવાનો ત્યારે અન્યાયીઓ દુઃખીને દુઃખીજ રહેવાના. અન્યાયીઓને ઇશ્વર દેખાશે નહીં ત્યાંસુધી તેઓ અન્યાય છોડવાના નથી તો સુખી કેવી રીતે થવાના.

ખ્રીં૦—પરમેશ્વરના ભકતો તેમને ઉપદેશ કરી ઇશ્વરના ભક્ત થવા કોશીશ કરશે ત્યારે તેમનામાં ન્યાય આવશે અને ત્યારે ઈશ્વર પ્રત્યક્ષ દેખાશે.

**જૈની**—જેટલા હાલ ખ્રીસ્તીઓ બની ગયા છે તેમને તો ન્યાયીપણું આવ્યું ખરૂં કેની ! અને તેમને તો ઇશ્વર આખો હાજરાહજુર દેખાતો હશે ! ઠીક, વારૂ, હાલ ખ્રીસ્તી ધર્મીએ કેટલા દેખે છે તે બતાવશો ?

ખ્રી૦—હૃદયમાં ઊંડો વિચાર કરે છે.

**જૈની**—અરે ભાઇ ! જે અરૂપી નિર્મળ સ્વસત્તા પ્રકાશી એવા કર્મ રહિત થઇ સિદ્ધસ્થાનમાં પરમાત્મપણું અનુભવે છે એવા સિદ્ધ ભગવંતો તમને આ ચર્મ ચક્ષુવડે દેખાઈ શકાય નહીં. તમારા શરીરે લાગતો એવો વાયુ પણ તમે આંખે દેખી શકતા નથી, તો ઇશ્વર જે અરૂપી, અજરઅમર, અવિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાશી તે ચર્મચક્ષુવડે કેમ દેખી શકાય ? દેખી શકાતો નથી. પરંતુ કેવળજ્ઞાન થાય તો રૂપી અરૂપી સર્વે વસ્તુઓ દેખી શકાય છે. માટે તમારા મનની શંકાઓ દૂર કરી જૈની સાધુઓને શરણે આવો કે જેથી તમે આત્માનું સ્વરૂપ ઓળખો. કપોલ કલ્પીત ઈશ્વર કદીપણ સ્વપ્નવત્ દેખાય નહી માટે તમારી ભ્રમણાઓમાં બીજાને ભરમાવો નહી કે જેથી તમારૂં કલ્યાણ થાય.

પક્ષ છઠ્ઠો —

**જૈની**—દુનીયા ઉત્પન્ન કરનાર ઈશ્વર કઈ ઠેકાણે રહેછે તે બતાવો.

**ખ્રીસ્તી**—ઈશ્વર સ્વર્ગમાં સિંહાસન ઉપર બેઠેલો છે અને તેની જમણી બાજુએ તેનો દીકરો ઇસુ બેઠો છે. ઈશ્વર સ્વર્ગમાં રહે છે.

**જૈની**—સ્વર્ગ એ પથર માટી સોનાથી બનેલું છે કે કેમ ?

**ખ્રીસ્તી**—હા, તેમજ જણાય છે.

**જૈની**—અરે મારા પ્રિયમિત્ર ! જે નિરાકાર પ્રભુ તેને સિંહાસનપર બેસવું તથા મસ્તકે મુગટ (મુકુટ) ધારણ કરવો એ વિગેરે સંભવતું નથી. અમારા જૈન મતમાં દેવતાઓનું વર્ણન કરેલું છે તેમાં દેવતાઓ સ્વર્ગમાં રહેછે અને તેઓ મુગટ વિગેરે ધારણ કરે છે. મોક્ષ સ્થાન તો તેથી વ્યતિરિક્ત માનેલું છે. તમો ખ્રીસ્તીઓ તો અમારા મતમાં માનેલા (સ્વર્ગ) દેવલોકના જેવું તમારા પ્રભુનું ઠેકાણું માનો છો તો તેથી તમારો પ્રભુ માનેલો કોઈ જાતિ વિશેષ દેવતા સંભવે છે, પણ નિરાકાર પ્રભુ સિદ્ધ થતો નથી. દેવલોકમાં તેવા દેવતાઓ તો ઘણા છે, અને દેવતાઓના ઉપરીઓ મુખ્ય ચોસઠ ઇંદ્રો છે. તેમાં તમારો પ્રભુ ઇંદ્રના સ્થાનકે પણ કહી શકાય નહી, તેમ કોઈ મહંત દેવતા પણ દેખાતો નથી. કોઈ સામાન્ય દેવતા હોય એમ સંભવે છે. પછી તો જ્ઞાની જાણે. માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમોએ માનેલું સ્વર્ગ દેવલોક ઠરે છે અને તે પ્રભુનું સ્થાન કહેવાતું નથી.

પક્ષ સાતમો—

**જૈની**—આ દુનીયા ઇશ્વરે દીવસે ઉત્પન્ન કરી કે રાત્રે? જુઓ, સૂર્ય અને ચંદ્ર થકી રાત્રી અને દીવસ એવો વ્યવહાર થઈ શકે છે, જો સૂર્ય અને ચંદ્ર ના હોય તો દીવસ અને રાત્રી એવો વ્યવહાર થઇ શકત નહી. હવે ચંદ્ર અને સૂર્યને બનાવનાર જો પ્રભુ મનાય તો રાત્રી દીવસ જગત બનાવ્યા પહેલાં સિદ્ધ થશે નહી. ત્યારે જગત દીવસે પણ બનાવ્યું સિદ્ધ થતું નથી, તેમ રાત્રે પણ બનાવ્યું સિદ્ધ થતુ નથી. ત્યારે અનુક્રમે વિચારી જોતાં આ જગત અનાદિ કાળનું છે જ એમ સિદ્ધ થાય છે; પણ તેની આદિ નથી, ત્યારે વળી તેનો બનાવનાર પ્રભુ માનવો તે જુઠું ઠરે છે.

પક્ષ આઠમો—

**જૈની**—આ દુનીયા ઉત્પન્ન થયાં પહેલાં જીવો (આત્મા) કયે ઠેકાણે હતા?

**ખ્રીસ્તી**-પ્રભુની પાસે હતા.

**જૈની**--તે પોતાની પાસે કયે ઠેકાણે રાખતા હતા. શું પોતાના પેટમાં રાખતા અગર કોઈ પેટીમાં રાખતા હતા? વળી આ જગત ઉત્પન્ન થયા પહેલાના જીવો (આત્માઓ) પવિત્ર હતા કે અપવિત્ર હતા એમાનું તમારાથી કાંઈ પણ કહેવાશે નહી. માટે અનાદિકાળ આત્મા સિદ્ધજ છે. તેને કોઈ ઉત્પન્ન કરનાર નથી. માટે અસત્ય કલ્પનાઓ તજીને સત્ય અનંત ગ્નાનધારક એવા અરિહંતને શરણે આવો કે જેથી તમારૂં કલ્યાણ થાય.

**ખ્રી૦**—સર્વ જીવોને ઇશ્વરે ઉત્પન્ન કર્યા.

**જૈની**—કોઇપણ કાળે અને કોઇપણ રીતે જીવને ઉત્પન્ન કરનાર ઇશ્વર સિદ્ધ થતો નથી. વળી તમે લોક ત્રિએક દેવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનો છો તેમાં પણ આત્મા અનાદિ માનો છો, તેનો કોઇ કર્તા નથી. તો વળી ફેર જીવોનો પેદા કરનાર ઈશ્વર કદાગ્રહ કરી કેમ માનો છો? માટે સત્યને સમજી અસત્યનો સાપ જેમ કાંચળીનો ત્યાગ કરે છે તેમ ત્યાગ કરો. દુનીયા ઉત્પન્ન થયા પહેલાં સર્વે જીવો કાંઇ ઇશ્વરની પાસે ભંડારમાં અથવા પેટીમાં અથવા પેટમાં અથવા હાથમાં હોય તેમ માનવું તે કેવળ ગપ છે. દુનીયા ઉત્પન્ન થયાં પહેલાં સર્વે જીવો પ્રભુની પાસે હતા તેમ સિદ્ધ થતું નથી.

પક્ષ નવમો—

જૈની—આ દુનીયામાં કોઈ જીવો સ્ત્રીરૂપે, કોઈ પુરૂષરૂપે, કોઇ પશુ પંખીરૂપે ઉત્પન્ન થાય છે તેનું શું કારણ?

ખ્રી૦—જેવી પ્રભુની ઈચ્છા તેવા જીવોને બનાવે છે.

જૈ૦—અરે ખ્રીસ્તી ભાઇઓ, જરા વિચાર તો કરો, એમ તે હોય. દરેક વસ્તુનો સ્વિકાર ત્યાગ બુદ્ધિપૂર્વક કરવો જોઇએ. એક ઈચ્છા શબ્દ કહો એટલે તેમાં સઘળું સમાયું એ શી રીતે વાસ્તવિક ગણાશે. ઇચ્છાનુસાર બનાવ્યું ત્યારે ન્યાય અન્યાય તો કંઇ રહ્યોજ નહીંને! વારૂ, એ તો ઠીક, પણ પુરૂષ કરતાં સ્ત્રીમાં કોઈપણ બાબતની ન્યુનાધિક્તા તમારા સમજવામાં કે દેખવામાં આવે છે? અને આવે છે તો એકને કંઈક ઠીક અને એકને અઠીક સ્વામીસેવકભાવપણું બક્ષી અન્યાય પ્રભુએ કર્યો કેમ નહીં કહેવાય! જરૂર એમજ ગણાય. ઇશ્વરની ઇચ્છા એમાં કાંઇ કામ આવતી નથી અને હોયજ શાની. સ્ત્રીના કરતાં પુરૂષત્વપણું પ્રધાન ગણાય છે તે સર્વે કર્માનુસારે થાય છે. જીવોને સ્ત્રીરૂપે કે પુરૂષરૂપે ઉત્પન્ન કરનાર ઇશ્વર સિદ્ધ થતો નથી. ઉપર મુજબ પક્ષથી વિચારી જોતાં જગત કર્તા ઈશ્વર સિદ્ધ થતો નથી.

ખ્રી૦—મી૦ જૈમલે કહ્યું કે, અરિહંતને મન હોતું નથી ત્યારે કેમ દેવતાઓ વિગેરે તેની સેવા કરે છે?

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈ૦—અરિહંત ભગવંતે ચાર ઘાતીયાં કર્મ નાશ પમાડયાં છે, અને ચાર અઘાતીયાં કર્મ કિંચિતકર બાકી રહ્યાં છે. દેવતાઓનો એવો આચાર છે કે અરિહંત ભગવંતની સેવા ચાકરી કરે; પરંતુ અરિહંત ભગવાનની સેવા ચાકરી કરાવવાની ઇચ્છા નથી. જેમ કોઇ ગવર્નર જનરલ કોઇ રાજાને મળવા જાય છે, ત્યારે તે ગામનો રાજા તેની સેવા બજાવે છે, તેમજ ત્યાંના લોકો પણ દુકાનો વિગેરે શણગારી ગવર્નરને માન આપે છે. આમાં શું તે ગવર્નર જનરલની ઈચ્છા હતી, કે મારી આ ગામનો રાજા આવા પ્રકારની સેવા ભક્તિ સાચવે અને ગામના લોકો દુકાનો વિગેરે શણગારે? ના, એવી તેના મનમાં ઈચ્છા જણાતી નથી. પણ તે રાજા તથા લોકોના મનમાં સ્વભાવથી પોતાના કરતાં અધિકને દેખીને ભક્તિ ઉત્પન્ન થાય છે. તેમ અરિહંત ભગવંતે તો પાછલા ભવમાં તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કરેલું હોવાને લીધે તેના ઉદયથી લોકો, દેવતાઓ સ્વભાવિક તેમના અતિશયો તથા ગુણોથી તેવી ભક્તિ કરે છે. તેમાં અરિહંત ભગવાનનો પોતાનો કાંઇ સેવા ભક્તિ કરાવવાનો પરિણામ (ભાવ) હોતો નથી. માટે મી૦ જૈમલે જે વિકલ્પ સેવા ભક્તિ કરવા સંબંધીનો કર્યો છે તે ખોટો છે.

ખ્રી૦—એ તો ઠીક, પણ મી૦ જૈમલે લખ્યું છે કે, ચોર છે તે ચોરી કરે છે ને કહે છે કે, મારૂં મન ચોરીમાં નથી, તે કેમ માનવામાં આવે? એ તો વળી વિષ્ણુના અવતારોની પેઠે લીલા તરીકે કહેવાય; કેમકે એ તો ભગવાને દુનીયાને દેખાડવા માટે કરી, પણ પોતાના મનમાં કાંઈ હતું નહીં; એ જેમ જુદું કહેવાય છે, તેમ તીર્થંકર ભગવાનની સેવા ચાકરી દેવતાઓ કરે છે અને પોતાની તેમાં ઇચ્છા નથી તે પણ જુદું છે તેનું કેમ?

જૈની—અરે ખ્રીસ્તી મિત્રો વિચાર તો કરો, કે આ પ્રમાણે બીજા માણસો પોતાની (આપણી) ભક્તિ કરે

ત્યારે પોતાની ઈચ્છા તે સંબંધી હોય છે એમ કાંઈ એકાંત કહી શકાતું નથી એ ખરૂં છે; તેમજ તીર્થંકર ભગવાનની ઈચ્છા સેવા ભકિત કરાવવાની નથી એ પણ સત્યજ છે. તમે ઈસુના નામનું સ્મરણ કરો છો, ઈસુનો ધર્મ ફેલાવવા ઇચ્છો છો તો તમારા ઇસુના મનમાં જરૂર ઈચ્છા થઇ અને જ્યારે ઇચ્છાવાન ઈસુ ઠર્યા ત્યારે મન પણ તેને ઠર્યું. માટે જરૂર તેમને દુનીયામાં હજારો સુખ ભોગવવાની, વિષયાદિની, બાગબગીચામાં રમવા વિગેરેની ઇચ્છાઓ સિદ્ધ થાય છે. તે પ્રમાણે અમારા તીર્થંકરને ઈચ્છા સિદ્ધ થતી નથી, અને તેમને રાગ દ્વેષ પણ કોઈપર થતો નથી. ફકત તેમના ગુણોના અનુભાવથી દેવતાદિ ભક્તિ કરે છે. જેમ દુનીયામાં કોઈ ગુણી હોય તેને દેખીને સર્વ કોઈ તેની પ્રશંસા કરે છે, તેને હરેક બાબતમાં મદદ કરે છે; તો આ તીર્થંકર ભગવંત તો સંપૂર્ણ ગુણવાન છે તેને દેખી ઇંદ્રો, દેવતાદિ સેવા ભકિત કર્યા વિના કેમ રહે? નજ રહે. માટે આ બાબત નિઃસંશય છે કારણ કે તીર્થંકર ભગવાનને જરા પણ ઈચ્છા હોતી નથી.

**ખ્રીસ્તી**—મી૦ જૈમલ સંસારી અને સિદ્ધ એ બન્ને સરખા માનવાનું કહે છે; કારણ કે અનંત દર્શન, અનંત જ્ઞાન, અને અનંત ચારિત્રવાળા સિદ્ધના આત્મા છે તેવા સંસારી આત્મા પણ જ્ઞાન, દર્શન, અને ચારિત્રવાળા છે, કારણકે પુદગલીક વસ્તુથી ચૈતન્યને નફો કે નુકસાન થતું નથી. આનો શો ખુલાસો છે?

**જૈની**--મી૦ જૈમલે સિદ્ધ અને સંસારીને સરખા ગણવાનું નિશ્ચય નયથી લખ્યું તે બાબત સમજવાનું કે નિશ્ચય નયથી જે સિદ્ધના જીવમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે તેવુંજ સંસારી જીવોમાં પણ છે, જેમ મેલુ સોનું અને નિર્મળ સુવર્ણ તેમાં નિશ્ચય નયથી તો મેલુ સોનુ પણ આગળ મેલ

જવાયછી નિર્મળ સોના જેવું થવાનું છે, માટે એ સરખાં કહી શકાય પણ હાલતો મેલુ સોનુ વ્યવહારથી કહેવાય છે; તેમ કર્મ સહિત જીવો હાલ વ્યવહાર નયથી તો સંસારી કહેવાય છે અને કર્મ રહિત થવાથી નિશ્ચય નયમતે સિદ્ધ કહેવાય છે. એમ નયની અપેક્ષાઓથી સર્વ વસ્તુઓના સ્વરૂપ કહી શકાય છે.

**ખ્રીસ્તી**—મનની ઈચ્છા પ્રમાણે થાય તેને સુખ કહે છે.

**જૈની**—મનની ઈચ્છા પ્રમાણે થાય તેને સુખ કહી શકાતું નથી. કોઇ માણસને ચોરી કરવાની ઇચ્છા થઇ, વળી કોઇને વિષ ખાવાની ઈચ્છા થઈ, તો તે મનની ઇચ્છા શું સુખ કહી શકાય છે? ના, નથી કહેવાતુ; તેમ મનની ઇચ્છાઓ જેટલી થાય છે તેટલી સુખકારી કહી શકાતી નથી. કોઈ મનુષ્ય સમાધી લગાવી બેઠો હોય છે તે વખતે તેને કોઇ બાબતની ઇચ્છા હોતી નથી. તેને કોઇ પુછે કે ભાઈ તમે સમાધીમાં શું સુખ દેખોછો? ત્યારે તે કહેશે કે, સમાધીથી જે સુખ થાય છે તે કહી શકાતું નથી, કોઇ પણ વસ્તુની તે સુખને ઉપમા પણ આપી શકાતી નથી. તેમ સમાધીવાળાના દૃષ્ટાંતના અનુસારે ઈચ્છા જ્યારે કોઇ બાબતની હોતી નથી, ત્યારે ખુબજ સુખ થાય છે, તેમ સિદ્ધને તો મન હોતું નથી, અને મન નહી હોવાને લીધે ઈચ્છા પણ હોતી નથી. તો તેમને તો અત્યંત સુખ હોવું જોઈએ, એમ દૃષ્ટાંતથી પણ સિદ્ધ થાય છે. વળી આપણે જ્યારે નિર્વીકલ્પ દશામાં બેઠા હોઇએ છીએ અને કોઇ વસ્તુની ઇચ્છા અગર ચિંતા હોતી નથી ત્યારે આપણે કેવું સુખ અનુભવીએ છીએ, કે અહો? મારે આજ કેવું સુખ છે. તે પ્રમાણે સિદ્ધને વિકલ્પ સંકલ્પની ઉપાધી નહીં હોવાને લીધે અનંત સુખસિદ્ધિ થાય છે.

**ખ્રી૦**—પૃષ્ટ ૯ માં મી૦ જૈમલ જણાવે છે કે, જેને મન ન હોય તેને ચૈતન્ય કેમ કહીયે. પોતે સંસારી દુઃખમાંથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છુટીને સિદ્ધમાં પહોંચ્યા ત્યારે સર્વોપરી થયા. તેઓ સંસારીને દુઃખી દેખી દુઃખી થતા નથી. માટે એ ઉત્તમ સિદ્ધ પુરૂષનાં લક્ષણ નથી. અને નીરો નામે બાદશાહનું દૃષ્ટાંત આપે છે. આ બાબતમાં તમે શું કાંઇ ખુલાસો આપી શકશો કે ?

**જૈની**—સાંભળો. જેને મન ના હોય તેને ચૈતન્ય તો હોય છે. જેમ સિદ્ધમાં તેમને મન નથી પણ ચૈતન્યપણુ તેમનામાં છે. મન છે તે તો પુદ્‌ગલીક છે, તે તો સંસારીને હોય છે, પણ સિદ્ધને તો પુદ્‌ગલનો સંબંધ હોતો નથી તેથી તેમને મન પણ હોતુ નથી. વળી તેમને રાગ દ્વેષનો ક્ષય થયો છે અને ઈચ્છાનો પણ ક્ષય થયો છે માટે સુખીને દેખી ખુશી થતા નથી અને દુઃખીને દેખી દુઃખી થતા નથી, એ તો જેવાં કર્મ કર્યાં હોય તેવાં ભોગવવાં જોઈએ અને તેમનાં એવાં દુઃખ નિવારણ કરવા માટે જૈન ધર્મનો ઉપદેશ આપી પોતાનું ઉત્તમપણું સાચવી રહ્યા છે. વળી તેમના ગણધરો, આચાર્યો વિગેરે તીર્થંકરનાજ ધર્મનો ઉપદેશ આપે છે અને તેથી હજારો માણસો દુઃખમાંથી છુટે છે. માટે તેમના ઉત્તમપણાનું કેટલું વર્ણન કરીયે, અને તમારા પ્રભુને ઉત્તમપણું કેવી રીતે કહી શકશો ? કહી શકાશે નહીં. કેમકે પ્લેગના રોગથી, દુકાળના રોગથી, વિગેરે હજારો કારણોને લીધે સંસારમાં પ્રાણીઓ દુઃખી માલમ પડે છે. તેમનાં દુઃખ તમારો પ્રભુ જાણે છે એટલે દેખે છે તેમ છતાં નિવારણ કેમ કરતો નથી ? માટે તમારો પ્રભુ દયાળુ–ઉત્તમ ઠરતો નથી. વળી તમારા પ્રભુને જગત કર્તા માનો છો અને તેમણે જગત બનાવ્યું કહો છો છતાં જગતના પ્રાણીઓની સંભાળ ન લે, દુઃખ નિવારણ ના કરે, તો તેનામાં પ્રભુપણું પણ કહી શકાતું નથી. જેમ કોઇ રાજા પોતાની પ્રજાને દુકાળ વિગેરેના દુઃખથી બચાવે નહીં તો પ્રજાનો તેના પ્રત્યે કેવો ધિઃક્કાર થાય છે તે તમે સારી રીતે સમજો છો. તેમજ તમારા પ્રભુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર પણ દુઃખી માણસોનો ધિઃક્કાર થતો હશે તે તમેજ વિચારો. વળી તમે કહેશો કે પ્રભુનામાં દુઃખ નિવારણ કરવાની શકિત છે, પણ અન્યાય કરવાને લીધે લોકો પાસે અન્યાય ભોગવાવવો જોઇએ માટે અન્યાયનું ફળ માણસો પાસે ભોગવરાવે છે. તેમ પણ તમારૂં કહેવું વાજબી માલમ પડતુ નથી. કેમકે માણસોને ન્યાયી અગર અન્યાયી તે પણ ઇશ્વરે બનાવ્યા છે. જો તેણે જગતમાં અજ્ઞાન ઉત્પન્ન નહીં કર્યું હોત તો લોકો કેમ અન્યાય કરત, માટે એ દોષ પણ તમારા પ્રભુના ઉપર આવે છે; કે તેમણે અજ્ઞાન ઉત્પન્ન કર્યું. માટે જગત કર્ત્તા ઇશ્વરમાં ઉત્તમપણુ સિદ્ધ થતુ નથી.

—oo:o:oo—

ખ્રી૦—મી૦ જૈમલ પોતાના ૨ જા પ્રકરણમાં એમ કહે છે કેઃ—

કર્મ આઠ છે. ૧ જ્ઞાનાવરણી, ૨ દર્શનાવરણી, ૩ વેદની, ૪ મોહની, ૫ આયુષ્ય, ૬ નામ, ૭ ગોત્ર, ૮ અંતરાય.

જ્ઞાનાવરણી શબ્દનો અર્થ-જ્ઞાનને આડુ આવરણ (આચ્છાદન) એટલે જેમ કોઇ દીવાની જ્યોતિને આડુ આવરણ અથવા પડદો આવવાથી તે દીવાનો પ્રકાશ બહાર પડતો નથી; અજ્ઞાનરૂપી આચ્છાદન આવવાથી જાણી શકાતું નથી તેને જ્ઞાનાવરણી કહે છે. ૧ મતીજ્ઞાનાવરણીય, ૨ શ્રુતજ્ઞાનાવરણીય, ૩ અવધિજ્ઞાનાવરણીય, ૪ મનપર્યવજ્ઞાનાવરણીય, ૫ કેવળજ્ઞાનાવરણીય.

મતીજ્ઞાનાવરણીયના ભેદ-પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠું મન એ છ દ્વાર થકી જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને મતીજ્ઞાન કહે છે. તે મતીજ્ઞાનના ૩૩૬ જુદા જુદા ભેદ છે, પણ આ ઠેકાણે ગ્રંથનો વિસ્તાર થવાના ભયને લીધે લખ્યા નથી. પણ જેને જોવાની ઈચ્છા હોય તેણે કર્મ ગ્રંથની ટીકા જોવી. જેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાંચ ઇંદ્રિયો અને છઠું મન તેનું જ્ઞાન નથી તેને મતીજ્ઞાનાવરણીય કહે છે.

શ્રુતજ્ઞાનાવરણીય-એના ૧૪ તથા ૨૦ ભેદ છે. શ્રુતજ્ઞાનનું જે આચ્છાદન તેને શ્રુતજ્ઞાનાવરણીય કહે છે.

અવધિજ્ઞાન-અવધિ સહિતજે જ્ઞાન તેને અવધિજ્ઞાન કહે છે. તેના દુભેદ છે અને અસંખ્યાતા પણ ભેદ છે તેનું જે આવરણ તેને અવધિજ્ઞાનાવરણીય કહે છે.

મનઃપર્યવજ્ઞાન-એટલે પારકાના મનની વાત જાણે તેને મનઃપર્યવજ્ઞાન કહે છે. અને તે ન જાણે તેને મનઃપર્યવજ્ઞાનાવરણીય કહેછે. તે જ્ઞાન સાધુ શીવાય બીજાને હોતું નથી.

કેવલજ્ઞાન-એટલે સરવજ્ઞપણું. જ્યારે કેવલજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે પહેલાંના ચાર જ્ઞાન તેમાં સમાઈ જાય છે. જેને સર્વજ્ઞપણું હોતું નથી તેને કેવળજ્ઞાનાવરણીય કહે છે.

(૨) દર્શનાવરણીય કર્મનો ઉત્તર પ્રકૃત નવછે તે કર્મગ્રંથથી જોઈ લેવી.

(૩) વેદની કર્મની બે પ્રકૃતિ છે. ૧ શાતાવેદની, ૨ અશાતાવેદની.

(૪) મોહની કર્મની ઉત્તર પ્રકૃતિ અઠાવીસ છે.

(૫) આયુષ્ય કર્મના ચાર ભેદ છે. ૧ નર્ક, ૨ મનુષ્ય, ૩ તિર્યંચ, ૪ દેવતા, એ પ્રકારનું આયુષ્ય.

(૬) નામકર્મની ઉત્તર પ્રકૃતિ ૧૦૩ છે.

(૭) ગોત્રકર્મની ઉત્તર પ્રકૃતિ ૨ છે. ૧ ઊંચ ગોત્ર, ૨ નીચગોત્ર.

(૮) અંતરાય કર્મની ઉત્તર પ્રકૃતિ પાંચ છે. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ વીર્યાંતરાય, ૪ ભોગાંતરાય, અને ૫ ઉપભોગાંતરાય.

જૈની--એ પ્રમાણે આઠ કર્મ આત્માની સાથે અનાદિ કાળથી લાગી રહેલછે. તેમાં કર્મછે તે ભવી આશ્રી

અનાદી સાંત છે એટલે ભવીને કર્મનો અંત થશે, અને અભવી આશ્રી કર્મ અનાદિ અનંત છે. સુવર્ણ (સોનુ) ની સાથે વળગેલી રજનો જેમ ખાણમાંથી કાઢયા પછી નાશ થાય છે તેમ અનાદિકાળનો લાગેલો આ કર્મરૂપી મેલ પાંચ કારણો મળે આત્મા થકી દૂર થાય છે. કેમકે તે રૂપી વસ્તુ છે અને આત્મા અરૂપી છે. તેનું વિશેષ ધ્યાન જોવું હોય તો કર્મગ્રંથ, પન્નવણા, ઉત્તરાધ્યયન, તત્વાર્થટીકા, વિગેરે મહાન ગ્રંથો વાંચવા અગર સાંભળવા.

આ ઠેકાણે આઠ કર્મમાં ખ્રી૦ જૈમલ શંકા કરે છે પણ તે અજ્ઞાનના ઉદયે કરે છે તે નીચે મુજબઃ-

ખ્રી૦—મારી શંકા એ છે કે, આઠ કર્મોને જૈન સાધુઓએ અપાસરામાં બેસી કલ્પી કાઢયાં છે. તેમાં જે કેવળજ્ઞાન જ્ઞાનનો ભંડાર કે જ્ઞાનનો સાગર હોય તેને જે આચ્છાદન તેને કેવળજ્ઞાનાવરણીય કહે છે. પણ કેવળ ફક્ત એકજ જે કેવળજ્ઞાન તેને આવરણ શી રીતે સંભવે ! માટે તે વીરૂદ્ધ છે. કેમકે કેવળજ્ઞાનને આડું આવરણ આવવાથી પોતાનો પ્રકાશ ન પાડી શકે તો તેને કેવળજ્ઞાન કહેવાયજ કેમ ?

જૈની—મહેરબાન, જ્યાંસુધી જીવને કર્મ વળગેલું છે ત્યાં સુધી તેના આત્માના ગુણો સ્પષ્ટ પ્રગટતા નથી. જેટલો જેટલો કર્મનો નાશ થતો જાય છે તેટલો તેટલો આત્માનો ગુણ પ્રગટતો જાય છે. જેમ વાદળાંથી ઘેરાયલો સૂર્ય જ્યારે સંપૂર્ણ આચ્છાદન વાદળાંથી પામે છે ત્યારે તેનો પ્રકાશ યત્કિંચિત્ પૃથ્વી પર પડે છે. સૂર્ય ઉપરથી જ્યારે લગારેક વાદળાંનો ભાગ દૂર થયો એટલે તે પ્રમાણે લગારેક પ્રકાશ સૂર્યનો પડયો. સૂર્યથી અડધું વાદળું દૂર થયું ત્યારે સૂર્યનો અડધો પ્રકાશ થાય છે, અને જ્યારે સંપૂર્ણ વાદળું સૂર્યથી દૂર થયું એટલે સંપૂર્ણ પ્રકાશ સૂર્યનો પૃથ્વી ઉપર પડે છે. તેમ અહીં આત્મારૂપી સૂર્ય સમજવો અને વાદળાંરૂપી કર્મ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજવાં. જેટલું જેટલું જ્ઞાનાવરણીય કર્મ ઓછું થયું તેટલું તેટલું આત્માનું જ્ઞાન બહાર પ્રકાશ થાય છે; અને જ્યારે સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મ નાશ પામેછે ત્યારે સંપુર્ણ જ્ઞાન કે જેને કેવળ જ્ઞાન કહેછે તે થાય છે. જેમ વાદળથી ઢંકાયલા સુર્યમાં આખા જગતને પ્રકાશ કરવાની શક્તિ છે, પરંતુ તે વાદળના આચ્છાદનથી હાલ ઢંકાઈ ગયેલી તેમ આત્મામાં પણ આખી દુનીઆના પદાર્થ જાણવાની શક્તિ છે, તે જ્ઞાનાવરણીય કર્મના નાશ થકી પ્રગટ થશે અને કેવળજ્ઞાન થશે. ત્યારબાદ આત્માને આવરણ લાગવાનું નથી. આત્માની સાથે કેવળજ્ઞાન–જેને અનંતજ્ઞાન કહે છે તે અનાદિ કાળથી રહેલું છે. અને અનંતજ્ઞાન તે આત્માનો એક ગુણ છે. તે પ્રમાણે આત્માને કર્મ અનાદિ કાળથી વળગેલુંછે તે પુદ્ગળ છે, તેનો નાશ થવાનો છે. તે પુદ્ગલ આત્માની સાથે રહેવાથી જ્ઞાનગુણ આચ્છાદિત થયો છે. તે જ્યારે કર્મ નાશ પામશે, ત્યારે તેનો જે જ્ઞાનગુણ તે સ્વતઃ પ્રકાશી થશે. સત્તાએ કરીને આત્મામાં અનાદિ કાળથી અનંતજ્ઞાન ( કેવળજ્ઞાન ) રહેલું છે, અને તેનું આચ્છાદન કર્મ કરે છે. પણ કર્મનો નાશ થયા પછી કર્મ વિનાનું ફકત એકલું જે કેવળજ્ઞાન તેને આચ્છાદન કરતું નથી; એ તો અમો માનીએ છીએ. પરંતુ તમોને જે શંકા થઈ તે ગુરૂગમ્ય તત્વ સમજ્યા વિના થઈ છે, પણ તે આ લખેલું વાંચ્યાથી સ્પષ્ટ માલમ પડશે અને શંકા રહેશે નહી. તે પ્રમાણે દર્શનાવરણીયનાં નાશ થકી અનંત દર્શન ઉત્પન્ન થાય છે. મી૦ જૈમલને આ તેની શંકા ઉપરથી માલમ પડે છે કે સ્યાદ્વાદધર્મ (જૈનધર્મ)ની સમજણ પડતી નથી. જો તેમને સમજણ પડતી હોત તો આવો લેખ લખી આ વખત આણતજ નહી. હવે આઠ કર્મ કેવી રીતે એક પછી એક સિદ્ધ ઠરે છે તેનો અનુક્રમ નીચે પ્રમાણે છે.

અહીયાં જ્ઞાનદર્શન તે જીવનું લક્ષણ છે **ચેતના લક્ષણો**



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

जीवः इति वचनात् ज्ञान दर्शन विना જીવ અજીવપણું પામે તે માંહે પણ જ્ઞાન મુખ્ય છે.

૧ જ્યારે સિદ્ધમાં જીવ જાય છે ત્યારે સાકારોપયોગે જાયછે, સાકાર ઉપયોગવંત જીવને સર્વ લબ્ધિ ઉપજે તે માટે જ્ઞાન મુખ્ય છે. તે જ્ઞાનને (આવરે)–ઢાંકે તેને જ્ઞાનાવરણીય કર્મ કહે છે. અને તે કારણથી મુખ્ય જ્ઞાનાવરણીય કર્મ કહ્યું.

૨ બીજે સમયે અનાકારોપયોગ (સામાન્યોપયોગ) દર્શનોપયોગ હોય છે તેને (આવરે)–ઢાંકે તેને દર્શનાવરણીય કર્મ કહેછે. તે માટે જ્ઞાનાવરણીય પછી દર્શનાવરણીય કહ્યું.

૩ હવે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય એ બે પોતાનો વિપાક દેખાડતાં સુખ દુઃખ વેદનીયના વીપાકના હેતુ થાય તે માટે તે પછી વેદનીય કહ્યું.

૪ શાતા અને અશાતા વેદનીયના ઉદયે અવસ્ય જીવને રાગ દ્વેષ ઉત્પન્ન થાય તે માટે તે પછી મોહનીય કહ્યું.

૫ મોહનીય કર્મે મુંઝાણા જીવ બહુ આરંભ સારંભ કરીને નર્ક, તિર્યંચાદીકનું આયુષ્ય બાંધે તે માટે તે પછી આયુઃ કર્મ કહ્યું. ભવ થકી ભવાંતરે જતાં જીવને નિશ્ચય ઉદયે આવે તે આયુઃ કર્મ કહીયે. યદ્યપિ કર્મતો સર્વ ઉદયે આવે છે જ, પણ શેષ સાત કર્મ તે ભવે તથા ભવાંતરે પણ ઉદયે આવે અને આયુઃ કર્મ તો તે ભવે ઉદયે નાજ આવે, બીજા ભવમાંજ ઉદયે આવે એટલો વીશેષ છે.

૬ આયુષ્યને ઉદયે અવસ્ય ગતી–જાત્યાદિક નામ કર્મનો ઉદય હોય તે માટે તે પછી નામ કર્મ કહ્યું.

૭ નામ કર્મને ઉદયે અવસ્ય ઊંચ નીચ ગોત્રનો ઉદય હોય તે માટે તે પછી ગોત્ર કર્મ કહ્યું.

૮ ઊંચ નીચ ગોત્રને ઉદયે અનુક્રમે દાન લાભાદિકનો ઉદય વિનાશ થાય તે માટે તે પછી અંતરાય કર્મ કહ્યું. એ આઠ કર્મનો ઉપન્યાસ ક્રમ કહ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે ત્રીજા વેદની કર્મની ઉત્તર પ્રકૃતિ બે. ૧ શાતાવેદની ૨ અશાતા વેદની. શાતા વેદની એટલે જીવને શુભ કર્મના યોગે શરીર નીરોગી હોય, પુત્ર ધન આદિ રિદ્ધિવાળો હોય, જીવને શુભ કર્મ યોગે સુખ લાગે તેવા પુદ્ગલનો જે મિલાપ તે શાતાવેદનીય કહેવાય છે. ૨ અશાતાવેદનીય એટલે અશુભ કર્મના યોગે જીવને દુઃખ લાગે તેવા પુદ્ગલનો સંબંધ તેને અશાતાવેદનીય કહે છે.

ખ્રીસ્તી—જૈમલ શંકા કરે છે કે સિદ્ધના જીવો અનેક પ્રકારના સુખો ભોગવે છે, દુનીયાની અંદર થતા નાટક, તમાશા, વીગેરે ઠાઠ જોવે છે. કહ્યું છે કે–સિદ્ધ જગત શીર શોભતાં,જુએ જગતના ઠાઠ, લક્ષ્મી લીલાની લહેરમાં, સુખીયા છે દીન રાત. સિદ્ધ આથી માલુમ પડે છે કે સિદ્ધમાં શાતાવેદનીય કર્મ છે.

**જૈની**—અરે ભાઈ ! તમે હજી અમારા કહેવાનું તાત્પર્ય સમજ્યા નથી, જો સમજ્યા હોત તો આવી શંકા રહેત નહી; પણ હજી તમને જ્ઞાનાવરણીય કર્મના પડદા આડા આવ્યા છે, માટે દુધમાં પણ પોરા કાઢવાની મતી થાય છે. હજુ તમને સુખ કોને કહે છે તેનુ જ્ઞાન થયું નથી, જો થયું હોત તો સિદ્ધમાં પણ શાતાવેદનીય છે એવુ કહેવાનો અવસરજ આવત નહી. હવે હું તમને તે સમજાવુંછું તે ઉપર ધ્યાન રાખો. સુખ એટલે અભ્યાસના જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણ રમણતા કરવી તેને તાત્વિક (આત્મસુખ) કહે છે. સુખના બે પ્રકાર છે. ૧ કર્મ રહિત કેવળ આત્મીક સુખ, ૨ પુદ્ગલના સંબંધથી થયેલું અતાત્વિક સુખ. સિદ્ધના જીવોને તો આત્મિક સુખ હોય છે (પોતાના આત્મા સંબંધી સુખ હોય છે) પરભાવ એટલે પારકી વસ્તુ પુદ્ગલ તે જન્ય સુખ નથી. જ્યાં સુધી આઠ કર્મ હોય છે ત્યાં સુધી જીવને શુભ વા અશુભ કર્મના યોગે શાતા અને અશાતાવેદની ભોગવવી પડે છે. પણ તે શાતાવેદની જન્ય સુખ–ખરૂં સુખ નથી. સિદ્ધના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવો તો કર્મ થકી રહિત થયા છે, પોતાના સ્વભાવમાં સદા લીન થયેલા છે. ત્યાં શુભ અશુભ કર્મ હોતું નથી. તેથી તેમને શાતા અગર અશાતાવેદની જે કર્મ થકી ઉત્પન્ન થયેલી તે ભોગવવી પડતી નથી. આ દુનીઆના સર્વ પદાર્થને ત્યાં રહ્યા થકા જોઈ રહ્યા છે; કોઇ ખેલે છે, કોઇ જમે છે, ભાગો વીગેરે જોવામાં આવે છે પણ તે ખેલથી અગર ભાગથી તેમને કંઇ સુખ નથી. પરંતુ પરભાવ એટલે પુદ્ગલ તે થકી રહિત પોતાના જ્ઞાનાદિક ગુણો તે થકી સુખ છે. ઉપાધિ થકી રહિત થવું અને આત્મ સ્વભાવમાં રમવું તેજ સુખ છે. તેથી સિદ્ધમાં જે શાતાવેદનીય કર્મથી તે જન્ય છે તેની શંકા કરી તે દુર થઇ.

વળી જેમ આપણે દરપણમાં જોઇએ છીએ ત્યારે આપણું પ્રતિબિંબ દરપણમાં પડે છે તેમ સર્વે પદાર્થો સિદ્ધના જીવોના જ્ઞાનમાં વિષય થાય છે. પણ તે પદાર્થનો સંયોગ સિદ્ધના જીવોને નથી.

જેમ આપણે કાચનો મોટો તકતો પચીસ હાથ દુર મુકીએ અને દુર રહી તકતામાં જોઇએ છીએ તો જાણે તેમાં આપણે હોઇએ તેમ ભાસે છે તેને પ્રતિબિંબ કહે છે. હવે તે દુર રહેલા કાચમાં આપણું પ્રતિબિંબ પડયું, તે પ્રતિબિંબ અને કાચ એ બેનો કેવો સંબંધ થયો? ઉત્તર ખોટો, તાત્વિક સંબંધ નહી કહેવાય. સિદ્ધના જીવના જ્ઞાનમાં ચૌદરાજ લોકના પદાર્થ વીષય થાય છે પણ તે વસ્તુઓનો સિદ્ધના જીવોને સંબંધ નથી. તેમ શાતાવેદની એટલે શુભ પુદ્ગલનો સંયોગ તે સિદ્ધના જીવોને નથી માટે તેમને શાતાવેદની નથી. અરે! તેમને કર્મનો સંબંધ નથી તો શાતાવેદનીય એ પણ એક કર્મ છે તેનો કયાંથી સંબંધ હોય, નજ હોય. માટે મી૦ જૈમલે અજ્ઞાનતાને લીધે જે શંકા કરી તે ખોટી ઠરી. જયાં સુધી જીવ સમકીત પામ્યો નથી અને અનંતો સંસાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભ્રમણ કરવાનું હોય છે ત્યારે ખોટી ખોટી શંકાઓ થાય છે. કહ્યું છે કે—**बुद्धि कर्मानुसारिणि.**

સિદ્ધના જીવને તો જન્મ જરા મરણના બંધ ત્રુટી ગયા છે. તેમના આત્મા સ્ફટિકરત્નની પેઠે નિર્મળ છે. જ્ઞાનાવરણીય કર્મનો નાશ થવાથી અનંતજ્ઞાન પ્રકાશ પામ્યું છે, તેમ દર્શનાવરણીય કર્મનો નાશ થવાથી અનંતદર્શન, અને શાતા અને અશાતાવેદનીયનો નાશ થવાથી અવ્યાબાધ સુખ પામ્યા છે, મોહનીનો નાશ થવાથી ક્ષાયક સમકિત પામ્યા છે, આયુષ્ય કર્મનો નાશ થવાથી અક્ષય સ્થિતિ પામ્યા છે, નામ કર્મનો નાશ થવાથી અરૂપીપણું પામ્યા છે, ગોત્ર કર્મનો નાશ થવાથી અગુરૂ લઘુપણું પામ્યા છે, અંતરાય કર્મનો નાશ થવાથી અનંતવીર્ય પામ્યા છે. જુઓ તેની ગાથા **नाणंच दसणंच चेव अव्वा वाहंत हेवसमत्तं अरूखय ठिइ अरुचि अगुरु लघु वीरिय हवई ॥ १ ॥** આઠ કર્મનો નાશ થયાથી એ આઠ ગુણ પ્રગટ થાય છે. માટે સિદ્ધના જીવોમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય, કહેવાય છે, અને તેના ભોકતા સિદ્ધ જીવો છે.

ખ્રીસ્તી—જૈમલ અનંત એટલે જેનો અંત કે છેડો નહી તે એવા સુખના ભોકતા સિદ્ધ જીવોને કહે છો અને ભોકતા એટલે ભોગવવાવાળો થાય. પાંચ ઇંદ્રિયોના વીષય થકી ભોગવવું અને એક અંતઃકરણથી ભોગવવું એને પણ ભોગવવું કહે છે.

જેમ કોઈ માણુસ દુઃખી થતું હોય અને બીજો માણુસ જુએ ત્યારે તેના અંતઃકરણમાં દુઃખની લાગણી થાય છે, તેમજ કોઇ ખોટું કાર્ય કર્યા થકી પણ અંતઃકરણમાં દુઃખ થાય છે, તેમજ અંતઃકરણમાં સુખ પણ થાય છે. સિદ્ધમાં જોવાતા ચર્મચક્ષુ તથા સાંભળવાને કાન નથી, તોપણ આત્માના જે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણ જ્ઞાન અને દર્શન તેવડે જાણવું તથા જોવું થાય છે ને તેથી તેવડે ભોગવે છે માટે સિદ્ધ પરમાત્મમાં વેદનીય કર્મ છે તે બાબતનો તમે હઠવાદ મુકી વીચાર કરશો તો તમને પણ માલમ પડશે.

**જૈની**—અરે જેમ કમળો થયેલાને સર્વ વરતુ પીળી ભાસે, લાલ કાળી ધોળી સર્વ વરતુ પીળી દેખાય તેને કોઇ કહે કે આ વરતુ લાલ છે, આ ધોળી છે, આ કાળી છે, તો તે કાંઇ કમળો થયેલો માણસ માનવાનો નથી. એવી દ્રષ્ટિ હશે ત્યાં સુધી સર્વ વસ્તુ પીળીજ દેખશે પણ શુદ્ધ જેવું જેવું રૂપ છે તેવું કદી દેખવાનો નથી, તેમજ કર્મના જોરે કરી જેની ઉંધી દૃષ્ટિ થઇ છે તેને ખરી વરતુ પણ ખોટી ભાસવામાં આવે છે.

મી૦ જૈમલ–હું નીચે જણાવુછું તે જરા ધ્યાન દઇ વાંચશે તો કલ્યાણ થશે અને અજ્ઞાનરૂપી પડળ દુર થવાથી આપોઆપ અંધકાર જતાં અજવાળું થવાથી દૃષ્ટિગોચર થશે. જુઓ, ભુજ ધાતુ ઉપરથી ભોક્ત શબ્દ થયો છે–ભુજ–ભોગવવું. વળી ભોગવવું એ પ્રકારનું છે. એક પોતાનું અને બીજુ, પર પુદ્ગલનું ભોગવવું. પોતાનું ભોગવવું એટલે પોતાના આત્મામાં રહેલાં જ્ઞાન–દર્શન–અનંત સુખ તેનું ભોગવવું. આત્મા અરૂપી છે અને તેના જ્ઞાનદર્શન વીગેરે ગુણ પણ અરૂપી છે, તો અરૂપી એવા સિદ્ધાત્માઓ અરૂપી એવા જ્ઞાન દર્શન વીગેરે ગુણોને ભોગવે છે.

હવે પરનું ભોગવવું તેનો અર્થ કરૂં છું તે સાંભળો. પર એટલે પોતાના આત્માનું નહી એવી વરતુ પુદ્ગલ. તે પુદ્ગલ બે પ્રકારે છે. ૧ શુભ એટલે જેનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પોતાને અનુકુળ પડે તેવું પુદ્ગલ તેને શુભ પુદ્ગલ કહે છે. ૨ પોતાને ( એટલે ) કર્મ સહિત આત્માને જે પુદ્ગલ પ્રતિકુલ પડે તેને અશુભ પુદ્ગલ કહે છે. શુભ પુદ્ગલ થકી કિંચિત્ત સુખ થાય છે અને અશુભ પુદ્ગલ થકી દુઃખ ઉત્પન્ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય છે. કર્મસહિત આત્માને પોતાના સ્વરૂપ થકી પોતાના ગુણ થકી બીજા એવું શુભ યા અશુભ પુદ્ગલ ભોગવવું તેને પરનું ભોગવવું કહેવાય છે. કર્મ એ રૂપી વસ્તુ છે અને આત્માના ગુણો તો અરૂપી છે. તો અરૂપી એવા જે આત્મા તેને રૂપી વસ્તુનું જે કર્મના યોગે ભોગવવું તેને પર સંબંધી ભોગવવું કહીએ છીએ.

આ સંસારીક જીવો ત્રણ પ્રકારે શુભ, અશુભ, પુદ્ગલ જન્મ શાતા અને અશાતા વેદની ભોગવે છે. હવે ત્રણ પ્રકાર કહ્યા તે નીચે મુજબ.

મન વચન અને કાયા એ ત્રણ થકી શાતા અને અશાતા વેદની ભોગવે છે તે સર્વ પર સંબંધી ભોગવવાનું કહીએ.

હવે સિદ્ધના જીવોને તો કર્મ નથી તેથી પર વસ્તુ પુદ્ગલ તેનો ભોગ નથી. પર વસ્તુ પુદ્ગલ તેતો રૂપી છે અને પોતે તો અરૂપી છે તેથી તેમને રૂપી વસ્તુનો ભોગ નથી. જ્ઞાન અને દર્શન જે પોતાના અરૂપી ગુણ તેનો ભોગ પોતાને છે, કર્મ સહિત જીવો શુભ વા અશુભ પુદ્ગલના સંયોગે જે શાતા અગર અશાતા વેદની ભોગવે છે તે પોતે સિદ્ધના જીવો જાણે છે. પણ શાતા અને અશાતા જે રૂપી વસ્તુ જડ, પર સંબંધી, તેનો ભોગ સિદ્ધના જીવો કરતા નથી, કારણ કે પર વસ્તુનો ભોગ અરૂપીને નથી. અરૂપીને તો અરૂપી એવા જ્ઞાન દર્શનનો ભોગ છે. માટે જ્ઞાન દર્શન વડે શાતા વેદની સિદ્ધના જીવો ભોગવતા નથી એ વાત સત્ય છે.

વળી મી૦ જૈમલ લખે છે કે સંસારના જીવોના સુખ દુઃખ સિદ્ધના જીવો જ્ઞાનવડે જાણે છે અને તેથી તેમનું અંતઃકરણ પણ સુખ દુખ ભોગવે છે, માટે વેદની માનવી જોઈએ.

અરે વાહ ? હજુ અંતઃકરણ એ શબ્દનું જ્ઞાન નથી તેથી વ્યાકરણ અને ન્યાય શાસ્ત્રના અભ્યાસને નામે તો શુન્ય દેખાય છે. વળી રૂપી અને અરૂપી વસ્તુનું પણ જ્ઞાન નથી, તેમજ વળી ગુરૂગમ્ય તો હોયજ શેનું ! તેથી જેમ ફાવે તેમ લખે બોલે છે, પણ તેથી અમને હરકત નથી. અજ્ઞાનપણાનું બોપાળું પ્રગટ થાય છે તે ઉપર ધ્યાન આપો સાહેબ ?

અંતઃકરણ (હૃદય) વા મન તેતો પુદ્‌ગલીક વસ્તુ છે. તે વિચાર કરવાનું સ્થાન છે. સિદ્ધના જીવોને અંતઃકરણ (મન) હોતું નથી. સંસારના જીવોનું સુખ દુઃખ જ્ઞાનવડે સિદ્ધના જીવો જાણે છે, પણ સિદ્ધના જીવોને મન નથી તેથી તેમને સુખ દુઃખની લાગણીઓના વિચારો થતા નથી. સિદ્ધના જીવોને અંતઃકરણ નથી તેથી તેમને શાતા અને અશાતા વેદની પણ નથી, માટે ત્રિકાળમાં પણ સિદ્ધના જીવોને વેદની નથી તે સત્ય છે.

**હવે મોહની કર્મ સંબંધી વિચાર લખીએ છીએ.**

મોહની કર્મની ઉત્તર પ્રકૃતિ અઠ્ઠાવીસ છે.

ક્રોધ, માન, માયા અને લોભ તે દરેક ચાર ચાર ભેદે છે.

અનંતાનુબંધી–ક્રોધ, માન, માયા અને લોભ. ૪
પ્રત્યાખાની–ક્રોધ, માન, માયા અને લોભ. ૪
અપ્રત્યાખાની–ક્રોધ, માન, માયા અને લોભ. ૪
સંજલનો–ક્રોધ, માન, માયા અને લોભ. ૪
૧૬ કષાય

હવે નવ નોકષાય–હાસ્ય, રતી, અરતી, ભય, શોક, દુગંચ્છા, પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, એ નવ નોકષાય કહેવાય.

ત્રણ મોહની–સમકીત મોહની, મિશ્ર મોહની, મિથ્યાત્વ મોહની.

એવી રીતે ઉપરની અઠ્ઠાવીસ પ્રકૃતિ મોહની કર્મની છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**ખ્રીસ્તી**–જ્યારે સમકીત મોહનીનો ક્ષય થાય છે ત્યારે સમકીત પ્રગટ થાય છે, અને જ્યારે મીશ્ર મોહનીનો ક્ષય થાય છે ત્યારે મીશ્ર સમકીત પ્રગટ થાય છે; તે પ્રમાણે મિથ્યાત્વ મોહનીનો ક્ષય થાય ત્યારે મિથ્યાત્વ પ્રગટ થવુ જોઈશે, અને મિથ્યાત્વ મોહનીનો ક્ષય થયે છતે મિથ્યાત્વ પ્રગટ થયું તો સિદ્ધમાં પણ મિથ્યાત્વ આવ્યું; કારણ કે તેમને મિથ્યાત્વ મોહનીનો ક્ષય થયો છે, માટે સિદ્ધમાં પણ મિથ્યાત્વ માનવું જોઈએ.

**જૈની**--ભાઇ ! સાંભળો. મિથ્યાત્વ મોહની એટલે અસત્ વસ્તુમાં મુકાવે તેને મિથ્યાત્વ મોહની કહે છે. કુદેવમાં દેવનું ભાન, દેવમાં કુદેવનું ભાન, અને કુગુરમાં ગુરૂનું ભાન, તેને મિથ્યાત્વ મોહની કહે છે.

અસત્ વસ્તુમાં મુંઝાવાપણું ટળી જાય છે, ત્યારે સત્ વસ્તુનું ભાન થાય છે. પણ સત્ વસ્તુનો ક્ષય થતો નથી. કુદેવને દેવ તરીકે માનવાનો નાશ થાય છે ત્યારે સુદેવનેજ માનવાપણું રહે છે.

જેમ મેલા સોનાનો નાશ થયે છતે શુદ્ધ સોનું રહે છે, તેમ મિથ્યાત્વ મોહનીનો નાશ થયે છતે શુદ્ધ સમકીત પ્રગટ થાય છે.

મિશ્ર મોહની એટલે દેવતામાં પણ દેવની બુદ્ધિ અને કુદેવમાં પણ દેવની બુદ્ધિ, તેનો નાશ થયે છતે શુધ્ધ ખરા દેવની બુદ્ધિ પ્રગટ થાય છે, અને કુદેવમાંથી દેવની બુધ્ધિ ટળે છે. તે પ્રમાણે મિથ્યાત્વ મોહની જે અનાદિ કાળની હતી, તે નાશ પામી એટલે શુધ્ધ સમકિત પ્રગટ થયું.

તે પ્રમાણે સિધ્ધના જીવને મિથ્યાત્વ મોહનીનો ક્ષય થયો છે તેથી તેમને ક્ષાયક સમકીત પ્રગટ થયું છે.

મિથ્યાત્વ મોહની તે તો અજ્ઞાન જનન છે. તેનો નાશ થયેથી આત્માનો ગુણ શુધ્ધ સમકીત પ્રગટ થાય તેમાં કાંઈ

સંશય નથી. તે પ્રમાણે સિધ્ધમાં મિથ્યાત્વ મોહની વીગેરેને ક્ષય થવાથી ક્ષાયક સમકીત પ્રગટ થયું છે અને ત્યાં મિથ્યાત્વ ઠરાવવા કોઈ યુકિત કરી તે નિષ્ફળ છે.

એ તો નાના મોટા સર્વે સમજે છે કે કુદ્રષ્ટિનો નાશ થાય ત્યારે સુદૃષ્ટિ ઉત્પન્ન થાય છે, અજ્ઞાનનો નાશ થાય છે ત્યારે જ્ઞાન પ્રગટ થાય છે, મિથ્યાત્વ મોહનીનો નાશ થયે છતે શુધ્ધ સમકીત રહે છે, તે વાત નિ:સંશય છે.

**ખ્રીસ્તી**–જૈમલ જણાવે છે કે, બીજું દુષણ અતીચારમાં લખે છે કે ગ્રહ પૂજા કરે તો અતીચાર લાગે ત્યારે તમારા માનીતા મોટા શ્રીભદ્રબાહુ સ્વામીએ ગ્રહપૂજા કરવાની વિધિ કેમ બતાવી છે. મહલાંધિ રચીત જણાવ્યું છે. રવિ પીડા કરેતો લાલ ફુલે કરી પદ્મ પ્રભુની પૂજા કરવી. ચંદ્ર પીડા કરેતો સેવતિના ફુલે ચંદ્ર પ્રભુની પૂજા કરવી. એ આદિ નવ ગ્રહની પૂજામાં તીર્થંકરનાં નામ અને ઉપર લખેલી વિધિઓ બતાવી છે. અને જણાવ્યું છે કે આ પ્રમાણે કરવાથી જે ગ્રહ નડતા હોય તે ગ્રહ શાંતિ થાય માટે એ પણ વિરૂધ્ધ છે. આ વાતતો એવી છે કે દુ:ખ તો કોઈ એક જણ આપે અને તે દુ:ખ દૂર કરવાને માટે બીજાને વિનંતી કરવી. પણ એમ કરવાથી દુ:ખ કેમ દુર થાય ? આ વિશે તમે હવે શું કહેવાના છો ?

**જૈની**--હજી પણ તમે બરાબર સમજ્યા નથી. જુઓ, કર્મતો આત્માને લાગે છે, પણ સુળીયે ચઢાવી મારી નાંખવું તેતો બીજા માણસો કરે છે. જેમકે આપણે કોઈ જીવને મારી નાંખ્યો તેનું આપણા આત્માને પાપ લાગ્યું, હવે અહીંથી આપણે મરી ગયા અને બીજે જન્મ પામ્યા ત્યાં જે પૂર્વે બીજા જીવને મારી નાંખવાનું પાપ બાંધ્યું હતું તે ઉદયે આવ્યું, એથી આપણા માથે કોઈ ખોટો આરોપ આવે તેથી બીજા માણસો આપણને સુળીયે ચઢાવે, તેમાં કર્મે કરીનેજ આપણે

સુળીનું દુઃખ પામ્યા તેમ પ્રત્યક્ષ અનુભવ સાચો છે. પંચ કારણોથી કાર્ય ઉત્પત્તિ થાય છે. ૧ કાલ, ૨ સ્વભાવ, ૩ નીયતિ, ૪ કર્મ, ૫ ઉદ્યમ, આ પાંચ કર્મથી એક કાર્ય ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે દુઃખરૂપી કાર્યમાં પણ પંચ કારણો હોય છે. પાપ થકી દુઃખ થાય છે અને પુન્ય થકી સુખ થાય છે. આપણને કોઇ જાતનું દુઃખ કોઈના તરફથી થતું હોય તે વખતે પ્રભુની પુજા વીગેરે પુન્ય કાર્યો કરવા થકી દુઃખ દુર થાય છે એટલે પુન્યનું જોર થવાથી પાપનો ક્ષય થયો એટલે તે માણસ દુઃખ દેતો અટકી જાય છે. તે પ્રમાણે પાપના ઉદયથી થતી જે ગ્રહો તરફની પીડા તે પ્રભુની પૂજા વીગેરે પુણ્ય કાર્ય કરવા થકી દૂર થાય છે. કારણ કે ઘણું પુણ્ય તત્કાળ પણ ફળ આપી શકે છે વીગેરે તે બાબતમાં ઘણું લખવાનું છે; પણ ગ્રંથ ગૌરવના ભય થકી નથી લખ્યું. માટે અમારા ગુરૂ મહારાજ શ્રી ભદ્રબાહુસ્વામીએ જે સ્તોત્ર કર્યું છે તે યોગ્ય રીતે સમજીને કરયું છે. એ તો મહાજ્ઞાની હતા, એમને જ્યોતિષનું બહુ (ઉત્કૃષ્ટ) જ્ઞાન હતું. તેમણે ભદ્રબાહુસંહિતા કરીને ગ્રંથ બનાવ્યો છે. તે ૮૪૦૦૦ (ચોર્યાસી હજાર) ગ્રંથ પ્રમાણ છે. તે ભણતાં ભણતાં મી. જૈમલ ઘરડો થઇ જાય તો પણ પાર આવે નહીં, માટે તેમણે જે કર્યું છે તે વીચારીનેજ કર્યું છે તેમાં શંકા કરવી તે અજ્ઞાનનું લક્ષણ છે. વળી અન્ય કર્મ દુઃખ આપે અને પ્રભુની પૂજા કરે તો શું દુઃખ દૂર થાય છે? ના, નથી થતું. એનુ જે જૈમલનું લખવું તે પણ તદન ખોટું છે. પુણ્ય જે તે પ્રભુની પૂજા-સ્તુતિ, સાધુને દાન વિગેરે આપવાથી થાય છે. જેમ જેમ પુણ્ય ઘણું થતું જાય છે તેમ તેમ પાપ થકી થએલું દુઃખ દૂર થઇ જાય છે. આ ઠેકાણે પાપ થકી થએલું જે દુઃખ તે બીજી વસ્તુ જે પુણ્ય તે થકી દૂર થયું તે સત્ય દાખલો છે. જેમ એક વસ્તુ ખાવાથી ઉત્પન્ન થએલો વાયુ તેજ બીજી

વસ્તુ ખાવાથી દૂર થાય છે, એક વસ્તુએ વાયુ કર્યું તો તે વાયુનો બીજી વસ્તુ થકી નાશ થયો તે પ્રત્યક્ષ દાખલો છે. એવીજ રીતે પ્રભુની પૂજા કરવા વીગેરેથી થતા પુણ્યના યોગે અન્ય કર્મથી થયેલાં પાપાનુયોગનાં દુઃખ દૂર થાય છે એ વાત સત્ય છે. માટે કુયુક્તિ ત્યાગ કરી સત્યમાર્ગ અંગીકાર કરો કે જેથી તમારૂં કલ્યાણ થાય.

**ખ્રી૦**—જેમલ લખે છે કે, તીર્થંકરો છે તે કોઇ ઉપર રાગ દ્વેષ રાખતા નથી કેમકે તે વીતરાગ છે, માટે તેમની પૂજા કરવાથી દુઃખ દૂર કેમ કરે? માટે ગ્રહ નડેતો તીર્થંકરની પૂજા અને જાપ કરવો તે ફોકટ છે. આ વાત તો ખરીને?

**જૈની**—નહીં, તદ્દન ખોટું. તીર્થંકર ભગવાન કોઈના ઉપર રાગ દ્વેષ રાખતા નથી તે સત્ય છે, પણ તેમની પૂજા કરવાથી અને સ્તુતિ કરવાથી થયેલું જે પુન્ય તે થકી પાપથી ઉપન્ન થયેલી ગ્રહની પીડા દુર થાય છે તે સત્ય છે. જેમ અગ્નિની પાસે જઈને બેસીએ છીએ ત્યારે તેનો એવો સ્વભાવ છે કે તાપ આપે છે અને ચંદ્રનો સ્વભાવ શીતળતા આપવાનો છે, તેમ પ્રભુની પૂજા વીગેરે કરવા થકી પૂન્ય થાય છે, અને તે થકી પાપ હઠી જાય છે, તેથી પીડા કરતા ગ્રહ અટકી જાય છે. માટે ભદ્રબાહુ સ્વામીએ બનાવેલું ગ્રહશાંતિ સ્તોત્ર યુક્તિયુક્ત છે.

વળી જેમલ લખે છે કે તીર્થંકરોને દેવાધિદેવ તરીકે માનવા તે ખોટું છે. આ પણ તેમનું લખવું ઘટતું નથી. તીર્થંકર ભગવાનની ચોસઠ ઇંદ્ર પૂજા કરે છે અને ચોસઠ ઇંદ્રિ પ્રભુના ચરણ કમળની સેવા કરે છે તો દેવાધિદેવ તીર્થંકર કહેવાય તેમાં કંઈ સંશય નથી; પણ અમારા તીર્થંકર ભગવાનની ઇંદ્રો સેવા ચાકરી કરે છે તે જાણી જાતી સ્વભાવ ઉપર જનારાની કુયુક્તીઓ દક્ષ પુરૂષ કદાપિ કાળે પણ માનનાર નથી. અમો જૈનીલોક તીર્થંકરની તથા ગુરૂની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આલોકના સુખને માટે તથા પરલોકના સુખને માટે પૂજા કરતા નથી એ વિધિ માર્ગ છે. કારણસર તમારા પ્રભુના જેવા-મિથ્યાત્વી દેવતાઓનો ઉપદ્રવ થયો હોય તો તેનો નાશ કરવાને ભદ્રબાહુ સ્વામીએ કરેલા ગ્રહશાંતિ વીગેરે સ્તોત્રના જાપ કરીએ છીએ એ અપવાદ માર્ગ છે. જૈની દેવતાઓ મિથ્યાત્વી દેવતાઓ થકી થયેલા ઉપદ્રવનો નાશ કરે છે અને તે ઉપદ્રવ નાશ થવા થકી ધર્મ સુખેકરી થાય છે, ધર્મ કરવામાં અડચણ પડતી નથી. માટે વિધિમાર્ગ અને અપવાદ માર્ગ એ બે માર્ગ તમે ગુરૂ ગમ્યથી સમજ્યા નહી તેથી આ શંકા તમારા મનમાં રહી છે. પણ તે આ વાંચીને દુર કરો ને સત્ય ધર્મ અંગીકાર કરો. વિધિમાર્ગે કેવી રીતે ચાલવું તે વીરબોધ રત્નાકરમાં બતાવ્યું છે તે નીચે મુજબ—

દેવ શ્રીઅરીહંત જગતના ઉપકારી, પરમ પુજ્ય, સમસ્ત અઢાર દોષે કરી રહિત તેમની જે મૂર્ત્તિ તેની આ-ગળ ઈહલોક પરલોકના પુદ્‌ગલીક સુખની ઇચ્છાએ માનતા માનવી નહી, તેમ શુદ્ધ સાધુ જ્ઞાન, દર્શન, ચારીત્ર સહીત મુનીરાજની ધનપુત્રની અપેક્ષાએ સેવા કરવી નહી, તથા પાંચ પ્રકારનાં દુષણ વર્જવાં. વળી અન્ય તીર્થીઓની સાથે પરિચય કરવો નહીં કારણકે તેથી સમકીતમાં દુષણ લાગે છે તે દુષણના પાંચ ભેદ છે ૧ શંકા, ૨ કંખ, ૩ વિચી-કિત્સા, ૪ અન્યતીર્થીક પ્રશંસા, ૫ અન્ય તીર્થીક પરિચય એ પાંચે દુષણ વર્જવાં.

**ખ્રીસ્તી**-જૈમલ-ત્યારે ભદ્રબાહુ સ્વામીએ ગ્રહશાંતિ સ્તોત્ર કેમ બનાવ્યું? ભદ્રબાહુ સ્વામીને મિથ્યાત્વી કહેવા કે સમકીતી કહેવા? ને જૈનધર્મ વીના બીજા ધર્મવાળાઓની સાથે પરિચય કરવો તે મોટું પાપ છે, ત્યારે આ ઉપરથી જૈનધર્મ પાળનાર તમામ લોકોયે એક જુદું ગામ કે દેશ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વસાવવો જોઈએ અથવા દેશપાર જવું જોઇએ; એવી એવી વિરૂદ્ધ વાતો જોતાં સમકીતી કોઇ છેજ નહી અને જયારે સમકીતી નથી, ત્યારે મિથ્યાત્વ સિદ્ધ થયું.

**જૈની**—અરે! અજ્ઞાનવડે આચ્છાદિત થયેલા આત્માં વાન આ તને જરા પણ વીચાર પડતો નથી કે જેમ તેમ બોલે છે. ભદ્રબાહુ સ્વામીએ પાંચ દુષણ સેવવાં એવું કાંઇ બતાવ્યું નથી. અન્ય તિર્થીઓની સાથે પરિચય કરવો તેમ પણ કાંઇ કહ્યું નથી અને અન્ય તિર્થીઓની પ્રશંસા કરવી તે પણ આજ્ઞા કરી નથી, તો ફેર શા કારણસર તેમને મિથ્યાત્વી કહેવા કે સમકીતી કહેવા એવી શંકા કરે છે. કેવળ તારી શંકા કરેલી ખોટી છે, અને ગ્રહશાંતિ બનાવી તેતો અપવાદ માર્ગે બનાવી છે એવું ઉપર જણાવેલ છે માટે તમારૂં કહેવુ તદન ખોટું ઠરે છે. વળી જૈનીઓને અન્ય તીર્થીઓનો પરિચય કરવો નહી એટલા માટે દેશપાર જવું જોઇએ તે પણ તમારૂં ઉદ્ધતાઇનું વચન છે. કેમકે અન્ય તીર્થીઓનો પરિચય કરવો નહી અગર તેમની પ્રશંસા કરવી નહી તેમ કહેલું છે એ ખરૂં અને બ્યાજબી છે તેનો તાત્પર્યાર્થ ગુરૂ ગમ્યથી સમજ્યા વીના જે તમારૂં બોલવું છે તે તદન ખોટું છે માટે ધારી લેવું. જે પ્રમાણે કહેલું છે તેમાં અમને હરકત નથી તે પ્રમાણે જે જૈની વરતતો નથી તેને સમકીતમાં દુષણ લાગવાનો સંભવ છે. ધર્મ સંબંધી આદિ બાબતમાં પણ અન્યતીર્થીઓની પ્રશંસા કરવી વહેવાર માર્ગે ઘટતી નથી. જેમ આપણે આપણા બાળકોને કહીએ છીએ કે જ્યાં સર્પનાં દર હોય ત્યાં રમવું નહી. પણ જો તે વાત માને નહી ને ત્યાં બાળકો રમે તો સર્પ કરડે એવો સંભવ થાય છે તેમ અન્ય તીર્થીઓને માટે પણ સમજવું. અન્ય તીર્થીઓની સાથે પરિચય કરવો નહી એમ કહ્યું છે, પણ દેશપાર જવું તેમ શાસ્ત્રમાં એવું કંઇ લખ્યું નથી. જુઓ ભાઈ પ્રત્યક્ષ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દાખલો, જૈમલ—જૈત મુનીનો. તેમનું ( કહેવા માત્ર પણ ) સમકીત અન્ય તીર્થીઓના પરિચયથી નાશ પામ્યું. તેમને જૈન ધર્મની શ્રધા રહી નહી એ પ્રત્યક્ષ જોવા જેવું છે. અમારા શાસ્ત્રમાં જેમ અમારૂં કલ્યાણ થાય તેમજ બતાવેલું છે, તેમાં તમારા જેવાની કોઇ કુયુકિતઓ કાંઇ ચાલવાની નથી. વળી અમે જૈમલને કહીએ છીએ કે તમો બૌદ્ધ લોકોનો સંગ કરોતો તમોને તમોએ જે માર્ગ પકડયો છે તે ખોટો લાગશે એમ કેમ ના કહી શકાય! માટે અસત્ય એવા ધર્મને તજીને જન્મ મરણ દુઃખ નીવારણ કરનાર જૈન ધર્મને અંગીકાર કરો.

## ૫ આયુષ્યકર્મ

દરેક મનુષ્યે જેટલું જેટલું આયુષ્ય બાંધેલું હોય છે તે તે પ્રમાણે જીવી શકે છે. કોઇ સો, કોઇ પચાસ, કોઇ પાંચ, કોઇ પચ્ચીસ, વર્ષ જીવે છે. એમ ચાર ગતિમાં આયુષ્ય કર્મ રહેલું છે. દેવતાઓ પણ આયુષ્ય જેમને જેટલું કહેલું છે તે પ્રમાણે ભોગવે છે, અને મનુષ્ય, તીર્યંચ અને નારકી તે પણ પોતપોતાનું આયુષ્ય ભોગવે છે. આયુષ્યનો ક્ષય થયો કે બીજી ગતિમાં ચાલ્યા જાય છે તેનો ઘણો વિસ્તાર પન્નવણા, આચારાંગ, ઉત્તરાધ્યયન, અને સમવાયાંગથી જોઈ લેવું. આ આયુષ્ય કર્મમાં અમલદારના દૃષ્ટાંત વીગેરેથી આયુષ્ય કર્મ નહી માનવા સંબંધીમાં જે જે જૈમલે કડાકુટ કરી છે તે તે તદ્દન ખોટી છે. અને જો તે સંબંધીમાં વિશેષ ખુલાસો લેવાની મરજી હોયતો રૂબરૂ મળવું કારણકે રૂબરૂમાં મળ્યા થકી સર્વે શંકાઓ સહેજમાં દૂર થશે. અતરે ગ્રંથ ગૌરવના ભયને લીધે વધારે સ્પષ્ટોકરણ કરી શકતા નથી આયુષ્ય કર્મ સત્ય છે અને પ્રત્યક્ષ સર્વે મનુષ્યો અનુભવે છે બ્રાહ્મણ, વૈસ્ય, બૌધ, મિમાંસક, વીગેરે સર્વે આયુષ્ય માને છે મજ મુસલમાતેન પણ માને છે તે સત્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ६ नाम કર્મ

છઠ્ઠા નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૦૩ છે તેનો વીવરણ કર્મ ગ્રંથ થકી જોઈ લેવો.

**ખ્રી૦**—જૈમલ-નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૦૩ છે તેમાં ૩૮ મી પ્રકૃતિ વજ્રઋષભ નારાચ સંઘયણ નામે છે. તે સંઘયણવાળો જીવ મોક્ષે પણ જાય અને સાતમી નર્કે પણ જાય અને એ સંઘયણવાળી સ્ત્રી મોક્ષે તો જાય પણ સાતમી નર્કે ન જાય એ વિરૂદ્ધ છે.

**જૈની**--સાતમી નર્કે જવું તે તો મન બળવડે છે. સ્ત્રીને સાતમી નર્કે જવા જેટલું મનોબળ નથી તેથી તે જતી નથી. કેમકે તે સ્ત્રી એવું મોટું પાપ કરી શકતી નથી.

**ખ્રીસ્તી**–ત્યારે મોક્ષે જાય એટલું મનોબળ કયાંથી આવ્યું?

**જૈની**—ભાઇ હજી તું સમજ્યો નહી? જો, મોક્ષે જવું છે તેતો આત્માના બળવડે કરીને છે, માટે સ્ત્રીને મોક્ષે જવું આત્માના બળવડે કરીને છે. મન વચન કાયાદિક બળ તેતો કર્મની પ્રકૃતિ છે, માટે કર્મની પ્રકૃતિથી જે બળ પામવું તેતો ગતિ અને વેદ આશ્રી છે. અને જો ગતિવેદ અને બળ આશ્રી માનતા હોતો દેવતા પણ મોક્ષે જવા જોઈએ; પણ તેમ કંઈ છેજ નહી. મોક્ષે જવું તેતો આત્માના બળ વડે છે. મોક્ષે તો જ્ઞાન, દર્શન અને ચારીત્રના આરાધન થકી જવું છે, માટે વજ્રઋષભ નારાચ સંઘયણવાળો મોક્ષે જાય અને સાતમી નરકે જાય તેજ પ્રમાણે સ્ત્રી પણ જાય એમ કહેવાય નહી.

**ખ્રીસ્તી**—દીગંબર લોકો સ્ત્રીને ત્યારે કેમ મોક્ષ માનતા નથી?

**જૈની**--દીગંબર નથી માનતા તે તેમની મતી કલ્પના છે. પણ તેમનો ગુમઠશાર નામે ગ્રંથ છે તેમાં કહ્યું છે કે.

**अउयाल पुंवेयाइथ्थिवेयाय हुंति चालीसा ।**
**विसनपुसगवेया समयेणेगेणसिझ्झंति ॥**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુરૂષવેદે ૪૮ એક સમયમાં મોક્ષે જાય, સ્ત્રી વેદે ૪૦, નપુસંક વેદે ૨૦ જાય છે એમ કહેલું છે. માટે સ્ત્રી સાતમી નરકે જતી નથી અને મોક્ષે જાય એ વાત સિદ્ધ છે.

**ખ્રીસ્તી**–જેમલ–નામ કર્મની (પ૨)મી પ્રકૃતિ લાલ વર્ણ છે, સિદ્ધનો પણ લાલ વર્ણ છે. માટે સિદ્ધમાં પણ લાલ વર્ણ સિદ્ધ થયો તો (પ૨)મી પ્રકૃતિ સિદ્ધ થઇ.

**જૈની**—ભાઈ સિદ્ધના જીવને તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કંઇ નથી તો વળી સિદ્ધમાં લાલ વર્ણ નામે (પ૨)મી પ્રકૃતિ કયાંથી સિદ્ધ થાય, કોઈ કાળે થવાની નથી. સિદ્ધતો અરૂપી છે અને લાલ વર્ણ તો રૂપી વસ્તુ છે તો અરૂપીમાં રૂપીની કલ્પના કરવી તે ખોટી છે.

**ખ્રી૦**—ત્યારે સિદ્ધ રાતા વર્ણે તમે કેમ માનો છો ?

**જૈની**—તેમણે કર્મને તપાવ્યાં તેથી એક ઉપમા આપી લાલ વર્ણ માનીએ છીએ. જેમ સાધુ પદને કાળુ માનીએ છીએ, પણ શું સાધુઓ કૃષ્ણ રૂપવાળા હોય છે ? ના, નહી; એતો એક ઉપમા આપી છે.

**ખ્રીસ્તી**–

कृष्णादि द्रव्य साचिव्यात् । परिणामोयमात्मनः ॥
स्फटिकस्येव तत्रायं । लेश्या शब्दः प्रवर्त्तते ॥

આ શ્લોકનો અર્થ એ છે કે–કૃષ્ણાદિ દ્રવ્યના પ્રાધાન્યપણા થકી થયેલો જે આત્માનો પરિણામ તેને લેશ્યા કહીએ; જેમ પાસે રહેલા રકતાદિ પદાર્થોને યોગે કરીને સ્ફટિક રત્નનું શુદ્ધ સ્વરૂપ લોપ થઈ કૃષ્ણ નીલાદીકની પ્રાપ્તિ થાય છે, તેમ એ પણ જાણવી લેશ્યા છે. તેતો આત્માના શુભાશુભ પરિણામ રૂપ છે તો સિદ્ધમાં પણ લેશ્યા માનવી જોઈએ.

**જૈની**—લેશ્યા તેતો પુદ્‌ગલ છે અને સિદ્ધમાં પુગદ્‌લ નથી તો લેશ્યા કયાંથી હોય ? માટે સિદ્ધને અલેશ્યા કહ્યા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રી૦—નામ કર્મની યાદીમાં ગતિના કર્મની પ્રકૃતિઓ આવે છે. ગતિ માનો છો તેમ સિદ્ધની ગતિ કેમ માનતા નથી. ગઇ (गति) ગમન કરવું એવો અર્થ થાય છે માટે સિદ્ધમાં પણ ગતિ માનવી જોઇએ.

જૈની—ભાઈ, **गम् (गच्छ)** ધાતુ ઉપરથી **गति** શબ્દ થયેલો છે કર્મ ગ્રંથમાં ગતિ ચાર કહેલી છે. ૧ દેવતાની ગતિ, ૨ મનુષ્યની ગતિ, ૩ તીર્યંચની ગતિ, ૪ નરક ગતિ, એ ચાર ગતિઓ કહેલી છે. નામ કર્મની ૧૦૩ પ્રકૃતિઓ કહેલી છે. તેમાં ગતિ ચાર કહેલી છે. તે ચાર ગતિઓ તો નામ કર્મની પ્રકૃતિઓ છે અને તે ચાર ગતિરૂપ નામ કર્મ રૂપી છે.

પાંચમી ગતિ સિદ્ધની ગતી કહેલી છે તેનો અધિકાર પન્નવણામાં છે. તેમાં પાંચમી ગતિ કર્મમાં નથી તેથી સિદ્ધમાં કર્મ સિદ્ધ થતું નથી.

પાંચમી ગતિ છે તે કર્મ જનીત નથી માટે સિદ્ધમાં ગતિના કર્મ નથી. જીવ થકી આઠ કર્મ દુર થાય છે તે વખતે એક સમયમાં સિદ્ધમાં જાય છે, તોતે એક સમયમાં જીવને મોક્ષ સ્થાન પ્રત્યે જવું તે આશ્રીને પાંચમી ગતિ કહેલી છે.

ચાર ગતિઓની પેઠે સિદ્ધમાં જવાની ગતિ છે તેતો કર્મ જનીત નથી માટે પાંચમી સિદ્ધ પ્રત્યે જવાની જે ગતિ તે નામ કર્મમાં કહેવાય નહી.

## ૭ ગોત્ર કર્મ

ઉંચ અને નીચ કુળ એ જગતમાં પ્રસિદ્ધજ છે. ઉંચ કુળમાં ગોત્ર કર્મના યોગેજ જન્મ થાય છે, તેમજ નીચ કુળમાં પણ ગોત્ર કર્મના યોગે અવતાર થાય છે. જુઓ, વિચારો–કેટલાક બાળકોનો ચંડાળના કુળમાં જન્મ, અને વળી કેટલાકનો ક્ષત્રીય વાણીયા કુળમાં જન્મ- આનું કારણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉંચ અને નીચ ગોત્ર છે, એ સ્પષ્ટજ છે. જો ઉંચ અને નીચ ગોત્ર કર્મ ન હોય તો એકજ કુળમાં એટલે કે બ્રાહ્મણ, વાણીયા, અગર તેવા કોઇ કુળમાંજ સર્વનો જન્મ થવો જોઈએ. તેમ તો કાંઈ થતું નથી, તેથી ખુલ્લુંજ જણાય છે કે, ગોત્ર કર્મના યોગે કરીનેજ ઉંચ અને નીચ કુળમાં અવતાર થાય છે. માટે ગોત્ર કર્મ માનવું એ સત્યજ છે. આ બાબતમાં મી૰ જૈમલે જે શંકા કરી છે, તે તેની બધી મન કલ્પના છે. એવી કપોલ કલ્પિત કુયુકિત લગાડેલી બીના વિદ્વાન વર્ગ તો વાંચી તેની તુલના કરે એમાં તો કાંઈ નવાઇ નથી, પણ અલ્પજ્ઞાનવાળા અને સાધારણ મનુષ્ય પણ આવા પ્રત્યક્ષ પ્રમાણની બાબતમાં હાસ્ય કરે, એમ ના પાડી શકાય તેમ નથી. શાસ્ત્રમાં પણ કુળાદિ મદને લીધે ઉપાર્જન કરેલા ઉંચ નીચ ગોત્રમાં અવતાર થયેલાના દાખલા ઘણા છે, જુઓ, મરીચીના ભવમાં બાંધેલા નીચ ગોત્રના ઉદય થકી ઘણાજ ભવો તેમનો જન્મ નીચ કુળમાં થયો અને અવશેષ બાકી રહેલા કર્મના યોગે જે ભવમાં મોક્ષ લક્ષ્મી મળવાની હતી, તેજ ભવમાં પણ તેઓ દેવાનંદા બ્રાહ્મણીની કુખે ઉત્પન્ન થયા. આ ગોત્ર કર્મની પ્રબળતા નહિં, તો બીજું શું ? માટે ગોત્ર કર્મ સત્ય છે. નીચ ગોત્ર કર્મ થકી હલકા કુળમાં જન્મ થાય છે, અને ઉંચ ગોત્ર કર્મથકી ઉત્તમ કુળમાં જન્મ થાય છે. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ ઉંચ ગોત્ર કર્મના યોગે કરી ઉંચ કુળમાંજ અવતરે છે. રૂષભદેવ સ્વામીના પહેલાં જુગલીઆંમાં પણ ગોત્ર કર્મ હતું. પ્રાયે કરી તેમનું ઉંચ ગોત્ર સંભવે છે, તત્વ કેવળી ગમ્ય. માટે ગોત્ર કર્મ એ સત્ય છે અને તેના યોગે કરીનેજ ઉંચ ગોત્રમાં જન્મવાપણું થાય છે.

### ૮ અંતરાય કર્મ

અંતરાયના ભેદ ૫ છે. ૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય. દાનાંતરાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તુટે એટલે દાનની પ્રાપ્તિ થાય, લાભાંતરાય તુટે એટલે લાભની પ્રાપ્તિ થાય, ભોગાંતરાય તુટે એટલે ભોગ મળે, ઉપભોગાંતરાય તુટે એટલે ઉપભોગની પ્રાપ્તિ થાય, વીર્યાતરાય તુટે એટલે વીર્યની પ્રાપ્તિ થાય છે.

મી૦ જૈમલ કહે છે કે, તમારૂં માનેલું અંતરાય કર્મ તેમાં વિરૂધ્ધ આવે છે, તે વાત ખોટી છે. કેમકે તે વાત તો પ્રસિદ્ધજ છે કે, જે પુરૂષને જે વસ્તુનો અંતરાય તુટે ત્યારે તે વસ્તુની પ્રાપ્તિ થાય છે. જેમકે, કોઇ પુરૂષ ઘણા પ્રકારે મહેનત કરે છે તે છતાં તેને અંતરાયનો ઉદય હોય તો કાંઇ પણ મળતું નથી અને કેટલાકને તેવા અંતરાય કર્મના અભાવે સહજમાં પણ ધારેલ ફળની પ્રાપ્તિ થાય છે. વળી કોઇ લક્ષાધિપતી એક દીવસમાં એક કલાક મહેનત કરે છે અને એક ભીખારી આખો દીવસ ઘણોજ પ્રયત્ન કરે છે તોપણ તેને સંધ્યા કાળે લક્ષાધિપતીના સોલમે અંશે પણ મળતું નથી. એમ શાથી થાય છે ? જ્ઞાન દ્રષ્ટિએ વિચારતાં સહજ સમજાશે કે એ બધું પૂર્વકૃત કર્મ અંતરાયના ઉદયે કરીનેજ થાય છે. કર્મ બે પ્રકારે હોય છે એક તો નીકાચીત બંધવાળા એટલે જેનો ઘણો કઠીણ બંધ હોય છે અને એક શીથીલ બંધવાળા હોય છે, જે શીથીલ બંધ હોય તે ઉદ્યમ કરવાથી ત્રુટી જાય છે અને નિકાચીત બંધ હોય તે તો તુટતા નથી. પુણ્યની વૃદ્ધિ થાય તો શીથીલ બંધવાળુ અંતરાય તુટી જાય છે.

મી૦ જૈમલે લખ્યું છે જે અરીહંતના ચોત્રીસ અતિશયમાં વચનાતિશય નામે બાવીસમા ભેદમાં કોઇનું મર્મ ઊઘાડવું નહી એમ છતાં તમારા નેમીનાથ તીર્થંકરે કૃષ્ણની આગળ ગજસુકુમાળને સોમલ બ્રાહ્મણે દુખ દીધા અને તેથી તે મરણ પામ્યો તેથી તો તમારા તીર્થંકરે પારકો મર્મ ઊઘાડયો એ વાત સિદ્ધ ઠરી. આ જે તેનું લખવું છે તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખોટું છે. કારણ કે તમો મર્મ શબ્દનો ભાવાર્થ એ સમજ્યા નથી અગર તો જાણી બુજીને કુયુક્તિવડે લોકોને ભ્રમમાં ભોળવવા પ્રયત્ન છે. કેમકે નેમીનાથજીએ કહ્યું તેથી કાંઇ કોઇનું પણ મરણ થયું નથી. કૃષ્ણે સ્વાભાવિક રીતે પુછવાથી સ્વાભાવિક યથાર્થ કોઇને પણ બાધા ઉપજાવવાની કોઇપણ પ્રકારની પોતાની તેમજ પ્રશ્નકારની ધારણા નહી હોવાથી કહ્યું, એમાં કાંઇ મર્મ ઊઘાડયો નથી. અને એ બાવીસમા અતિશયમાં કહેલા પ્રકારમાં કોઇપણ જાતનો વિરોધ આવતો નથી એ વાત સત્ય છે.

કુર્માપુત્ર કેવળજ્ઞાન ઉપન્યા પછી છ મહીના ઘરમાં રહ્યા તે માતા પિતાના ઉપર ઉપકાર બુદ્ધિએ રહ્યા હતા, તેઓ કાંઇ કર્મના જોરથી રહ્યા નહોતા. માતા પિતા એકદમ તેમનો વિરહ ખમી શકે એમ નથી એવું જ્ઞાનવડે તેમના જાણવામાં હોવાથી અને આજ હાલ ઊચીત છે એમ સર્વજ્ઞતાને લીધે સમજ્યાથી ઘરમાં રહીને તેમણે માત પિતાને ધર્મોપદેશ દીધો હતો. આ સ્યાદ્વાદ જૈનધર્મનો રહસ્ય સમજ્યા વિના મી૦ જૈમલ પોતાનો મન માનતો ગમે તેવો તર્ક ગોઠવી બેસાડે છે તેથી અમારૂં તો કાંઇ જવાનું નથી પણ અમોને તે ભાઇની દયા આવે છે કે એવા કુતર્ક ઊડાવી કેવાં કર્મ તે ઉપજાવી કેવી ગતિનો બંધ બાંધશે. તે અમો તો જ્ઞાની ગમ્ય વાત હોવાથી નિશ્ચયપણે અમુક ગતિ માટે કહી શક્તા નથી. તથાપિ આડે માર્ગે જનાર અટવાય એવી તો સ્વાભાવિક ધારણા બાંધી શકાય છે.

વળી ખ્રીસ્તી મી૦ જૈમલ લખે છે કે કોઇ ચોરી કરવા જાય છે અને ચોરને કાંઈ વસ્તુ ન મળે તો એને કયો અંતરાય કહીયે; અને કોઇ શિકાર કરવા જાય છે તેને શિકાર ન મળે તો કયો અંતરાય જાણવો. વળી લોકો પાપ કરે છે તેને પાપ કરે છે એવું કેમ તમે કહો છો? તે વિષે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખુલાસો કે-ન્યાયથી ચાલે અને ઊદ્યમ કરે તે છતાં ન મળે તો તેને શુભ લાભાંતરાય જાણવો અને અન્યાયથી ચાલે અને ના મળે તો અશુભ લાભાંતરાય જાણવો. એમાં કોઇ પણ પ્રકારે હરકત જેવું નથી. અને જે પાપ કરે છે તેને પાપ કરે છે એમ ન કહે તો ન્યાય અને અન્યાય એવા શબ્દોનો જે લોકોમાં વ્યવહાર તે ચાલશે નહિં. અંતરાય કર્મ નિકાચીત હોયતો અવસ્ય ભોગવવું પડે છે, નહિતો તુટી જાય છે ધર્મ કરવાથી તથા ઉદ્યમ કરવાથી; માટે એમાં કોઇ પણ પ્રકારનો સંશય કરવો નહી. કર્મ તુટવાનો ઉપાય તપસ્યાદિક છે. તેથી જે કર્મ નિકાચીત નથી હોતાં તે તુટી જાય છે અને નિકાચીત હોયતો ભોગવવાં પડે છે.

વળી મી० જૈમલ લખે છે કે તમારા જૈનના સાધુઓ કોઇ કોઇને અંતરાય કરતા નથી. જેમકે બીલાડી ઉંદરને મારે છે અને કુતરો બીલાડીને મારે છે ત્યારે તમારા સાધુઓ છોડાવતા નથી. આ વાત તદન ખોટી છે. કેમકે એવો ધર્મ હમારો જૈનનો નથી. એવો ધર્મ તો કોઇ મૂઢનો હશે. મી० જૈમલે જે વગર વિચારે વાત લખી છે તેમાં કોઇને પણ વિશ્વાસ કરવા જેવો નથી. એવું અમારા કોઇ પણ પુસ્તક માં નથી કે બીલાડીને કુતરો મારતો હોય તો ન છોડાવવો, કેમકે સાધુને તો સર્વ જીવ ઉપર દયાના પરિણામ હોય છે. વળી જૈમલ લખે છે કે, જે કોઇ માંસ ખાતું હોયતો તેને એમ જાણવું કે મારે અંતરાય તુટયો છે અને જે નથી ખાતા તેને અંતરાય છે. આ વાત આકાશ કુસુમની પેઠે અસંભવીત છે; કેમકે માંસ ખાવું એ ખોટી બુધ્ધિ વિના સુજતું નથી. સારી બુદ્ધિવાળા પુરૂષોને માંસ ખાવાની કીંચિત્ પણ જીજ્ઞાસા હોતી નથી. માંસ ખાવાવાળા પુરૂષોને ઉપદેશ દેવો કે માંસ ખાશો તો તમો દુર્ગતિમાં જાશો અને નહિ ખાઓ તો સારી ગતિ થશે. વળી જે લોકો

માંસ ખાય છે. તેની બુદ્ધિ નિરંતર ખોટીજ રહે છે, હમારા જૈન ધર્મમાં તેમજ બીજા પણ ઘણા ધર્મમાં એ વાત પ્રસિદ્ધ છે કે કોઇપણ જીવનો વધ કરવો નહી અને કરવા દેવો પણ નહી; સર્વ જીવો ઊપર દયાના પરિણામ રાખવા. જેમ આપણા પોતાના જીવને કોઇ પણ કીંચિત પીડા કરે છે ત્યારે આપણા મનમાં ઘણુંજ દુઃખ ઉત્પન્ન થાય છે અને આપણે તેને નીસાસો પણ દઈએ છીએ. તેમજ જો બીજા જીવોને આપણે મારી નાંખીશું ત્યારે તેને કેમ પીડા નહીને થાય અર્થાત થશેજ, અને જીવની હત્યાનું પાપ આપણુ લાગશેજ. હવે વેપાર, રોજગાર, ઘર બંધાવવું, ઇત્યાદિક જે આરંભો તેમાં જીવો મરી જાય છે એ વાત પ્રત્યક્ષ માલમ પડે છે, ત્યારે ખ્રીસ્તી જૈમલે જે કહ્યુ કે વેપાર રોજગારમાં કોઇપણ પ્રકારનું પાપ નથી તે વાત વિદ્વાન લોકોને વિચારવા જેવી છે કે જે વાત પ્રત્યક્ષ દેખાય છે તેને પોતાની મતિ કલ્પનાથી કહેવું કે એમાં પાપ નથી. તે વાત માનવા લાયક નથી. માટે સર્વ ઉપર પોતે દયાના પરિણામ રાખી સર્વ જીવોનું રક્ષણ કરવું, કેમકે સર્વજીવો જીવવાની ઈચ્છા કરે છે, એ વાત સર્વે ધર્મવાળા માને છે. કોઇ મૂઢમતિ નહી માનશે તો તે એના કર્મનો દોષ ? વળી નિકાચિત એવું જે અંતરાય કર્મ હોયતો તે ઘણો પણ પ્રયત્ન કરે તથાપિ કાંઈ પણ મળતું નથી. માટે અંતરાય કર્મ સત્ય છે એમાં કાંઇ પણ સંશય નથી અને કુયુક્તિકારના લેખથી કોઇપણ દક્ષ પુરૂષ ભરમાવાનો નથી એમ અમો તો નિઃસંદેહ માનીએ છીએ.

વળી અંતરાયાદિ કર્મ વિશે ઘણો વિસ્તાર અમારા મોટા ગ્રંથો જોવાથી માલમ પડશે. ઉપર પ્રમાણે અંતરાય કર્મ સત્ય છે, નહિ માને તે મિથ્યાત્વી છે અને જે ઉત્સૂત્ર ભાષણ કરે છે, સત્ વસ્તુને અસત્ કહે છે અને અસત્ને સત્ કહે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓ વીતરાગના વચનના અનુસારે આ ચાર ગતિમાં ભમ્યા કરશે. જે મનુષ્યો પોતે પણ અસત્ વસ્તુને ગ્રહણ કરે છે અને બીજાની પાસે ગ્રહણ કરાવે છે, તે મહાપાપની રાશિ એકઠી કરે છે. મી૦ જૈમલ પદમીંગજીએ પોતે અસત્ય માર્ગ ગ્રહણ કર્યો અને બીજાઓને પણ અસત્ય માર્ગ ગ્રહણ કરાવવાને વાસ્તે ખરાને ખોટું સમજાવવાતાં જતાં સૂર્ય સામી ધૂળ ઉછાળવાની જેમ તેને થશે અને તેથી તેની અમને દયા ઉત્પન્ન થાય છે કે આવા જીવની શી ગતિ થશે! ગપાષ્ટાંક ગોળા ફેંકનાર ઉપર આ પ્રસંગે એક દૃષ્ટાંત યાદ આવે છે તે આ નીચે ટાંકુ છું.

એક નગરીમાં રાજાનો એક દીકરો અંધ હતો તેને દાન દેવાની ટેવ પડી હતી. દરરોજ તે પોતાની પાસેથી કડાં, કંઠી વિગેરે યાચક લોકને આપવા લાગ્યો. તેનો પિતા પણ પોતાના અંધ પુત્રના કહ્યા પ્રમાણે ભંડારમાંથી ધન આપતો હતો. એમ ઘણા દીવસો થઇ ગયા ત્યારે પ્રધાને વિચાર કીધો કે, આ રાજાનો અધ દીકરો ભંડારનું સઘળું ધન ઉડાવી નાંખશે માટે તેનો કોઇ ઉપાય કરવો જોઇયે. એમ ધારીને તેણે પીતળનાં કડાં, કંઠીઓ વિગેરે ઘડાવીને રાજાના અંધ પુત્રને આપ્યાં, અને તેને કહ્યું કે, હું તને સોનાનાં કડાં કંઠીઓ આપુંછું તે યાચક લોકો તને કહેશે કે, પીતળનાં છે તે તું માનતો નહી. તને મારા ઉપર વિશ્વાસ હોય તો તે લોકોનું ખોટું કહેલું સાચું માનીશ નહી. પછી અંધ પુત્રે કહ્યું કે, તમારા જેવા પ્રધાનનું કહ્યું કદાપિ કાળે હું ખોટું માનવાનો નથી. એમ કહ્યા પછી પ્રધાનતો પોતાને ઘેર ગયો. હવે યાચક લોકો રાજાના દીકરા પાસે દાન લેવા આવ્યા. રાજાનો પુત્ર કડાં કંઠી આપવા લાગ્યો તે જોઇ યાચક લોકો કહેવા લાગ્યા કે, અરે રાજપુત્રજી! આ તો પીતળનાં છે. ત્યારે રાજપુત્રે કહ્યું કે, તમે સર્વે

ગાંઠા છે. આતો સોનાનાં છે. પેલા યાચક લોકો પાછા ફરગરીને કહેવા લાગ્યા કે, સાહેબજી ? આતો પીતળનાં છે. ત્યારે રાજાના અંધપુત્રે કહ્યું કે હું તમારૂં કહ્યું કદાપી કાળે સાચું માનવાનો નથી, લેવાં હોયતો લ્યો નીકર પાછા ચાલ્યા જાઓ. ત્યારે બીચારા યાચક લોકો નીરાસ થઈને ચાલ્યા ગયા. આમાં સમજવાનું કે તે રાજાનો પુત્ર ઘણો મૂર્ખ હતો તેથી જેમ યાચક લોકોનું ખરૂં કહેલું પણ સાચું માન્યું નહી અને પોતાનો દાન ધર્મ બંધ પડયો. તેમ અજ્ઞાનના આવરણે આચ્છાદિત ખ્રીસ્તી મી૦ જેમલ સત્ સાધુ ધર્મથી પરાંઙ્મુખ થઇ કદાગ્રહથી પોતાનું હાલ માનેલું ખરૂં કરવું ધારે છે તે કદાગ્ર પોતે ઉપર દર્શાવેલ રાજપુત્રના જેમ ખરૂં માની બેસે તેમાં તો નીરૂપાય ? પણ જેનામાં થોડી ઘણી પણ બુદ્ધિ છે તેતો તેના તેવા હજારો ઉપાય અને કુયુક્તિઓને સત્ માનવાના નથીજ અને વિશેષમાં તેની હાંસી કરશે એથી ખેદ થાય છે. જ્યારે એ ભાઈ જૈન સાધુ થયા ત્યારે એ સત્ય હતું અને તે મનની હરેક કોઈ કામના પરીભુત કરવા ખ્રીસ્તી બની બેઠા ત્યારે તે સત્ય છે એમ પોકારવા લાગ્યા. માટે એ બેમુખે બોલનાર પોતાને મન-માનતા કુતર્કો ઊઠાવી કુયુક્તિ લગાવી લોકોને ભરમાવવા જાય તેથી લોકતો ભરમાવાના નથી પણ તેમની પોતાની કીંમત થશે એતો ખરૂં. અનાદિકાળથી સિદ્ધ એવો જૈનધર્મ જગતમાં અનાદિકાળ જયવંતો વર્તશે અને જેજે કુયુક્તિઓ કરવામાં આવે છે તે મિથ્યા હોઈ મિથ્યા થશે. માધ્યસ્થ્ય દ્દષ્ટીયુકત માધ્યસ્થ્ય પુરૂષોજ ધર્મની પરીક્ષા કરી શકે છે.

## નીગોદ વિચાર

જીવનું મુળસ્થાન નીગોદ છે. જ્યાંસુધી વ્યવહાર રાસીમાં ન આવે ત્યાંસુધી તે સુક્ષ્મ નીગોદીયા કહેવાય છે. ત્યાં રહીને મહા દારૂણ દુઃખ ભોગવે છે. નર્કના જીવોનો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતાં અનંતી વેદના નીગોદીયા જીવોને થાય છે. એક શ્વાસોશ્વાસમાં નીગોદનો જીવ સાડાસતર ભવ કરે છે. જુવાન નીરોગી પુરૂષ (૩૭૭૩) ત્રણ હજાર સાતસોને તોતેર શ્વાસોશ્વાસ લે એટલામાં નીગોદીયા જીવને (૬૫૫૩૬) પાંસઠ હજાર પાંચસો ને છત્રીસ ભવ કરવા પડે છે. સાતમી નર્કમાં તેત્રીસ સાગરો પમનું આયુષ્ય છે. તેત્રીસ સાગરોપમના જેટલા સમય થાય તેટલા ફેરા તેત્રીસ સાગરોપમને આઉખે સાતમી નર્કમાં એક જીવ ઉપજે તેનું દુઃખ સર્વે ભેગું કરીયે ત્યારે તેથકી અનંત ગણું દુઃખ એક સમયમાં નીગોદના જીવને છે. આ પ્રરૂપણા અનંતજ્ઞાની તીર્થંકર મહારાજની છે. તે વાત શ્રદ્ધાગમ્ય છે. તેમાં કુયુક્તિ કરવી તે મીથ્યા છે. કારણ કે જીનેશ્વર ભગવાન અનંતજ્ઞાની હતા તેમણે જેવું દીઠું તેવું કહ્યું છે જેને રાગ દ્વેષ નથી એવા વીતરાગ ભગવાનની વાણી સત્ય કરી માનવી જોઈએ. એ બાબતમાં જૈમલ પદમીંગજીએ જે જે અજ્ઞાન થકી કુયુક્તિઓ કરી છે તે કેવળ ખોટી છે અને તેના કોઇપણ વચન ઉપર વિશ્વાસ કરવો નહી.

**ખ્રીસ્તી**–જૈમલ જણાવે છે કે સાતમી નરકના કરતાં નીગોદના જીવને શીરીતે અનંતગણું દુઃખ થાય; આનો શો ખુલાસો છે.

**જૈની**—સાંભળ ભાઇ, એક શ્વાસોશ્વાસમાં સાડાસતર ભવ કરવા પડે છે. હવે એના કરતાં વધારે દુઃખ કયું સમજવું. બીચારા નીગોદના જીવને એક સમયની પણ વિશ્રાંતી નથી. વારંવાર જન્મ મરણ થયાં કરે છે તે બહુજ (અતુલ્ય) દુઃખ જાણવું.

**ખ્રસ્તી**-ઠીક, પણ આ તમારો જવાબ જૈમલના કહેવા પ્રમાણે વિરૂદ્ધ લાગે છે. કેમકે તે જણાવે છે કે, મરનાર માણસને મરણ વખતે દુઃખ હોતું નથી અને જન્મ થતી

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

વખતે એવી પીડા થાયતો જન્મે કેમ, કેમકે તે વખતે એક ઘણુંજ નાનું ને કોમળ બચ્ચુ હોય છે. માટે જે તેમને એવુંજ દુઃખ થાય તો ખરેખર જીવેજ નહી. આમાં તમે શું કહો છો ?

જૈની—વાહ ? આશુ અને કેવી કુયુક્તિ ! શું તે પંડિત પુરૂષો માન્ય કરવાના કે ? ના, નહીજ કરે. સાંભળો. મરનાર માણસને મરણ વખતે દુઃખ હોતું નથી એ વાત ખોટી છે. ખાત્રી કરવા માટે તમોએ જો કોઈ મરવાની તૈયારીમાં આવેલા મનુષ્યને પુછયું હોત કે, ભાઈ ? તને આ વખત કેવું દુઃખ પડે છે. તો તરતજ તમને ઉત્તર મળશે કે કોઈપણ વખતે નહી ભોગવેલું એવું દુઃખ ભોગવું છું. સૌને મરણ વાહાલું લાગતું નથી, જીવવું સૌને વાહાલું લાગે છે. વળી ઇસુને વધસ્થંભ ઉપર ચડાવ્યા ત્યારે તેને શું દુઃખ માન્યું નહી હતું, શું તેને સુખ માન્યું હતું ? જો મરનારને દુઃખ ન થતું હોતતો મરણ આવશે એવુ સાંભળવા માત્રથી જીવને જે ભય થાય છે તેમ નહી થતાં હરખ થવો જોઇયે. પણ હરખ થતો નથી, માટે મરણ સમાન કોઇ પણ દુઃખ નથી. વળી બ્રાહ્મણ, મિમાંશક, નૈયાઈક વિગેરે દર્શનો વાળા પણ એમજ માને છે. માટે મરણ સમાન કોઈપણ દુઃખ છે નહી. વળી માતાની કુખમાં નવમાસ સુધી રહેવુ પડે છે. ત્યાં ઊંધે મસ્તકે જીવ રહે છે, સૂર્યનો પ્રકાશ પણ ત્યાં નથી, અને જન્મ થતી વખતે પણ અત્યંત દુઃખ પડે છે. માટે જન્મ મરણ સમાન કોઇપણ મોટું દુઃખ નથી. જન્મ મરણનું દુઃખ નીગોદના જીવને વારંવાર વેઠવું પડે છે માટે નીગોદમાં અનંતુ દુઃખ કહ્યું છે તે સત્યજ છે.

ઘટે ન રાસી નીગોદકે, વધે ન સિદ્ધ અનંત. જેમ ભેશની દાબડીમાં મેશ ભરેલી હોય છે તેમ . ચૌદ રાજલોકમાં જીવો વ્યાપીને રહેલા છે.

પ્રી૦—જૈમલ કહે છે કે, ઘટે ન રાશ નીગોદકે, વધે ન સિદ્ધ અનંત. એટલે સંસારના જીવો ઘટતા નથી અને સિદ્ધમાં વધતા નથી. તેમજ સંસારમાં ઉત્પન્ન થતા અને સિદ્ધમાંથી પાછા આવતા નથી. આ ઉપરથી બુદ્ધિવાન સમજી સકશે કે ચૌદ રાજલોકની વાતો તથા સિદ્ધમાં જવું એ બધી વાતો મનોકલ્પીત છે, ગમે તેટલા જીવો હોય પણ સંસારમાંથી ખુટવા જોઈયે તો સંસારમાંથી ઓછા થવાં જોઇયે અને સિદ્ધમાં વધારે થવા જોઇયે; તે કેમ ન થાય ? આનો હવે તમે શો ઉત્તર આપો છો વારૂ !

જૈની—જો જૈન ધર્મનું જ્ઞાન ગુરૂગમ્યથી લીધું હોત તો સાચું સમજાત પણ મુંડને ગાંગડે ગાંધીપણું માનનાર અર્થાત મી૦ જૈમલ જેવા જૈનધર્મના રહસ્ય જાણવાનું ખોટું અભિમાન ધરાવી કુયુક્તિ વડે લોકોને ભ્રમમાં ભુલાવો ખવડાવવા જતાં પોતાની હાંસી થશે એમ નહિ જાણનારે જેમ કડછી બધી જાતના ભોજનમાં અથડાય છે છતાં તે કડછી જેમ કોઇપણ જાતનો રસ જાણી શકતી નથી તેમ સમજવું જોઇયે કે જૈનધર્મનું તત્વ હાથ આવ્યું નથી-સમજ્યો નથી. ઘટે ન રાશ નીગોદ કે, વધે ન સિદ્ધ અનંત. એનો અર્થ એવો કર્યો છે કે સિદ્ધમાં વધતા નથી અને સંસારમાં જીવ ઘટતા નથી. પણ એ પદનો અર્થ એવો થતો નથી મોટી ભુલ કરેલી છે; તેનો ખરો અર્થ આ પ્રમાણે છે;-ઘટે ન રાશી નીગોદકી, વધે ન સિદ્ધ અનંત. એટલે "નીગોદના જીવની રાશી ઘટતી નથી અને અનંતા સિદ્ધ જીવો વધતા નથી" કારણ કે અનંત શબ્દમાં સર્વે જીવોનો સમાવેશ થાય છે, એમ સમજવું જોઇયે. વળી આગળ વાકયમાં જૈમલ પદર્મીગજીએ જે ભુલ કરેલી છે તે બતાવું છું. "તેમજ સંસારમાં ઉત્પન્ન થતા નથી" એ વાકય જે લખ્યું છે તેનો અર્થ સમજાતો નથી, કારણ કે એ વાકય બીજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાક્યને અપેક્ષા વિનાનું તે નિરર્થક છે, તે વાંચવાથી માલુમ પડશે. વળી જુઓ એ પદના અર્થ સંબંધમાં એક સહજ દૃષ્ટાંત બતાવું છું.—ગંગા નદીમાંથી દર વર્ષે તણાતી તણાતી કેટલી રેતી સમુદ્રમાં જાય છે, તેમજ લાખો વર્ષોથી ગંગા વિગેરે સેંકડો નદીઓમાંથી રેતીના ઢગલે ઢગલા સમુદ્રમાં જાય છે; પણ તે રેતીથી સમુદ્ર કાંઇ પુરાતો નથી, તેમજ નદીમાંથી કાંઇ રેતી ઓછી થતી નથી. તેવીજ રીતે અહીંઆ પણ સમજવું. વળી જુઓ દૃષ્ટાંત બીજું—ત્રણે કાળના સમય કરતાં પણ નીગોદમાં અનંતા જીવો રહે છે. એ સમય સમયે એકેકો જીવ જાય તો પણ ખાલી ન થાય. બબે ત્રણ ત્રણ જીવ એક સમયે જાય તો પણ ખાલી ન થાય.

**गोलाय असंखीज्जा । असंख नीगोय हवई गोलो ॥**
**ईक्कीकं मिनि गोए । अनंता जीवा मुणे अव्वा ॥**

સંસારમાં અસંખ્યાતા ગોળા છે. હવે ગોલો કોને કહેવો તે જણાવે છે. **असंख निगोह हवइगोलो**

અસંખ્યાતી નીગોદે એક ગોળો થાગ છે. હવે નીગોદને વિષે કેટલા જીવો હોય છે તે બતાવે છે.

એકેક નીગોદમાં અનંતા જીવો કહેલાં છે. સમુદ્રનું પાણી દીવસ પ્રત્યે લાખો કરોડો માણસ ભરે છે, ઢોળે છે, વાવરે છે, તે પ્રમાણે લાખો વર્ષોથી વપરાય છે, ઢોળાય છે, ભરાય છે, તોપણ જેમ તેમાંથી પાણી ઘટતું નથી; મતે નીગોદમાંથી જીવો પણ કોઈપણ દીવસે ઓછા થશે નહી; એમ વીતરાગના વચનથી શ્રદ્ધા કરવી.

## ભવી તથા અભવી

(પ્રકરણ છઠું)

જીવના પાંચસોને ત્રેસઠ ભેદ થાય છે. તે આઠ કર્મ સહિતના સમજવા. તેનો વિચાર વિશેષ શાસ્ત્ર થકી જાણવો. પણ થોડા સંક્ષેપથી અહિંઆં બતાવું છું. ૪૮ તિર્યંચના,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૪ નારકીના, ૩૦૩ મનુષ્યના, ૧૯૮ દેવતાઓના, સર્વે મળી પાંચસો ને ત્રેસઠ ભેદ થયા.

ખ્રીસ્તી–ભવી જીવો પોતાની ભવસ્થિતિ પુરી કરી મોક્ષે જાશે ત્યારે ભવી કોઈપણ સંશારમાં રહેશે નહીં ?

જૈની—કોઇપણ દીવસ ભવી જીવો સંસારમાંથી ખુટવાના નથી. તેને માટે સમુદ્રના પાણીનો દ્રષ્ટાંત જાણવો, તથા ગંગા નદીમાંથી સમુદ્રમાંથી જનાર રેતીનું દ્રષ્ટાંત પણ જાણવું. નીગોદ સંબંધીની ઘણી સુક્ષ્મ હકીકત છે, દ્રષ્ટાંતથી એ વાત સમજી શકાય છે. દ્રષ્ટાંત પણ એક દેશી કેટલાક હોય છે. માટે કેવળીના વચનમાં જરાપણ શંકા કરવી નહી એજ હીતકારી છે.

પહેલા ત્રણ આરામાં જુગલીઆ હોય છે. તેઓના મનોવાંછિત કલ્પવૃક્ષો પુરા પાડે છે.

## સર્વ વ્રતી

(પ્રકરણ સાતમું)

### महाव्रत धराधीरा भैक्षमात्रोपजीविनः ॥
### सामायिकस्था धर्मोपदेशका गुर वोमताः ॥

અહિંસાદિ પાંચ વ્રતના ધારણ કરનાર હોય તથા પાળનાર હોય. આપદા આવે તોપણ પોતાના વ્રતને દુષણ લગાડે નહી, તથા બેતાલીસ દોસ રહિત મધુ કરની (ભમરાની) પેઠે ગોચરી લેવી. તેમાં પણ પાંચ દોષ માડલાના ટાળે અને શરીરનું પોષણ કરે તથા ભવી જીવોને સંસાર સમુદ્રમાંથી તારવાને માટે ઉપદેશ આપે.

જૈની—જૈમલ પદમીંગજીને સાધુનું પહેલું વ્રત કયું હોય છે તેની પણ ખબર હોય એમ માલમ પડતું નથી અને જેમ ફાવે તેમ બીજાનાં ખોટા દુષણ કાઢવા પ્રયત્ન કરે છે. કેમકે એને જો પહેલા અહિંસા વ્રતની ખબર હોતતો માછલી ખાવામાં ધર્મ એવો ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરત નહી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેમકે સર્વે લોકો જાણે છે કે આપણો જીવ આપણને વહાલો હોય છે તેમ સર્વેને પોતાના પ્રાણ વહાલા હોયજ છે. પણ ખ્રિસ્તી ધર્મમાં માછલી ખાવામાં ધર્મ માને છે એ મહાન અજ્ઞાન ભરેલું છે. પાપમય ધર્મ તો અજ્ઞાનીજ અંગીકાર કરશે. જ્ઞાનવાન તો દયામય ધર્મનેજ ઓળખી અને તેને પ્રણામ કરી અંગીકાર કરશે.

વળી મી૦ જૈમલને સંસ્કૃતનો અભ્યાસ પણ બાપ દીકરાના દૃષ્ટાંત પ્રમાણે હશે એમ જણાય છે, તે દૃષ્ટાંત નીચે મુજબ—

એક મનુષ્યને એક દીકરો હતો. તેને સંસ્કૃત ભાષા બોલવાની ઘણી મરજી હતી પણ વ્યાકરણનો અભ્યાસ તેણે કર્યો નહોતો. તેમ છતાં પણ પોતાના પિતાને તેણે કહ્યું કે હે પિતાજી ? આજથી હું તમારી સાથે સંસ્કૃત ભાષામાં બોલીશ; પિતાએ કહ્યું કે, બહુ સારૂં. એક દીવસ તે છોકરો ખાવા બેઠો ત્યારે ભાણામાં ભાત પીરસેલો હતો તે ખાતાં ખાતાં કહેવા લાગ્યો કે **बापं उष्णं भातं** હે બાપ ઊનો ભાત છે. જુઓ એ કેવું સંસ્કૃત બોલ્યો. ત્યારે પિતાએ કહ્યું કે, **चुपं पौरं घटं गलं** ચુપ છોકરા ઘટ દઈને ગળી જા. તેમની પેઠે એ પણ સમજી લેવું. જુવો તે સાધુનાં વ્રત ગણાવે છે.

૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન, ૫ પરિગ્રહ. આ પાંચ સાધુનાં વ્રત તેના પુસ્તકના પૃષ્ઠ ૯૫ માં લખ્યાં છે.

**ખ્રીસ્તી**–શું તે પાંચ વ્રત નથી કહેવાતા ?

**જૈની**—ભાઇ, એ પાંચ વ્રત કહેવાતા નથી. પ્રાણાતિપાત એટલે જીવનો નાશ કરવો, મૃષાવાદ એટલે જુઠું બોલવું, અદત્તાદાન એટલે પારકી વસ્તુ ગ્રહણ કરવી, મૈથુન એટલે સ્ત્રી સાથે ગમન કરવું, પરિગ્રહ એટલે ધન ધાન્યાદિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિગ્રહ રાખવો. શું આ પાંચ સાધુને ઘટે ! અને અરે ! એવાં તે વ્રત કહી શકાતાં હશે ? અરે ! આ પાંચ તો પાપ આવવાના ઠેકાણા છે. તેને તો પાપ સ્થાનક કહે છે. આ ઉપરથી માલમ પડે છે કે ખ્રિસ્તી જેમલને અઢાર પાપ સ્થાનકનું પણ જ્ઞાન છે નહી.

**ખ્રિસ્તી**–ત્યારે સાધુનાં પાંચ મહાવ્રત કયા ?

**જૈની** –૧ પ્રાણાતિપાત વિરમણ એટલે જીવહિંસા થકી રહિત થવું, ૨ મૃષાવાદ વિરમણ એટલે જુઠું બોલવું નહિ, ૩ અદત્તાદાન વિરમણ એટલે પારકી વસ્તુ આપ્યા વગર લેવી નહી, ૪ મૈથુન વિરમણ એટલે સ્ત્રી સાથે સંભોગ કરવો નહી, ૫ પરિગ્રહ વિરમણ એટલે ધન ધાન્યાદિક પરિગ્રહ રહિત હોય. એ સાધુનાં પાંચ મહાવ્રત હોય છે. તેનો ઘણો અધિકાર પખ્ખી સુત્રમાં છે તેથકી જાણી લેવું. સાધુને એ વ્રતો પાળતાં દોષ લાગે છે તો તેનું પ્રાયશ્ચિત લેઇને શુદ્ધ થવાય છે. આવાં સાધુનાં મહાવ્રત કોઈપણ અન્ય ધર્મમાં દેખવામાં આવતાં નથી. જુઓ, જૈન સાધુની ગોચરી જેવી ગોચરી કોઇ ધર્મવાળો કરે છે ? ના, નથી કરી શકતા. બીજા કેટલાક કહેવાતા ધર્મોના સાધુઓ પરમેશ્વરના ભક્ત નામ ધરાવીને મન માનતી મોજ માણે છે. અને વખતો વખત મન માનતી રીતે સમજાવી બીચારા મુગ્ધ લોકોને કુયુકિત ઓનાપ્રંસામાં નાખે છે પણ જાણતા નથી કે તેથી નરકના મહા રૌરવ દુઃખ ભોગવવાં પડશે. જુઓ રાગ દ્વેષનો ત્યાગ કરી પોતાના આત્માનું હીત કરનારા જૈની સાધુઓ કેવાં વ્રત ધારણ કરે છે અને પરના હિતાર્થે સર્વજ્ઞ પરૂપીત યથાર્થ બોધ દે છે. જૈન સાધુપણું પાળવું એ તરવારની ધાર કરતાં પણ અતિ દુષ્કર છે. જેવા તેવા જનથી એ પાંચ મહાવ્રતનો ભાર વહન કરવો અર્થાત એ પાંચ મહાવ્રતો પાળવાં એ બની શકે તેમ નથી. દ્રઢ મન, શ્રધ્ધા વિના એ કાર્ય સિદ્ધ થતું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથી. જુઓ તેનો અનુભવ મી૦ જેમલ ( જૈનમુનિ )ને બરાબર હશે. પણ મુખેથી એ વાત કબુલ કરે એમ અમો ધારતા નથી કેમકે જો એમ કહેતો આ જગતમાં હાંસી થાય અને ખ્રિસ્તી ભાઈઓ જેવા સંસારીક કેળવણી કેળવાએલા વિદ્વાન તેમની તરફથી. ધર્મ વિષયમાં થતી કુયુકિત એકાએક પીછાની જતાં તેમનું તેમનામાં કહેવાતું માન ભંગ થાય.

## દેશવ્રતી

### ( પ્રકરણ ૮ મું )

જેને દેશવ્રત હોય છે તેને દેશવ્રતી કહે છે. એવા કોણ હોયછે. તો કે શ્રાવક. શ્રાવક બે પ્રકારના હોય છે, ૧ વ્રતી, ૨ અવ્રતી. વ્રતીને બાર વ્રત હોય છે. ૧ પ્રાણાતિપાત વિરમણ, ૨ મૃષાવાદ વિરમણ, ૩ અદત્તાદાન વિરમણ, ૪ મૈથુન વિરમણ, ૫ પરિગ્રહ વિરમણ, ૬ દિક્ પરિમાણ વ્રત, ૭ ભોગો પભોગો વિરમણ વ્રત, ૮ અનર્થ દંડ વિરમણ વ્રત ૯ સામાયક વ્રત, ૧૦ દેશાવકાશિક વ્રત, ૧૧ પૌષધ વ્રત, ૧૨ અતિથિ સંવિભાગ વ્રત. એ બાર વ્રતો પાળે છે તેને દેશ વ્રતિક શ્રાવક કહે છે. એ બાર વ્રતમાં પણ છ છીંડી અને ચાર આગાર કારણે સેવવાં પડે છે. તે છ છીંડી આ પ્રમાણે છેઃ—

૧ રાયાભિયોગેણું—એટલે નગરના રાજાના બળાત્કારથી વ્રતથી અનુચિત કામ કરવું પડે તો તેથી વ્રતનો ભંગ નહીં.

૨ ગણાભિયોગેણું—એટલે સમુદાયના બળાત્કારથી પણ અનુચિત કામ કરવું પડે તો તેથી વ્રતનો ભંગ નહી.

૩ બળાભિયોગેણું—એટલે પોતાથી બળવાન ચોર વિગેરેના વશ થવાથી કાંઇ અનુચિત કામ કરવું પડે તો તેથી વ્રતનો ભંગ નહીં.

૪ દેવાભિયોગેણું—એટલે કોઇ દુષ્ટ દેવતા અથવા ભૂત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીલમાં આવી તે કાંઇ અનુચિત કામ કરાવે તો પણ વ્રત ભંગ નહીં.

૫ ગુરૂ નિગ્ગહેણું-એટલે ગુરૂ માતા. પિતાદિકના કહેવાથી કાંઇ અનુચિત કામ કરવું પડે તો વ્રત ભંગ નહી.

૬ વિત્તિકંતારેણું-એટલે દુષ્કાળાદિક આપદા આવી પડે ત્યારે કાંઇ વિરૂધ્ધ આચરણ કરવું પડે તો વ્રત ભંગ નહીં.

હવે ચાર આગાર કહે છેઃ—

૧ અન્નથણા ભોગેણું-એટલે ઉપયોગ વિના કાંઈ અનુચિત કામ થાય તો વ્રત ભંગ નહી પણ તેનું પ્રાયશ્ચિત ખરૂં.

૨ સહસાગારેણું-એટલે પોતાના મનમાં જાણે છે કે આ કામ મારે કરવું ન જોઇએ પણ ઉતાવળા સ્વભાવને લીધે કાંઈ અનુચિત આચરણ થાય તો વ્રત ભંગ નહી પણ પ્રાયશ્ચિત લેવું પડે છે.

૩ મહત્તરાગારેણું-એટલે કોઈ મોટો લાભ થતો હોય ઈત્યાદિક કારણોથી અનુચિત કામ કરવું પડે તો વ્રતનો ભંગ નથી પણ પ્રાયશ્ચિત લેવું જોઈએ.

૪ સવ્વસમાહિવત્તિયાગારેણું-એટલે ભયંકર રોગ કે ઝેરી જાનવર કરડવાને લીધે ગભરાઈ જવાથી કંઈ અયોગ્ય અનુચિત કાર્ય થાય તો વ્રતનો ભંગ નથી પણ પ્રાયશ્ચિત લેવું પડે છે.

એ ઉપરના દસ આગાર શ્રાવકને કારણસર સેવવા પડે છે.

**ખ્રિસ્તી**-એ દશ આગારને સેવવાની શી જરૂર ?

**જૈની**—એ આગાર ધર્મમાં સ્થિર રહેવાને માટે સેવવા પડે છે. તેની ઘણી હકીકત શાસ્ત્રમાં લખેલી છે. શાસ્ત્રમાં દરેક વિધિ માર્ગનો અપવાદ માર્ગ બતાવેલો છે, માટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ આગાર સેવવાથી શ્રાવકને ધર્મમાં સ્થિરતા થાય છે. ખ્રિસ્તી જેમલ કહે છે કે, આ આગાર જોવાથી માલમ પડે છે કે, તમારી આસ્થા આત્માથી નથી પણ દેહથી છે. આ તેનું કહેવું આકાશના ફુલની પેઠે ખોટું છે. કેમકે જૈન ધર્મમાં આત્માનું સ્વરૂપ જેવું છે તેવું કોઈના શાસ્ત્રમાં દેખાતું નથી. અને હમે તો આત્માની રત્નત્રયી પ્રાપ્ત કરવાને માટેજ દરેક વ્રતને ધારણ કરીએ છીએ. આત્માનું અને કર્મનું ભિન્ન સ્વરૂપ હમારા શાસ્ત્રમાંથી જોઇ લેવું. જુઓ, આત્માનું સ્વરૂપ ઓળખી આત્મા ઉપર આસ્થા થવાથી મેતારજમુની, ઢંઢણઋષી, ગજસુકુમાલ. જેવાએ આ પુદ્ગલ ઉપર મમતા નહી રાખતાં આત્માના સ્વરૂપમાં લીન કેવાં દુઃખ સહન કર્યાં છે તે તેનાં ચરિત્ર જોવાથી સમજાશે. તમારા શાસ્ત્રમાં આત્મા રૂપી છે અથવા અરૂપી છે, નિત્ય છે અથવા અનિત્ય છે, તેનું સ્વરૂપ કાંઇ પણ આપ્યું નથી. આત્માના સ્વરૂપની જેને ઓળખાણ છે તે બરાબર યથાસ્થિત આત્માનું સ્વરૂપ ઓળખાવી શકે છે. તમારા મતમાં તે પ્રમાણે કંઇ છે નહી, માટે તે મનોકલ્પીત ધર્મ માલમ પડે છે. માટે એક સત્ય ધર્મ પ્રરૂપનાર અરિહંતના શરણે આવો કે જેથી તમને આત્માના સ્વરૂપની ઓળખાણ થાય અને કલ્યાણ થાય.

**ખ્રિસ્તી**-અમારા ધર્મમાં પણ અનાદિ કાળને આત્મા તથા પુત્ર અને પ્રભુ એમ ત્રિએક દેવ તરીકે મનાય છે.

**જૈની**--તમારા મતમાં માનેલ ત્રિએક દેવ ન્યાય રીતે સાબીત થતા નથી.

**ખ્રિસ્તી**-કેમ ન્યાયની રીતે સાબીત થતો નથી ?

**જૈની**—જુઓ, ત્રિએક દેવ પહેલાંથી અનાદિ ઠરતો નથી.

**ખ્રિસ્તી**-જેને આદિ નહી તેને અનાદિ કહે છે, એટલે જેની ઉત્પતિ કોઇએ કરી નથી તે માટે અનાદિ કહેવાય છે.

**જૈની**—આત્મા સર્વે અનાદિ ત્યારે પ્રભુ કર્તા કહેવો તે ખોટું છે. પ્રભુ પણ અનાદિ અને મનુષ્યનો આત્મા પણ અનાદિ ત્યારે જગતને ઉત્પન્ન કરનાર ઇશ્વર છે એમ તમે જે કહો છો તે વાત ખોટી ઠરી.

**ખ્રિસ્તી**–ત્રિએક દેવ અપારજ્ઞાની છે અને તેમાં પ્રભુ સર્વથી મોટો છે. માટે પ્રભુ જગત બનાવે છે,

**જૈની** – ત્રિએક મુરતીમાંનો પ્રભુ જેમ અપારજ્ઞાની છે તેમ ત્રિએક મુરતીમાંનો આત્મા પણ અપારજ્ઞાની છે. પ્રભુ જેમ અનાદિ છે તેમ આત્મા પણ અનાદિ છે; માટે કોઇ કોઈને ઉત્પન્ન કરી શકતો નથી તો પછી આ જગત કેવી રીતે ઉત્પન્ન કરી શકે ? ના, કદીએ થાય નહી. આત્મા પણ અપારજ્ઞાની અને પ્રભુ પણ અપાર જ્ઞાની છે, ત્યારે પ્રભુના કાયદા પ્રમાણે ચાલવું તે આત્માઓ કેમ માનશે, માટે તમારી કહેલી વાત ખોટી થઇ. કારણ કે ત્રણેમાં અપારજ્ઞાન અને અનાદિ અનંત અને અનંત શકિતપણું રહ્યું તો પછી ત્રણે બરોબરીયા એટલે સરખા થયા. માટે ત્રિએક દેવ અનંતજ્ઞાની પણ કહી શકાય તેમ નથી.

**ખ્રિસ્તી**–ત્રિએક દેવ નિત્ય છે માટે હમારો ત્રિએક દેવ સત્ય છે.

**જૈની**—હજી તમે નિત્યનું લક્ષણ સમજ્યા નથી, કેમકે ત્રણે કાળમાં જેનું એક સ્વરૂપ રહે તેને નિત્ય કહે છે અને તેથી ઉલટાને અનિત્ય કહે છે. જુઓ ત્રિએક દેવતામાંના પ્રભુના પુત્રે અવતાર ધારણ કર્યો, ગામો ગામ પર્યટણ કર્યું, વળી પુદ્ગલીક દેહને છોડી દીધો, તો શી રીતે પ્રભુનો પુત્ર જે ઇસુ તેને નિત્ય કહેવાય. કારણ કે પ્રભુની પાસે ઈસુ જ્યારે હતા ત્યારે જુદું રૂપ હતું અને જ્યારે પૃથ્વીની ઉપર જન્મ લીધો ત્યારે રૂધીર, માંસ, લોહી, વિગેરેનું શરીર હતું. ત્યારે ત્રણે કાળમાં એક સ્વરૂપ રહ્યું નહી, તો તે પ્રભુનો પુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે ઇસુ તેમાં પણ શી રીતે નિત્યપણું કહેવાય. વળી પવિત્ર આત્માઓ પણ મનુષ્ય પ્રત્યે જુદા જુદા છે તે એક દેવમાં શીરીતે ગણી શકાય. માટે ત્રિએક દેવ નિત્ય પણ કહી શકાય નહી. વળી પિતા, પુત્ર અને પવિત્ર આત્મા વ્યકતી વડે કરીને એક કહી શકાતા નથી. કારણ કે દરેકની વ્યકતીઓ (આકૃતીઓ) જુદી જુદી ભાસે છે; માટે વ્યકતીથી પણ ત્રણે એક કહી શકાતા નથી. જુઓ પ્રભુનો તમારા મત પ્રમાણે જગત બનાવવાનો સ્વભાવ છે તે પ્રમાણે જગત બનાવવાને પ્રભુના પુત્ર ઈસુનો સ્વભાવ નથી. માટે સ્વભાવ પણ ત્રણેનો એક કહી શકાતો નથી. અને સ્વભાવથી પણ ત્રણે એક કહી શકાતા નથી. વળી અનંત શક્તિથી પણ ત્રણેમાં એકપણું કહી શકાતું નથી, કારણ કે પ્રભુનામાં જે શકિત જગતને નાશ કરવાની તમો માનો છો તે શકિત પ્રભુનો પુત્ર જે ઇસુ તેનામાં નથી. તથા પવિત્ર આત્મામાં પણ તેવી શકિત નથી. તેમજ જગત ઉત્પન્ન કરવાની શકિત તમો પ્રભુનામાં માનો છો તે ઇસુનામાં પણ નથી તેમ પવિત્ર આત્મામાં પણ નથી. માટે શકિતથી પણ ત્રણે એક કહી શકાતા નથી. વળી અનંત જ્ઞાનથી પણ ત્રણે એક કહી શકાય નહી. કારણ કે અનંત જ્ઞાન એ ગુણ છે અને ગુણ તો આધાર વિના સંભવતો નથી. માટે અવશ્ય આધાર માનવો જોઈએ. જો અનંતજ્ઞાન ગુણના આધારને આત્મા કહીયે તો તે આત્મા એક કહી શકાતો નથી. જો ત્રણનો એક આત્મા માનીયે તો પછી પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એમ ત્રણે જુદું જુદું કહેવું તે કલ્પનારૂપ ઠરે છે. વળી અનંત જ્ઞાનના આધાર ભૂત જુદા જુદા આત્મા માનીએ તો પછી ત્રણેનું એકપણું કહી શકાય નહી અને ત્રણ આત્મા જુદા જુદા ઠરે. માટે તે પણ ખોટું ઠરે છે. વળી સર્વેને પેદા કરવા થકી પણ ત્રણેને એકપણું કહેવાય નહી. કારણ કે



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેદા કરનાર તમો પ્રભુને માનો છો. પ્રભુના પુત્ર અને પવિત્ર આત્માને માનતા નથી. માટે પેદા કરવા થકી પણ ત્રણે એક કહી શકાય નહીં. વળી પિતા, પુત્ર અને પવિત્ર આત્માને એકપણું માનો તો ત્રિ શબ્દ નકામો ઠરે છે. વળી ત્રિ શબ્દને સાર્થકપણું માનશો તો એક કહેવું તે નિરર્થક ઠરે છે. વળી ત્રણને નિત્ય થકી પણ એકપણું કહી શકાતું નથી તેમ વળી ત્રણને અનિત્ય થકીપણ એકપણું કહી શકાતું નથી, કારણ કે અનિત્ય વસ્તુ તો નાશ સ્વભાવવાળી છે ને નાશ થાય ત્યારે એક એવો વ્યવહાર શીરીતે થઇ શકે ? વળી ત્રણને તમારા મત પ્રમાણે એકપણું કહી શકાય નહી કારણ કે જો એક દેવ માનશો તો પુત્ર અને પવિત્ર આત્મા અને પિતા આવો વ્યવહાર થવો નહી જોઇએ; પણ તે થાય છે માટે તે પણ કહેવાતો નથી. વળી ત્રણમાં દેવપણું નિત્ય માનો છો કે અનિત્ય માનો છો. નિત્યથી પણ ત્રણમાં એક દેવપણું કહી શકાતું નથી કારણ કે નિત્યથી ત્રણમાં એક દેવપણું માનશો તો વારંવાર એક દેવ એવો વ્યવહાર થવો જોઈએ; પણ પુત્ર, પિતા અને પવિત્ર આત્મા એવો વ્યવહાર થશે નહી માટે તે પણ જુઠું ઠરે છે. ત્રિએક દેવ એકાંત થકી ભિન્ન છે કે અભિન્ન છે ? જો પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એકાંત થકી પરસ્પર ભિન્ન હોય તો ત્રણે એક શીરીતે કહેવાય; તે પણ વિરૂદ્ધ આવે છે. વળી પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એ ત્રણેને એકાંત થકી અભિન્ન માનશો તો 'ત્રિ' શબ્દ નકામો ઠરે છે. એ પણ વિરૂદ્ધ આવે છે. ત્રિએક દેવ એકાંત નિત્ય છે કે અનિત્ય છે. પહેલો પક્ષ-જો તમે કહેશો કે ત્રિએક દેવ એકાંત થકી નિત્ય છે તો એકાંત નિત્ય એવા ત્રિએક દેવ થકી અનિત્ય એવું જગત કોઇપણ કાળે બની શકશે નહી. બીજો પક્ષ-જો એકાંતથકી ત્રિએક દેવને અનિત્ય માનશો તો ક્ષણીકપણું આવ્યું અને નાશપણું ઠર્યું,

તે કાર્ય રૂપી થયું એ દોષ આવે છે, ત્યારે કાર્યનો કર્ત્તા પણ બીજો કોઇ માનવો જોઇએ તે વિરૂદ્ધ આવે છે. ત્રિએક દેવ એકાંત અને અનાદિ કાળથી રૂપી છે કે અરૂપી છે ?

પક્ષ પહેલો.–

ત્રિએક દેવ એકાંત અને અનાદિકાળથી રૂપી પણ કહી શકાય નહી. કારણ કે જે રૂપી હોય છે તે આકારવાન હોય છે અને આકાર છે તે પુદ્‌ગલને સમજાય છે; કેમકે ચૈતન્યને તો આકાર હોય નહી. ચૈતન્ય તો નિરાકાર રૂપે છે અને પુદ્‌ગલ જનિત આકારવાન ચૈતન્ય સ્વિકારશો તો ત્રિએક દેવમાંનો પ્રભુ તમે નિરાકાર રૂપે માનેલો છે તેને સાકારપણું આવી જશે. માટે એ પ્રપંચ ખોટો સમજી અરિહંત ભગવાનને શરણે આવો કે જેથી તમારૂં કલ્યાણ થાય.

પક્ષ બીજો.

ત્રિએક દેવ એકાંત થકી અને અનાદિ કાળથી અરૂપી માનવામાં પણ વિરૂદ્ધ આવે છે. કારણ કે જો તેમ માનીએ તો ઈસુને જે મરીઅમની કુખે જન્મ લેવો પડયો તે ખોટા ઠરે છે. જે એકાંત અનાદિ કાળથી અરૂપી છે તેને રૂપી એવા પુદ્‌ગલનો સંગ કેમ ઘટે ! એ વિરોધ આવે છે. એ રીતે બે પક્ષ પણ તમારાથી માની શકાય તેમ નથી. વળી ત્રિએક દેવ એ વાકયમાં દેવનું શું લક્ષણ છે તે ઉપર વિચાર કરીએ છીએ. જુઓ, ત્રિએક દેવમાંના પ્રભુને જગત ઉત્પન્ન કરવાની શકિત એકાંત થકી નિત્ય છે કે અનિત્ય છે ?

સમાધાન પક્ષ પહેલો.

ત્રિએક દેવમાંના પ્રભુની જગત ઉત્પન્ન કરવાની શકિત એકાંત થકી નિત્ય જો કહીએ તો તે શકિત સદા સર્વદા સર્વ ઠેકાણે બની રહેવા થકી સદા સર્વદા જગત ઉત્પન્ન થયાં કરશે. તો પછી એક જગત કહેવાશે નહી. હજારો જગત થશે. વળી બીજું એ કે જગતનો નાશ તમે માનો છો તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહી મનાય. કારણ કે જગત ઉત્પન્ન કરવાની શકિત એકાંત થકી નિત્ય પ્રભુનામાં રહેલી છે, માટે પહેલો પક્ષ માનવામાં પણ દુષણ આવે છે.

## સમાધાન પક્ષ બીજો.

પ્રભુની જગત ઉત્પન્ન કરનારી શકિત એકાંત થકી અનિત્ય માનીએ તો જગતનો નાશ થયા પછી તમારો પ્રભુ બીજું જગત ઉત્પન્ન કરશે એમ જે તમો માનો છો તે ખોટું ઠરે છે. આ વિગેરે ઘણા વિરોધો ત્રિએક દેવ માનવામાં આવે છે. પણ ગ્રંથ વિસ્તારના ભયથી લખ્યા નથી. ત્રિએક દેવ ઉપર લખ્યા પ્રમાણે ખોટા ઠર્યા અને તે ઉપરથી ખ્રિસ્તી ધર્મ પણ મનોકલ્પીત ઠરે છે. દેશવ્રતી પાળવામાં મી૦ જેમલે જે કુયુકિતઓ કરી છે તે સર્વે ખોટી ઠરે છે. માટે દેશ વ્રતીપણું કુમારપાળ રાજાની પેઠે પાળશે તેનું કલ્યાણ થશે.

## મી૦ જૈમલના પ્રકરણ ૯ નો ખુલાસો.

જૈન મતમાં એક કાળ ચક્રના બે ભાગ કલ્પેલા છે તે એકેક ભાગમાં છ છ આરાઓ છે.

(૧) સુખમ સુખમા, (૨) સુખમા, (૩) સુખમ દુખમા, (૪) દુખમ સુખમા, (૫) દુખમા, (૬) દુખમા એ છ આરા છે. તે અવસરપિણી કાળમાં અનુક્રમે પ્રથમ સુખમ સુખમાથી ગણીએ અને ઉત્સરપિણી કાળમાંએથી ઉલટા એટલે દુખમ દુખમાથી ગણીએ. એમ બાર આરા ચઢતા પડતા ચક્રની પેઠે ફરતા આવે તેને કાળચક્ર કહે છે, એમાં અવસરપિણીનો ઘટતો અને ઉત્સરપિણીનો ચઢતો કાળ કહે છે.

## આરાના કાળનું પ્રમાણ.

પહેલો આરો ચાર કોડા કોડી સાગરનો.
બીજો આરો ત્રણ કોડા કોડી સાગરનો.
ત્રીજો આરો બે કોડા કોડી સાગરનો.

ચોથો આરો બેતાલીસ હજાર વર્ષ ઓછો એક કોડા કોડી સાગરનો.

પાંચમો આરો એકવીસ હજાર વર્ષનો,

છઠો આરો એકવીસ હજાર વર્ષનો.

પહેલા ત્રણ આરામાં જુગલીઆ હોય છે. તેમને મનો વાંચ્છિત દેવતાધિષ્ઠિત કલ્પવૃક્ષો તરફથી ફળ મળે છે. તે જુગલીઆને ધર્મનું જ્ઞાન હોતું નથી. એ વિગેરે આરા સંબંધી જૈનધર્મમાં ઘણો અધિકાર છે.

**ખ્રીસ્તી**—જુગલીઆને ઝાડોની મારફતે દેવતાનાં જેવાં સુખ ભોગવવાં એ કેમ બને ? કેમકે ઝાડોમાં એવી શક્તિ નથી કે તે જુગલીઆને જોઇતા વાનાં આપે, માટે તે વાત ખોટી છે.

**જૈની**—ભાઇ, હજી પણ તને વિશેષ જ્ઞાન નથી તેથી તું એમ કહે છે. તેનું કારણ સાંભળ એટલે એ તારો ભ્રમ મટી જશે. કલ્પવૃક્ષોમાં તેવી શકિત નથી પણ કલ્પવૃક્ષના અધિષ્ઠિત દેવતાઓ કલ્પવૃક્ષોની મારફતે ઈચ્છાઓ પૂર્ણ કરે છે. એવો નિયમ છે કે જુગલીયાનાં મનોવાંચ્છીત કલ્પવૃક્ષ દ્વારાએ પૂરાં થાય છે, એ વાત સાચી છે. એમાં કાંઇ પણ સંદેહ લેવા જેવું છેજ નહી. એ બાબતનું વિશેષ સમાધાન કરવામાટે તમારાજ પુસ્તકનો તેને મળતો દૃષ્ટાંત આ સ્થળે આપવાનો હું વાજબી વિચારૂં છું, તે જુઓ. તમારા શાસ્ત્રમાં મુસાનું ચરિત્ર છે તેમાં પીતલના સાપે હજારો માણસના પ્રાણ લીધા છે. આ શું બતાવે છે તે વિચારો કે પીતલના સાપમાં માણસોને મારી નાખવાની શકિત હતી ? ના, નથી રહી. પણ પ્રભુની પ્રેરણાથી પીતલના સાપે માણસોનો નાશ કીધો, એમ તમારે કહેવું પડશે. કેમકે પ્રભુની એવી શકિત તમો માનો છો. તો પછી સર્વત્ર માન્ય છે કે દેવતાઓ મન માન્યું આપવા કરવા સમર્થ છે તો કલ્પવૃક્ષ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્વારાએ જુગલીયાનાં મનોવાંચ્છિત પુરાં કરે તેમાં શું નવાઈ ! એતો દેવતાનો આચાર છે. માટે બાર આરાની હકીકત માનવા યોગ્ય અને સાચી છે તેમાં કાંઈપણ બાધ નથી. અને તે વિશે જે શંકા લાવવી તે તદન ખોટું છે.

## ખ્રીસ્તી ધર્મમાં પરસ્પર વિરોધ.

વિરોધ પહેલો—ખ્રીસ્તી ધર્મમાં ધર્મ વધારવા જુઠું બોલવામાં પાપ નથી. પાઊલરૂમી ૩–૭ માં કહે છે કે જો મારા જુઠાથી દેવનું સત્ ઘણું તેના મહિમાને સારૂં વધ્યું તો હજી સુધી હું પણ અપરાધી જેવો કેમ ઠરાવાઉં. પણ સને ૧૮૯૨ ના ફેબ્રુઆરી માસના અંકમાં સત્યોદય નામના ચોપાનીયામાં પાદરી લખે છે કે જુઠું બોલવાથી કોઇ મતને ટેકો મળે એમ નથી વિગેરે–

વિરોધ બીજો—ખ્રીસ્તીઓ વ્યાજને માના દુધ સરખું સમજતા હોય એમ માલમ પડે છે. રાજ્ય વહીવટનો આધાર પણ વ્યાજના કામ ઉપરજ રખાતો સમજાય છે. એટલુંજ નહી પણ મીશનના કામો પણ વ્યાજથી ચલાવે છે. હવે આપણે બાઇબલમાં જોઈએ, તેમાં શું લખે છે. સારા માણસો વિશે લખે છે. ગીત. ૧૫ જે વ્યાજે પોતાનાં નાણાં દેતો નથી અને નિરપરાધી પર લાંચ લેતો નથી. લેવી ૨૫–૩૫–૩૬ અને જો તારો ભાઇ દરીદ્રી થયો હોય અને તારી સાથે તેના હાથથી નવલેતો તું તેના હાથને સબળ કર. તે પારકો હોય કે પ્રવાશી હોય કે તારી પાસે જીવન કહાડે તેની પાસે તું વ્યાજ અથવા વૃદ્ધિ ન લે, એવી રીતે વ્યાજની મનો આ કલમોમાં પણ છે. નીરગમન ૨૨, ૨૫, યુન ૨૩–૨૯. નહેમી ૫–૭ દ્દષ્ટાંત ૨૮–૮. હીજકી ૧૮–૮–૧૩–૭–૨૨–૧૨ એ વિગેરે બીજી જગાથી પણ વ્યાજનું હરામ થવું સાબેત થાય છે.

વિરોધ ત્રીજો–કેટલાક અજ્ઞાન ખ્રીસ્તીઓ ગાય, બળદ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બકરાને માથામાં મારતેલ કે લાકડું મારી મારીને ખાય છે. કેટલાક મરઘીની ડોક મરડી નાખે છે અને કેટલાક ગાય ભેંસના પગની નસ કાપી લોહી વેહેવડાવી મારે છે. પણ તે સર્વ પોતાના બાઈબલથી વિરૂદ્ધ છે. જુઓ-પ્રેરીત ૧૫-૨૦ પણ તેઓને એમ લખી મોકલીએ કે વ્યભિચારથી તથા ગુંગલાવીને મારેલાથી તથા લોહીથી વેગળા રહેવું. વળી ઉત્પતી ૯-૪ માં પણ છે.

વિરોધ ચોથો—બાઈબલમાં પ્રભુ વિશે ઘણી શરમ ભરી વાતો લખાઈ છે, તે આથી માલમ પડશે. (હજકીઆલ ૨૩-૧ થી ૪) અને પ્રભુનું વચન મારી પાસે હતું. એમ કહેતા કે-આદમ પુત્ર બે સ્ત્રી એક માતાની દીકરીઓ હતી ને તેઓએ મિસરમાં વ્યભિચાર કીધો ને તેઓએ પોતાની જુવાનીમાં વ્યભિચાર કીધો ત્યાં તેઓના થાન દાબેલા હતા ને તેઓએ પોતાના કુંવારાપણાના વહાલ કીધા ને તેમના "વડીઆ હોલાને અહોલીબા તેની બેન તે મારી બાયડીઓ હતી. ને દીકરા દીકરીઓ જણી. ગીત ૨-૭ પ્રભુએ મને કહ્યું કે તું મારો પુત્ર આજે મેં તને જણ્યો વગેરે" તોહ ફતુલ નામાના પુસ્તકમાં નવમે પાને લખ્યું છે.

વિરોધ પાંચમો—યાકુબ જેવા માણસની સાથે પ્રભુએ કરેલી કુસ્તીની હકીકત. ઉતપતી ૩૨-૩૪ યાકુબ એકલો રહી ગયો અને અરૂણોદય લગી તેની સાથે એક પુરૂષે મલયુદ્ધ કીધું ને જ્યારે તેણે જોયું કે તેને જીત્યો નહી ત્યારે તે તેની જાંગ તળેની નસને અડકયો ને યાકુબની જાંગની નસ તેની સાથે યુદ્ધ કરતાં ચઢી ગઈ ને બોલ્યો કે અરૂણોદય થયો છે એ માટે મને છોડ અને તેને કહ્યું કે તું મને આશીરવાદ દે નહીંતો હું તને જવા દેવાનો નથી. ને તેણે તેને કહ્યું તારૂં નામ શું ? તેણે કહ્યું મારૂં નામ યાકુબ. ને તેણે કહ્યું હવેથી તારૂં નામ યાકુબ નહિં પણ ઈશ્રાપીલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(દેવતી પાસે સરદાર) કહેવાશે. કેમકે તું પ્રભુની તથા માણસોની સાથે સરદાર જેવો છું. યાકુબે તે જગાનું નામ પનીયેલ પાડયું. કેમકે મેં પ્રભુને સન્મુખ જોયો તો પણ મારો જીવ બચ્યો છે. આ કલમ ઉપર પાદર ફેન્ડર પોતાની બુક ચીપ્તાહુલ અસરાસઆના ત્રીજા ભાગમાં લખે છે કે યાકુબ સાથે કુસ્તી કરનાર તે ખ્રીસ્ત હતો.

વિરોધ છઠો—બાઈબલ જોતાં ઇસુ જુઠું બોલ્યો એમ સાબીત થાય છે. જુઓ યોહાન ૭-૮-૧૦ તથા પાઊલ જુઠું બોલવું કબુલ રાખે છે. જુઓ ૫ર્મા-૩-૭ યાકુબનો દગો ઉત્પ-૩ લુટારાપણું કરી દગાથી સોનું ચાંદી લુટવી. જુઓ નીર્ગમન ૧૨-૩૫-૩૬. ઈસલામીઓના પેગંબર હજરતે બીજાઓને ચમતકાર બતાવવા ચંદ્રના બે કડકા કરી નાખ્યા અને તે પાછા મળી ગયા. આ બાબતમાં ખ્રીસ્તીઓ ઇસ્લામી સાથે તકરાર ઉઠાવે છે કે ભૂગોળવિદ્યાને અનુસરીને જોતાં તેં વાતન બનવા જોગ નથી. તેમની સામે ઇસ્લામીઓ જવાબ આપે છે કેઃ—

જુઓ માત્થી ૨-૯ ત્યારે તેઓ રાજાનું સાંભળીને ગયા. જુઓ જે તારો પૂર્વમાં દીઠો તે તેઓની આગળ ચાલી જ્યાં ઇસુ જન્મ્યો હતો ત્યાં ગયો. ને આવી થંભ્યો. તે તારાની ચાલ ખગોળ વિદ્યા વિરૂદ્ધ છે. તારા જે ચાલ પર છે તે પ્રમાણે ચાલ્યા કરે છે. માર્ક ૧ માં લખે છે કે આકાશનો દરવાજો ખુલ્યો તો તે દરવાજો કેટલો મોટો હતો અને તે સૂર્યની આગળ હતો કે પેલી ગમ હતો. ઉતપતી ૭-૧૧ મલા ૩-૧૦-૨ રાજા-૭-૨ આ વરસોમાં આકાશની ખીડકીઓ તથા બારણાં લખ્યાં છે તે ખગોળ વિદ્યાના કયા કાયદા પ્રમાણે છે. સભા સિક્ષક ૧-૪ પેટી જાય છે ને પેટી આવે છે પણ પૃથ્વી કાયમ રહે છે ને સુર્ય આયમે છે ને પોતાની ઉગવાની જગ્યાએ વહેલો આવે છે. ગીત ૧૦૪-૫

તેણે પૃથ્વીનો પાયો નાખ્યો તે સરવ કાળ હાલે નહિ. ગીત–૧૦૯–૯૦ તેં પૃથ્વીને સ્થાપી છે ને તે સ્થીર રહે છે. અહોસુઆ ૧૦:૧૨ ને સુર્ય ગીબીયોન ઉપરતું સ્થીર રહે ૧૪; લોકો પોતાના શત્રુનું વેર લે ત્યાંસુધી સુર્ય સ્થીર રહ્યો.

આ કલમોથી માલમ પડે છે કે પૃથ્વી સ્થીર છે અને એજ કારણથી યહોસુઆએ સુર્યને સ્થીર રહેવાનું કહ્યું જુઓ સુર્ય જો ફરતો ન હોય તો તેને સ્થીર રહે એમ કહેવાય અને ફરતો છે તેથીજ સ્થીર રહેવાનું ફરમાવેલું છે જો સ્થીરજ હોય તો સ્થીર એવો શબ્દ પ્રયોગ બનતો નથી. માટે એ સર્વે ખગોળના કાયદાથી વિરૂદ્ધ છે. ભુગોળ તથા ખગોળ વિરૂધ્ધ ૫૦૦ ભુલ હું લખી શકવા તૈયાર છું. આટલી બધી ભુલો છતાં બીજાની ખોટી ભુલ કુયુક્તિએ કરી બતાવવી અને પોતામાંની ખરી ભુલ પર ઢાંકણ પીછોડો કરવો એ ન્યાય યુક્તિનું કર્તવ્ય નથી. જેવું હોય તેવું બતાવવામાં અમે દોષ સમજતા નથી અને તેટલા માટેજ આ ટુંક હકીકત અહીં દર્શાવી છે.

વિરોધ સાતમો—ઉતપતી ૬:૬ અને પ્રભુએ પૃથ્વી ઉપર માણસો ઉત્પન્ન કીધાં તે માટે તેને પસ્તાવો થયો. અરે! ઈસુના પિતા જે પ્રભુ તેમને પસ્તાવો થયો ત્યારે તો તેમણે માણસોને ઉત્પન્ન કર્યા એ મોટી ભુલ કરી કહેવાય. અહો આવી ભુલ કરનારને અપારજ્ઞાની શીરીતે કહેવાય. માટે મારા ખ્રિસ્તીમિત્રો દીર્ઘ દ્રષ્ટીથી પોતાનું અને પરનું એવો લેશમાત્ર ભાવ નહી રાખતા સારાસાર તપાસશો તો ખરૂં અને સત્ય શું છે તે સારી રીતે સમજી શકશો. પણ જ્યાંસુધી મેરી લાપશી ઔર દુસરેકી કુસનકી એ ન્યાય પર જોશો તો કદી પણ તમને ખરૂં તત્વ હાથ લાગનાર નથી માટે પરિપૂર્ણપણે પરીક્ષા કરી જગતને વિશે સત્ય અને સર્વજ્ઞ પ્રરૂપીત એવો જે જનધર્મ ગ્રહણ કરો અને આત્મ

અને પરભવ સુધારી મોક્ષના અધિકારી બનો.

વિરોધ આઠમો--પહેલું કાલ વૃત્તાંત ૨૨:૫ માં ઇશ્રાયલ પુરૂષો તલવાર ખેંચનારા અગીયાર લાખ લખેલા છે અને ૨. સમુએલ ૨૪:૯ માં આઠલાખ લખ્યા છે. ખ્રીસ્તીઓએ ધર્મ લડાઇમાં ચાલીસ હજાર મુસલમાનોને યરૂસાલેમમાં મારી નાખ્યા. જુઓ માથી. ૨૬:૫૧.

વિરોધ નવમો--પ્રેરીતોના કૃત્ય ૫-૯-૧૦ જોતાં માલુમ પડે છે કે પીતરે હન્યા અને તેની બઇરીને જરા વાતમાં મારી નાખ્યા અને પીતર ઇસુનો શિષ્ય હતો.

વિરોધ દશમો--તોહફતુલહિંદ નામના પુસ્તકના ૧૪૪ મા પાનામાં લખ્યું છે કે-ખ્રિસ્તીઓના ટોળામાં મુળ તત્વમાં ઘણો ફેર પારછે. યુનીટરીન ટોળાવાળા તલસીલને માનતા નથી તેમ માત્થીના આગલા બે અધ્યાયને બનાવટી ગણે છે અને બીજાઓ બાપ દીકરો અને પવિત્ર આત્મા એ ત્રણ પ્રભુ અને ત્રણનો મળી એક પણ દેવ માને છે. કેટલાક ટોળાવાળા ઇસુને પ્રભુ દીકરો માને છે. ઈસુએ થંભે ચઢી સ્વરવેને છોડાવ્યા એમ કેટલાક ખ્રિસ્તીઓ માને છે. પણ મલગીયુસનું ટોળું એવા અકીદ્દા રાખવા તે ખોટું ઠેરવે છે. બાસદેલી સરંથી, ફ્રાકોંકટાર્ટા, ગનારતી, દોસીતી, અરમની, નાસરીટોળાવાળા ઇસુને વધસ્થંભ ચઢાવ્યાનો લેખ માન્ય કરતા નથી; અને મુળ તત્વમાં ઘણો ફેરફાર છે. માટે ખ્રિસ્તી ધર્મનાં પુસ્તકો પ્રભુના પવિત્ર આત્માથી લખાયલાં માનવાં એ ખોટું ઠરે છે. માટે આવી કડાકુટમાંથી નીકળી અરિહંતને શરણે આવો કે જેથી તમારૂં કલ્યાણ થાય.

ઈસ્લામી ધર્મમાં ૭૩ પંથ છે, પણ ખ્રીસ્તીઓમાં તો ૯૦ પંથ છે. બાકી ત્યારે નેવુ પંથમાંથી કયો પંથ સાચો. એક કહેશે કે મારો સાચો ત્યારે બીજો કહેશે કે મારો. એમ નેવું પંથ વાળા પોતપોતાનો સાચો કહેશે. હવે બધા સાચા મા

નવા એતો બનેજ નહી ત્યારે તેમાંનો કયો એક સાચો અને બાકીના બધા ખોટા એતું નિરાકરણ કોણ કરશે. ! વળી અમારા જોવામાં આવેલાં અને ઉપર બતાવેલાં પુસ્તકો વિશે વિચારી જોતાં તે બનાવટી અસત્ય માલમ પડે છે તેથી તે ઉપર ભરૂસો રાખી શકાતો નથી.

ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ આપવા કેટલાક ટોળાવાળા જેવા કે, અણુજીન મારસીયુની, ડોકોતી, અરય મનનો પંથ, મોટા નેસનો પંથ, પરગયુસનું ટોળુ, યાકુબી ટોળુ, યુની તેરીઅન, સાસી, સાસીનીયન, પ્રોટેસ્ટન્ટ, રોમનકાથલીક, યુનાની, આરમીની, સુરીયની, વલંટીન્ટીનસ, મોરમીન, ઇત્યાદી ફરે છે તેમાં કેટલાક હિંદુસ્તાનમાં સ્ત્રીઓ અને પુરૂષોના ભેગા સમુદાયથી પણ ફરે છે. તેમનાં મીઠાં મીઠાં વચનોથી બીચારા કેટલાક ભોળા હિંદુ મોહ માર્યા પોતાનો સનાતન ધર્મ તજી કોઈ પેટ અર્થે તો કોઇ પૈસાદિ પરિગ્રહના લોભે તેમાં દોરવાઇ જઇ અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવા બની બેસે છે. તેવા આર્યવાસી હિંદુભાઈઓ પ્રત્યે મારી નમ્ર વીનંતી છે કે ધર્મ એ પોતાના આત્માનું કલ્યાણ કરવા માટે ખરૂ અને સત્ય સાધન છે તેની જ્ઞાન દૃષ્ટિ ખરેખરી પરીક્ષા કરીનેજ અંગીકાર કરવો, નહીં કે ઉપરની વાત સાંભળી મોહજાળમાં મુંજાવાની માફક કોઇથી ફસી પડવું અને આત્મ અહિત કરવું. જગતમાં અનાદિ જયવંતો જૈનધર્મ સર્વજ્ઞ પ્રણિત છે તે અંગીકાર કરી મોક્ષ સુખ મેળવવા સાવધાન થવાને મારી મનુષ્ય માત્રને સવિનય વિનંતી છે.

## પુનર્લગ્ન કરવું તેમાં મોટું પાપ છે.

હિંદુસ્તાનમાં હજારો વર્ષથી શાસ્ત્રધારે પુનર્લગ્ન કરવું અનુચિત સાબીત ઠરી ચુકેલું છે અને તેથી ઊંચ વર્ણમાં તેવું કોઇ પુનર્લગ્ન થતું નથી. એ વાત સર્વત્ર પ્રસિદ્ધ છે, છતાં હાલ કેટલોક વખત થયાં પરદેશી ખ્રિસ્તીઓ હિંદુસ્તા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નમાં આવી પુનર્લગ્ન કરવું એમ કહેતા ફરે છે. પણ અજ્ઞાન વિષયના લાલચુજ તેવું કાર્ય કરવા પ્રવર્ત્તે છે. જેને ભવનો ભય છે તે કદી તે વાત માન્ય કરશે નહીં. એક દીવસ આ દેખાતું શરીર નાશ થઇ જશે અને પુન્ય પાપ સહિત આ આત્મા અન્ય સ્થાને જશે. ત્યાં જેણે જેવાં કર્મ કર્યાં હશે તેવાં ભોગવવાં પડશે, પુનર્લગ્ન કરનાર અને તેને પ્રેરનારની ગતિ વિશે જ્ઞાનીજ કહી શકે; કેમકે હું છદ્મસ્થ હોઇ તેવાની ગતિ વિશે અમુક કહી શકુ નહી, પરંતુ તે પાપાનુયોગે દુઃસહ દુઃખ ભોગવવાં પડશે એમ તો શાસ્ત્રધારે કહી શકાય છે. માટે તેથી વેગળા રહેવું. ઉન્હો અગર ઠંડો વાયુ આપણે દેખી શકતા નથી પરંતુ શરીરે લાગવાથી ઉન્હો અગર ઠંડો વાયુ છે તે જેમ જાણી શકાય છે તેમ પુનર્લગ્ન કરવાથી મહાપાપ છે તે આંખે દેખાતું નથી તેમ તાત્કાળીક પુદ્ગલીક સુખની અપેક્ષાયે તે કરનારને કદાચ ઠીક લાગતું હશે પણ પરિણામે તેનાં ફળ માઠાં નથી અર્થાત તેથી પાપકર્મ બંધાતા માઠીગતિ પ્રાપ્ત થતાં ત્યાં ઘણાં દુઃખ ભોગવવાં પડે તેમ છે અને તેથી આજીવ ચાર ગતિમાં ભ્રમણ કરતો ઠેકાણે પડવો બહુ મુશ્કેલ છે. માટે સર્વ શાસ્ત્ર એકમતે તે ખોટાને ખોટુંજ કહે છે તે પર અર્થાત્ ખરેખરી જ્ઞાની મહારાજના વચન ઉપર શ્રદ્ધા કરી એવા પુનર્લગ્ન કરવાનું કહેનારના તેવાં વચન ઉપર વીશ્વાસ રાખવો નહી અને કોઇપણ લાલચને લીધે પણ તેવું કાર્ય કરવાથી, તેમાં પ્રેરણા કરવાથી તેમજ તેને ઠીક માનવાથી જે વીમુખ રહેશે તેનો આ અને પર એવા બન્ને ભવ સુધરેલાજ સમજવા. મતલબ કે તેથી તેવો પાપબંધ નહી બંધાય.

પુનર્લગ્ન જૈનના કોઈપણ શાસ્ત્રમાં કરવાનું કહ્યું નથી.

**ખ્રિસ્તી**–મી૰ જૈમલ કહે છે તે મુજબ તમારા પ્રથમ તિર્થંકર રીષભદેવ સ્વામી મરી ગયેલા જુગલીઆની સ્ત્રી પરણ્યા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે પુનર્લગ્ન કહેવાય; કારણકે જુગલીયણનો ધણી મરી ગયો અને જુગલીયણ વિધવા થઈ તે વિધવાનાં પરીથી રિષભદેવ સાથે લગ્ન કર્યાં માટે પુનર્લગ્ન તમારામાં થએલું છે અને તે સત્ય છે, તેમ છતાં તમે કહો છો કે—તે ખોટું છે અને અમારા કોઈ શાસ્ત્રમાં કરવાનું કહ્યું નથી એમ જે કહેછો એ વાત મનાય તેવી નથી. આનો તમે શું ખુલાસો આપી શકો તેમ છો કે ?

**જૈની**—વાહ ! હજુ પણ તમે જૈનધર્મનો જરાપણ મર્મ સમજ્યા હોય એમ જણાતું નથી. વળી લગ્ન એ શું છે તેનું પણ ભાન હોય તેમ લાગતું નથી, અને પોતે માની લીધેલ પુનર્લગ્ન સિદ્ધ કરવાને કરવામાં કુયુક્તિ તરફ સહજમાં દોરાઈ જઇ એને ખરૂં માની બેસો છો; એ ઘણું સોચનીય છે. એ બાબતનો થોડો ટુંકમાં હું તમોને ખુલાસો બતાવું છું, તેથી તમારા મનમાં જે કુયુક્તિ ઘર ઘાલી બેઠી છે તે દૂર થતાં ખરી અને સત્ય વાત સમજાશે. તે એ કે-યુગલીઆ તો લગ્નનો વહેવાર જાણતા નથી તેમ તેમનામાં લગ્ન કહેવાતું નથી અને તેની કોઈપણ (શાસ્ત્રોક્ત અગર લૌકીક) ક્રિયા પણ થતી નથી. અનાદિથી ચાલતા આવેલા વ્યવહાર મુજબ યુગલ જન્મે છે અને ઉમ્મરમાં આવતાં તેમનો વ્યવહાર ચાલે છે. પરંતુ રિષભદેવ સ્વામી જે યુગલીઅણને પરણ્યા તેની સાથેનું યુગલ વ્યવહારમાં આવ્યા પહેલાં મરણ પામ્યું હતું અને તે યુગલીણી એકલીજ હતી. તેથી વગર પરણેલી અને અને કોઇપણ રીતે સંસારના વ્યવહારમાં આવ્યા વગરની સ્ત્રી (યુગલીયણ) ને રિષભદેવ સ્વામી પરણ્યા તેને પુનર્લગ્ન કોઇ પણ પ્રકારે કહેવાઇ શકાશે ? ના, કદી પણ કહેવાઇ શકાશે નહી. પુનર્લગ્ન કોને કહેવાય છે એ તમો સારી રીતે સમજો છો એટલે તે વિશે મારે તમને વધારે સમજાવવાની જરૂર જોતો નથી એટલે કે જે સ્ત્રીએ શાસ્ત્રોકત અગર લૌકીક રીતે

૧૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક પુરૂષની સાથે લગ્ન કર્યું હોય અગર સંસાર વ્યવહારમાં જોડાઇ હોય તે વિધવા થાય અને બીજા પુરૂષ સાથે લગ્ન કરે એ લગ્નને પુનર્લગ્ન કહેવાય. રિષભદેવ સ્વામીએ જે સ્ત્રી સાથે લગ્ન કર્યું તે પરણેલી નહોતી તેમજ કોઇપણ પ્રકારે સંસાર વ્યવહારમાં પડેલી નહોતી. તેની બાલ્યા વસ્થામાં તેની સાથેનું યુગલ મરણ પામ્યું અને તે એકલી રહી. તેને પિતાની આજ્ઞાથી રિષભદેવ સ્વામી પરણ્યા એ કદાપી પણ જેનામાં થોડી પણ બુદ્ધિ હશે તે પુનર્લગ્ન કર્યું એમ કહી શકશે નહીં. યુગલધર્મ નિવારી લગ્ન કરવાનો વ્યવહારજ રિષભદેવ સ્વામીથી પ્રવર્તેલો છે તેથી તેઓ જુગલધર્મ નિવારક કહેવાય છે. માટે મી૦ જૈમલે રિષભદેવે પુનર્લગ્ન કરયું એમ જે કુયુકિત લગાવી છે તે ખોટી છે અને તેમણે પુનર્લગ્ન કર્યુંજ નથી એ વાત સિદ્ધ છે, વળી યુગલીઆ સાથે જન્મે અને સાથે મરે એવો નિયમ જે જૈમલ પદમીંગજીએ જૈનીના પક્ષ તરીકે કર્યો છે તે પણ ખોટો છે; અને વળી જુગલીઆને જન્મથીજ લગ્ન હોય છે એમ તેમણે જે મન ફાવતો તર્ક કરી લોકોને ઉલટું ઠસાવવા પગલું ભર્યું છેતે તદન ગેરવાજબી છે. લગ્ન એ શબ્દની સમજણ રિષભદેવે પાડી અને પ્રવર્તાવી અને જુગલીઆમાં લગ્ન કરવાનું હતું જ નહી તો તેને જન્મથી લગ્ન શીરીતે કહી શકાય. તો તેમનો કલ્પ હતો તે પ્રમાણે તેઓ વર્તતાં હતાં. માટે તેમનામાં લગ્ન હતુંજ નહી એ વાત સત્ય છે. તેમજ રિષભદેવ જે યુગલીયણ (સ્ત્રી) ની સાથે પરણ્યા તે તદન વગર પરણેલી તેમજ યુગલની સાથે પણ સંસાર વ્યવહારમાં આવ્યા વગરની હતી તેથી તેને કોઇપણ પ્રકારે પુનર્લગ્ન કહી સકાયજ નહીં.

વળી જુઓ હાલમાં જૈનધર્મમાં મહાન અને પ્રખ્યાત વિદ્વાન બાલચંદ્રજી મહારાજે આપેલા પ્રશ્નોના ખુલાસા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રશ્ન—જુગલીઆ સાથે જન્મે અને સાથે મરે એવો નિયમ છે કે નહી ?

ઉત્તર—એવો કાંઈ નિયમ નથી. કારણ કે તેઓનું આયુષ્ય સ્વોપક્રમી હોય છે.

પ્રશ્ન—રિષભદેવસ્વામી અને રીખભદેવની માતા મરૂદેવી જુગલીઆ કહેવાય કે નહી ?

ઉત્તર—યુગલપણે ઉત્પન્ન થયા તેથી (તે અપેક્ષાયે) યુગલીઆ કહેવાય. પરંતુ તેઓનાથીજ જુગલાધર્મ નિવારણ થયો તેથી યુગલીઆ કહેવાય નહી. કારણ કે યુગલીઆ કલ્પવૃક્ષનો આહાર કરે છે અને મરીને દેવલોકમાં જાય છે, પણ રિષભદેવ સ્વામીએ તથા મરૂદેવી માતાએ તો અન્નાદિકને પણ આહાર કર્યો છે અને કાળ કરીને મુક્તિમાં ગયા છે માટે જુગલીઆ કહેવાય નહી.

પ્રશ્ન—જુગલીઓ મરીગયો અને જુગલીઆણને રિષભદેવસ્વામી પરણ્યા તે પુનર્લગ્ન કહેવાય કે નહી ?

ઉત્તર—પુનર્લગ્ન એટલે એકવાર લગ્ન થયાં હોય તેનાં બીજી વાર લગ્ન થાય તો પુનર્લગ્ન કહેવાય. પણ જુગલીઆમાં પહેલાં લગ્ન હતાંજ નહી તો પુનર્લગ્ન આવેજ ક્યાંથી ? જુગલીઆ સાથે લગ્ન થયું નથી અને રિષભદેવ સાથે લગ્ન થયું તે પુનર્લગ્ન કેમ કહેવાય ? ઇત્યાદિ. (અર્થાત પુનર્લગ્ન નજ કહેવાય)

વાહરે ખ્રિસ્તી મિત્ર ! તમો કુયુકિત કરી પુનર્લગ્ન સત્ય ઠોકી બેસાડવા કસર રાખતા નથી પણ તે વાજબી રીતે તે કોઇ પણ પ્રકારે સાબીત થાય તેમ નથી અને તે કરવામાં ઘણુંજ પાપ છે એ સત્ય માનજો. વળી પુનર્લગ્ન સંબંધે આ નીચે દીવાળી નામની પરણેલી અને મણી નામે કુંવારી કન્યા હતી. તે બે બાઇઓનો સંવાદ આપના લક્ષમાંલેવા મુકું છું તે ધ્યાન પૂર્વક જોશો.

**દીવાળી**–કેમ મારી નાની બહેન મણી ! આજ કાલ પુનર્લગ્ન થાય છે તે તું જાણે છે ?

**મણી**—મોટી બહેન? પુનર્લગ્ન શું છે તે હું કાંઇ સમજતી નથી. મેં તો આજેજ તમારે મોઢે એવું નામ સાંભળ્યું.

**દીવાળી**–વાહ ? શું તું એટલુંએ જાણતી નથી. આજકાલ સુધારાને નામે એવો પશ્ચિમનો પવન ફુંકાય છે. તેમાં તું સમજી ન હોય તે વાત જુદી; પણ તેં સાંભળ્યું પણ ન હોય એવું તારા બોલવા ઉપરથી જણાય છે તેથી હું તાજુબ થાઉં છું.

**મણી** –ખરૂં કહું છું કે બેન એ શું છે તે વિશે હું કાંઈ સમજતી અને જાણતી નથી.

**દીવાળી**–ઠીક, લે ત્યારે હું તને તે જણાવું, સાંભળ એક વાર લગ્ન કર્યાં પછી જે સ્ત્રીનો ભરતાર મરી ગયો હોય તે સ્ત્રી બીજા પુરૂષની સાથે પરણે તેને પુનર્લગ્ન કહેવાય છે.

**મણી**—વારૂ! સમજી !! પણ પરણેલો પતિ મરી જાય ત્યારે તો સ્ત્રી રંડાય-વિધવા થાય અને વિધવા થયા પછી વળી બીજા પુરૂષને પરણે એવું તે થતું હશે ? એતો આજ સાંભળ્યું. ત્યારે કહે જોઇયે તેવું પુનર્લગ્ન કરવાથી શો ફાયદો ?

**દીવાળી**–વાહરે મારી નાની બહેન ! એટલુંએ ન સમજી ! મનમાનતો નવો ધણી કરી વિષયસુખ ભોગવીએ અને લહેર કરીએ.

**મણી**—આ તારૂં કહેવું મને ઠીક લાગતું નથી. કેમકે હું શાસ્ત્રાભ્યાસ કરૂં છું. તેમાં સ્ત્રીએ પતિવ્રતા ધર્મ સાચવવો એ સ્ત્રીનું ખરેખરૂ ભુષણ છે એમ કહ્યું છે અને પતિના મરણ પછી વૈધવ્ય ધર્મ પાળવો એમ કહેલું છે, અને તું તો નવો ધણી કરવાનું કહે છે એતે બનતું હશે. ભરતાર હયાત છતાં બીજો ન કરાય અને તેના મુઆ પછી કરીયે ત્યારે તો આપણે લીધેલું લગ્ન વખતનું પણ અને વચન ભંગ થાય તેનું કેમ ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીવાળી— એવાંવચનનો ભંગ ગણીએ તો મનમાનતું સુખ કયાંથી મેળવાય ? એમાં વચન ભંગ બંગ કાંઈ થતું નથી.

મણી—વચન ભંગ ન થાય એ તારૂં કહેવું વાસ્ત વિક નથી. માટે એક ભરતાર કર્યા પછી બીજો મનમાનતો ધણી શી રીતે થાય ?

દીવાળી—મારી બેન હજુ તું ન સમજી, જો સાંભળ. પરણેલો પતિ હયાત હોય ત્યારે તો તે આપણને રોકી શકે. વળી કાયદાની બારીકીમાં પણ આવી જવાય. માટે પતિ મ રણ પામેલો હોય ત્યારે મનમાનતો બીજો મેળવવામાં બાધ આવે નહીં; તેથી જેની સાથે આપણાં લગ્ન કર્યા હોય તેની સાથે પ્રેમ નહીં અને બીજો ધણી કરવાની ઇચ્છા થઈ તો આપણા ધણીને હરેક રીતે ઠેકાણે કરીએ કે મનના મનો રથ બીજો ધણી કરી પાર પાડી શકાય.

મણી—અરે ! મારા મનમાં પણ આવી કલ્પના તે વાત કરી ત્યારથી આવી હતી કે એવી વિષય સુખની વાંચ્છા વાળી સ્ત્રીઓ તેવા સુખની ઈચ્છાએ મનમાનતો અર્થાત પ્રા વતો ધણી મેળવવા એવું ઘાતકી કર્મ કરે, કેમકે જ્યારે તે ણીને વૈધવ્ય પ્રાપ્ત થતા અર્થાત પરણેલો પતિ મરણ પામ તાં બીજો પતિ કરવાની છુટ છે અને હયાત ધણી હોય ત્યાં સુધી બીજો કરી શકાતો નથી. તેથી જો સ્ત્રીના મનમાં બીજો મનમાનતો મેળવવા ઇચ્છા હરેક પ્રકારે પણ પરણેલા પતિ સાથે સેજ સાજ પણ નહીં ફાવતાં થઇ તો તે માઠું કામ કરવા ઉપર આવે એ સંભવિત છે. અને વળી મને તો એ વાત નિઃસંદેહ લાગે છે કે તેમ થાયજ, કેમ કે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ એવી લોક વાણી અને શાસ્ત્ર વાકય ખોટુ ન હોય અને તેથી કરીને તેવું કૃત્ય કરવાને વિષય વાસનાવાળી સ્ત્રી પાછી પડે એ નહીં માનવા જોગ છે. માટે પુનર્લગ્નનું નામ પણ મને તો સાંભળ્યું ગમતું નથી, એક તો વચન

ભંગ થાય, બીજું બુદ્ધિ બગડતાં પરણેલા પતિને ઠેકાણે પાડ વાનું મન થાય. એવા ઉગ્ર પાપનાં કારણ થવા સંભવ છે તેથી તેમજ શીયળ ભંગનું મોટું પાપોર્જન થાય માટે એ મહા દુઃખદાયી પુનર્લગ્નનું નામ સ્વપ્ને પણ સાંભળવું વા જબી નથી તો કરાય, કરવાનું કહેવાય અને કરનારને સારૂં મનાયજ કેમ ? શું જગતમાં સતી સ્ત્રીઓ થયાનું તમને માલમ નથી અને તેથીજ તેમનાં નામ મરણ પામ્યા છતાં પણ અમર રહ્યાં છે તેની શું તમને ખબર નથી. માટે હવે લેવુંનામ પણ દેશો નહીં.

તે વિશે શાસ્ત્રમાં કહ્યું છે તે સાંભળો—

॥ जलमझेमच्छपियं अवगसे पंखीयाणमयगमणं ॥
॥ जाणंति वुद्धिमंतामहिला चरीत्तं न जाणांति॥१॥

અર્થ—જળમાં માછલાંની (અને) આકાશમાં પંખીઓના પગનો સંચાર (થતો) બુદ્ધિવંતો જાણે છે, પણ સ્ત્રીના ચરિત્ર જાણી શકતા નથી. માટે ખચીત એવી પુનર્લગ્ન કરવાની જો છુટ હોય તો સ્ત્રીઓ શું શું અકાર્ય કરે એ હું કહી શકતી નથી. માટે પુનર્લગ્ન એવું નામ કાને સાંભળ્યાથી મને દુઃખ થાય છે અને પુનર્લગ્ન કરવું એ મોટું પાપ છે.

વળી શાસ્ત્રમાં આઠ પ્રકારના લગ્ન કહ્યા છે. તેમાં પણ પુનર્લગ્નનું નામ નથી માટે એ કોઈ વિષય વાસનાવાળાં સ્ત્રી પુરૂષોએ ઉત્પન્ન કરેલું મને લાગે છે. માટે એ મહા પાપમય પુનર્લગ્નનું નામ સાંભળવું નહીં અને અરિહંત ભગવાનના ઉપદેશેલા ધર્મને અનુસરવું એજ હિતકારી છે. ઈત્યાદિ. આતો કલ્પનાએ કરી સંવાદ ઠરાવ્યો છે એમાંથી સાર લેવો એજ સુજ્ઞ સ્ત્રી પુરૂષોને શ્રેયસ્કર છે, અને એજ મારી ભલામણ છે.

**ખ્રિસ્તી**—રિષભદેવ સ્વામીએ પુનર્લગ્ન કર્યું તો તમારે પણ તમારા પ્રભુના અનુસારે ચાલવું જોઈએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**જૈની**—હમારા પ્રભુએ પુનર્લગ્ન કર્યા નથી એ વિવેચન આગલ ઉપર અમો બતાવી ગયા છીએ. જે શાસ્ત્ર સિદ્ધ વાત છે તો તેમાં તમારી કુયુકિત ખપ આવશે નહીં. પુનલગ્ન કરવું એ ખોટુંજ છે એ વાત તો નિઃસંદેહ છે, અને અમાર પ્રભુ વર્ત્યા છે તે પ્રમાણે ચાલવાથીજ મોક્ષ મળનાર છે એ સત્યજ છે. પરંતુ તમો જેને પ્રભુના પુત્ર માનો છો તે વર્ત્યા હોય તેમ તમારે વર્ત્તવું જોઈએ કે નહીં, તે જરા કહેશો ?

**ખ્રિસ્તી**—હા, અમારા ઈસુએ જે જે કામ જેવાં કર્યાં હોય તે પ્રમાણે હમારે બેશક ચાલવું જોઈયે.

**જૈની**—પ્રભુએ પોતાના દીકરાને મરીયમને પેટે જન્માવ્યો તે મોટો થયો, ગામો ગામ ફર્યો અને સદાચરણ આચર્યું પણ સ્ત્રી પરણ્યો નહી અને કુંવારો રહ્યો તો તેના ચરિત્રને અનુસરીને સર્વે ખ્રિસ્તી મિત્રોએ કુંવારા રહેવું જોઈએ, પરણવું જોઇએ નહી. અને પરણે છે તે ઇસુના ફરમાનથી વિરૂદ્ધ વરતન કરે છે એમ હવે તમે ના પાડી શકો તેમ નથી. અને તેથી સર્વે પરણનાર પ્રભુના ગુન્હેગાર ઠરે છે. અને જ્યારે એકવાર પરણતાં ગુન્હેગાર ઠરે છે તો બીજીવાર અને તે વળી એક પતિ પ્રાપ્ત કરી તેના મરણ પછી વિધવા થએલી સ્ત્રીને પરણવી અને તેવી સ્ત્રીને પરણાવવા ઉપદેશ દેવો અને તેનું સારૂં માનવું એ ઇસુનો કેટલો મોટો ગુન્હો કહેવાય તેનો તમોજ વિચાર કરો. વળી જુઓ, મુસાને પ્રભુએ દેખાડેલા દસ કાયદા. તેમાં પણ પુરૂષે સ્ત્રીની સાથે લગ્ન કરવું, વળી એક ધણી મરી ગયો હોયતો બીજો ધણી કરવો એવું કાંઈ બતાવ્યું નથી. છતાં ફોકટ પ્રભુના કાયદાથી વિરૂદ્ધ ચાલી પુનર્લગ્ન કરવું કહો છો અને એને સારૂં માનો છો તે યોગ્ય નથી અને તમારા પ્રભુના કાયદાથીજ તમારા પ્રભુના તમો ગુન્હેગાર થયા બરોબર અમોને આથી પણ દીસે છે. ઇસુ કુંવારો રહ્યો તેનું શું કારણ તે આપણે

તપાસીએ તો સ્ત્રી કરવી તેમાં તે પાપ ગણતો હોવું જોઇએ અથવા તેને કોઇએ દીકરી આપી નહી હોવી જોઇએ. વળી તમે કહેશો કે પ્રભુએ તેને પરણવાની ના કહી હતી તો તે પણ કલ્પનાજ છે કેમકે તમારા શાસ્ત્રથી શાબીત થતું નથી કે મારા પુત્ર ઇશુ તું પરણીશ નહીં એવું વાક્ય પ્રભૂએ કહેલું તમારા શાસ્ત્રમાં જોવામાં આવતું નથી. ઈસુ કે જેને પ્રભુનો પુત્ર કહોછો તેને કોઈ કન્યા ન આપે એવું તો માની શકાય નહીં ત્યારે પાપ ગણીને તે પરણ્યા નહિ હશે એવા અનુમાનપર આવ્યા વિના છુટકોજ નહી. અને જ્યારે તે એકવાર અને તે પણ કુંવારી કન્યાને પરણવામાં પાપ માની પરણ્યા નહી, તો પરણ્યા પછી રંડાએલી એવી જે સ્ત્રી તેનાં પુનર્લગ્ન કરવાં એ મહા પાપના કારણને તમો સારૂ માનો એ તદન ખોટું છે. માટે મારી સર્વ ખ્રીસ્તી ભાઇઓ પ્રત્યે એજ ભલામણ છે કે એ મહા પાપના કાર્યથી દૂર રહો અને એવું અઘટીત થતું કાર્ય સારૂ ન માનો.

**ખ્રિસ્તી**—જૈમલ કહે છે કે તીર્થંકરનો એવો અતિશય છે કે સાડીપચીસ યોજન ફરતાં ઉપદ્રવ ન થાય, ત્યારે ગોશાળે ભગવાનના બે શિષ્યોને તેજોલેશ્યાથી બાળી મુકયા તેનું કેમ?

**જૈની**—તમોએ જૈનધર્મના સર્વ ગ્રંથોનું અવલોકન કર્યું છે નહી. જે માણસ સંપૂર્ણ વસ્તુ ઓળખે છે તેને કોઈ જાતની શંકા રહેતી નથી. પરંતુ વસ્તુનો થોડો થોડો ભાગ જુવે છે તેને સંપૂર્ણ વસ્તુ જ્ઞાન કદીપણ થતું નથી. તે ઉપર ગુજરાતીમાં એક કહેવત છે કે, " કયાં તો વગર ભણેલો ભલો, કયાં તો ભલો ભણેલ; અધવચરા જનથી જુઓ, બહુ બીગાડ બનેલ. " વળી આ નીચે દૃષ્ટાંતથી તમારી વિશેષ ખાત્રી થશે કે કોઇપણ વસ્તુનું થોડુ થોડુ જાણપણું હોવા છતાં તે વિશેનો અભિપ્રાય બાંધવાથી કેટલી હાની અને હાંસી થાય છે. તે એકે—

એક ગામમાં પાંચ આંધળા રહેતા હતા. તેમની પાસે એક પંડિત બ્રાહ્મણ આવ્યો. તે સમયે રાત્રીનો વખત હતો. પંડિત બ્રાહ્મણે પેલા આંધળાઓને કહ્યું કે ચાલો ગ્રામની બહાર હું તમને હાથી દેખાડું. તેઓએ તે જોવાની મરજી બતાવી એટલે તેમને દોરી પંડિત હાથી પાસે આવ્યો. પંડિતે તેઓને કહ્યું કે, આ હાથી ઊભો છે તેને હાથ લગાડી તપાસી જુઓ એટલે હાથી કેવો હોય તે તમો સમજી સકશો. આમ કહેવાથી કોઇ આંધળાએ હાથીની સુંઢ ઝાલી, કોઈએ પગ ઝાલ્યો, કોઇએ પુંછડું ઝાલ્યું, એમ હાથીનું એકેક અંગ ઝાલીને સર્વ આંધળાઓ પંડિત પાસે આવ્યા. પંડિતે પૂછ્યું હાથીને બરાબર તપાસી જોયો ? સર્વ આંધળાએ હા કહી. ત્યારે પંડિતે પુછયું કહો ભાઈ, હાથી કેવો હોય ? એકે કહ્યું કે સાંબેલા જેવો હોય, બીજાએ કહ્યું કે સુપડા જેવો હોય, એમ પાંચે આંધળાએ જુદા જુદા અંગ તપાસેલાં હોવાથી જુદા જુદા જવાબ આપ્યા; પણ હાથીનુ ખરૂં સ્વરૂપ તેઓમાંનો એક પણ બતાવી સકયો નહી. એજ પ્રમાણે જેને શાસ્ત્રનો થોડો બોધ છે, થોડાં પુસ્તકો જોયાં છે. ગુરૂગમ્યથી તેનો રહસ્ય જાણ્યો નથી, તેવા અપૂર્ણ જ્ઞાનવાળો ખરૂં તત્વ પામી શકતો નથી. અને તેથી ખોટા ખોટા તર્ક વિતર્ક તેને થયાં કરે છે. તેમાં વળી પૂર્ણજ્ઞાનીનું અભિમાન ધરાવવા રૂપ કુયુક્તિઓ કે વળી લોકોને ભ્રમમાં નાખવા જે કોસીસ કરે છે, તેને અમો શું કહીયે. પણ વિદ્વાન અને દક્ષ પુરૂષો તો તરતજ તેવી કુયુક્તિઓ સમજી કર્મની બહોળતા વિના આ મતિ ન સુજે એમ માન્યા વિના રહેનાર નથી. પ્રસંગોપાત આટલુંજ કહી તમોએ પુછેલા પ્રશ્નનો ખુલાસે આપું છું જે, ભગવાનને લોહીખંડવાડો થયો તથા બે શિષ્યને બાળી મુકયા એનો અચ્છેરામાં સમાવેશ થાય છે. માટે શંકાની જગા રહેતી નથી. જૈન શાસ્ત્રકાર સર્વજ્ઞ હતા અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમને કોઈપણ પ્રકારની લાલચ, લોભ વિગેરે હતું નહીં; તેથી યથાર્થ જે વાત જેમ હતી તેમજ બતાવેલી છે.

**ખ્રિસ્તી**–જ્ઞાતાપંચમાં કહ્યું છે કે, શેલાંગ રાજરૂષીએ ત્રણ વાર દારૂ પીધો તેનું કેમ ?

**જૈની**––પીધો તે આચાર નથી પણ અનાચાર છે. કર્મ વશે પ્રાણીઓથી અકર્તવ્ય વસ્તુ બની જાય છે અને તેથી તેનું પાપ તેને ભોગવવું પડે છે. તે કાંઇ શાસ્ત્રની આજ્ઞા નથી કે દારૂ પીવો. દારૂપીવો એ મહા પાપનું કાર્ય છે.

અકામ નિર્જરા ૪

**ખ્રિસ્તી**––અજ્ઞાનવડે તથા ઈચ્છા વિના દુઃખ ભોગવવું તેને અકામ નિર્જરા કહે છે. વળી નિર્જરાવડે જીવ કરેલાં કર્મ દુર કરીને બેરેંદ્રિય તેરેંદ્રિય વિગેરે ભવ પામતો મનુષ્ય થાય છે તેમ કહેવું ખોટું છે. કેમકે નિર્જરાવડે કર્મનું છોડવું પણ જેવા કર્મ છોડે છે તેવા સમયે સમયે સાત આઠ કર્મ બાંધે છે, એવીરીતે કર્મનો વેવાર ચાલી રહ્યો છે અને અજ્ઞાની જીવ કર્મ છોડે થોડા ને બાંધે વધારે એ વચન પણ બાધકારક છે.

**જૈની**—અજ્ઞાની જીવ પણ જેમ નદીનો પથ્થર ચોકડ ખાતો ખાતો ગોળ થઇ જાય છે. યથા પ્રવૃત્તિ કરણે કરીને અજ્ઞાની અવસ્થામાં તથા દ્રવ્યમન રહિત અવસ્થામાં પણ જન્મ મરણ કરતો જીવ કદાપી કર્મનો બંધ થોડો બાંધે છે, તેમ તેમ એકેંદ્રિયાદિકની બેરેંદ્રિયાદિક ગતિની પ્રાપ્તિ થાય છે અને યાવત મોહનીય કર્મની અગણોતર કોડા કોડી સાગરોપમની સ્થિતિ ખપાવીને એક કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાકી રાખે છે, સાત કર્મનો બંધ સમયે સમયે થાય છે. પણ આયુષ્ય કર્મનો બંધ તો એક ભવમાં એકજ સમયે થાય છે. જે સમયમાં આયુષ્ય કર્મનો બંધ થાય તે સમયમાં કાંઈ ઓછી પ્રકૃતિ બાંધતો બેરેંદ્રિયાદિકથી તેરેંદ્રિયાદિકની ઊંચી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગતિમાં જાય એ સ્વભાવથી છે. માટે કર્મનો નાશ કરી અનુક્રમે પંચેંદ્રિ થવું તથા સંપૂર્ણ કર્મનો નાશ કરવો એ પણ સર્વ સત્ય છે.

**ખ્રિસ્તી**—જૈમલ કહે છે કે, જૈનીઓએ પ્રભુને વિતરાગ વિશેષણ આપી નકામો બનાવી દીધો છે અને ઇંદ્રે પ્રભુની સ્તુતિ કરી તેમાં વિતરાગ એવું વિશેષણ આપ્યું નથી. આ વિશે શો ખુલાસો હવે તમે આપી શકવાના છો ?

**જૈની**—સાંભળો, નામમાત્ર સાધુ પણ મી૦ જૈમલને થયું. નમુથ્થુણં ભણ્યા પણ ગણ્યા નહીં, અર્થાત એનો તાત્પર્યાર્થ સમજાયો નહી અને શાસ્ત્રને બદલે શસ્ત્રરૂપ સદ્દહણા થઇ એ કર્મની વિચિત્રતા વિના બીજું શું કહી શકાય ? **नमुथ्थुणं अरिहंताणं** આદિપદ તેમાં **अरि** એટલે રાગ દ્વેશરૂપી શત્રુ તેને **हंताणं** એટલે હણનાર એ ઉપરથી ખુલ્લુંજ છે કે, રાગ દ્વેષ રહિત એવા પ્રભુ ઠર્યા, અર્થાત્ **वितराग** પ્રભુ એટલે રાગ વિનાના એવો અર્થ પ્રથમ અરિહંતાણં પદમાંથી નીકળે છે અને **अरिहंताणं** એ પદનો અર્થજ વિતરાગ થાય છે તો ફેર શા કારણથી વિતરાગ વિશેષણ નથી લખ્યું, કાંતો એટલી બુદ્ધિ પોચી નહીં અગરતો જાણી બુજી લોકોને અવળાપાટા બંધાવાનો પ્રયત્ન કરી પોતાની તુલ્યના કરાવી આ બેમાંથી એકનીતો તેમનાથી ના પાડી શકાશે નહીં. એવું જુઠું કહેવું તે શું ઠીક કોઈ કાળે પણ કહેવાશે. વળી જુઓ, **जय वीअराय जगगुरु** એ પદનો એમાં "જગતના ગુરૂ એવા વિતરાગ ભગવાન જયવંતા વર્તો" એ સ્પષ્ટપદ કહ્યું છે માટે વિતરાગ પદ સત્યજ છે. વળી જગત કર્ત્તા ઈશ્વર માનવો જોઇયે એવું હમારા કોઇ પણ ગ્રંથમાં છે નહી તો નીકળે કયાંથી. ઇશ્વર કર્ત્તા છેજ નહી માટે જગત કર્તા ઇશ્વર માનવામાં જેજે વિરોધ આવે છે તે તે સર્વ પહેલા લખી બતાવ્યા છે ત્યાંથી જોઇ એવો

જો ભ્રમ તમને પડેલો છે તે દુર કરી સર્વજ્ઞ પ્રણિત્ત અનાદિ સર્વ સિદ્ધ શ્રી જૈનધર્મ અંગીકાર કરી આ મનુષ્ય જન્મ સફળ કરી મુક્તિ પદ ભવ્યજીવો પામો.

મી૦ જૈમલે તેના પુસ્તકમાં જેજે શંકાઓ ઊઠાવી કુયુક્તિ જાળ ગુંથી છે તેને દરેક ઉપર ઘણું ઘણું વિવેચન કરવાનું અને લખવાનું છે, પરંતુ ગ્રંથ ગૌરવતાના ભયને લીધે ટુંકમાંજ અહી દર્શાવ્યું છે. જે કોઈને વિશેષ એ સંબંધ ખુલાસો લેવા જાણવાની ઇચ્છા હોય તેઓએ વિદ્વાન પુરૂષોની રૂબરૂમાં મળવાથી ઘણી ખુશીની સાથે બતાવવામાં આવશે.

मणिर्लुठतुपादाग्रेकाचः शिर सीधार्यतां परिक्षककर प्राप्तः काचः काचः माणर्मणि ॥

માધ્યસ્થ દ્રષ્ટીયુક્ત માધ્યસ્થ પુરૂષોજ ધર્મની પરીક્ષા કરી શકે છે.

હવે હું ગ્રન્થના અંતમાં અરિહંત ભગવાનની સ્તુતિ કરૂં છું કે હે ભગવાન ! આ પંચમ કાળમાં પંચઝેર ભેગાં થયાં છે. જ્ઞાની પુરૂષોનો વિરહ પડયો પણ આપના મુખથકી નીકળેલી જે સિધાંતરૂપ વાણી ભવિક જીવોના હૃદયમાં આપના પ્રતાપથી વાસ કરો અને કપોલ કલ્પિત ધર્મ એવું નામ અને અધર્મ ભૂત જે અંધારૂં તે ભવિક જીવોના હૃદયમાંથી દૂર જાઓ. इत्यलंविस्तरेण

હવે ગ્રંથની સમાપ્તીમાં જે જે મુનિરાજોએ શ્રમ લીધો છે તેમના નામપૂર્વક તેમનો આભાર માનુ છું આ પુસ્તક તૈયાર કરવાના અવસરે મુનિરાજ મોહનલાલજી શિષ્ય મુનિ રાજ પ્રતાપમુનિજી તથા મુનિરાજ સુખસાગરજીના શિષ્ય મુનિરાજ બુદ્ધિસાગરજીએ ઘણોજ સહાય કરી છે માટે આ પ્રસંગે તેમનો આભાર માનુ છું.

આ પુસ્તક આદ્યંત તપાસી જેના માહાન પ્રખ્યાત પંડિત પ્રવર બાલચંદ્રજી મહારાજે જે શ્રમ લીધો છે તેમનો આ સ્થળે ઉપકાર માની આ ગ્રંથ સમાપ્ત કરૂં છું.

સમાપ્ત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust